# ઈશ્વરની અજબ કૃપા

વિલિયમ મેકડોનાલ્ડ

Authentic™
HYDERABAD

*Ishwar ni Ajab Krupa*
(Gujarati)

God's Amazing Grace
by William MacDonald

First Gujarati edition 2014

ISBN: 978-93-83691-57-9

All rights reserved.
No part of this publication may be reproduced in any form or by any means, electronic, or mechanical, including photocopying, recording, or any information storage and retrieval system, without permission in writing from the publisher.

Published by
Authentic Books
Logos Bhavan, Suchitra Junction, Secunderabad 500 067, Telangana.
www.authenticindia.in

Authentic Books is an imprint of Authentic Media (India), the publishing division of OM Books Foundation.

Printed and bound in India by
Authentic Media, Secunderabad 500 067

# સામગ્રી

| | |
|---|---|
| ૧. અજબ કૃપા | 9 |
| ૨. અનોખો ઉકેલ | 13 |
| ૩. હાલ જ સુવાર્તા | 21 |
| ૪. દેવનું મન - અચકાતી કૃપા | 25 |
| ૫. કૃપાની કદર કેવી રીતે કરવી | 31 |
| ૬. એક "સુવાર્તા" જે માઠા સમાચાર છે | 51 |
| ૭. ખરા વિશ્વાસીને કહેવું સરળ છે | 63 |
| ૮. તમારી બોલી તમને ઠગે છે | 69 |
| ૯. કરણીઓ સાથે ખોટું શું છે? | 73 |
| ૧૦. આ સવાલનો મને જવાબ આપો | 75 |
| ૧૧. કૃપાનો ગેરવહીવટ અને દુરુપયોગ | 83 |
| ૧૨. દેવ કેવી રીતે પવિત્રતા ઉત્પન્ન કરે છે | 87 |
| ૧૩. આખા માર્ગે કૃપા | 95 |
| ૧૪. હવે પુનઃદ્રષ્ટિ કરીએ | 99 |

# અજબ કૃપા

વ્યથિત બાળપણ અને જુવાની પછી જોન ન્યુટન પોતાના પિતાના ભૂમધ્ય વ્યાપારના વહાણામાં જોડાઈ ગયો. તે અનૈતિક્તા, લંપટતા અને નાસ્તિકતાના ખાડામાં ડૂબી ગયો. કોઈકે કહ્યું હતું કે તે પોતાનું રટણ કર્યા વગર બે કલાક સુધી શાપ અને સોગંદ બોલી શક્તો હતો. પોતાના પિતાના કાઢી મૂક્યા પછી તે ગુલામોના વહાણો પર કામ કરવા લાગ્યો જ્યાં તે પોતે ખરેખર પોતાના માલિકની આફ્રિકન પત્નીનો ગુલામ બની ગયો હતો.

સમુદ્રમાં વિનાશક તોફાન વખતે લગભગ જ્યારે તેનો અંત થઈ જવાનો જ હતો તે વખતે તે પ્રભુ તરફ ફર્યો અને પાછળથી તે સુવાર્તાનો સેવક બન્યો, જેનો તે તિરસ્કાર કરતો હતો.

તારણનો તેનો વ્યક્તિગત અનુભવ આ ખૂબ પ્રેમાળ ભજનમાં જતન કરાયો છે. અદ્‌ભૂત પ્રભુ દ્વારા આ ભજન તે સમયના પ્રચલિત સંગીત વર્તુળોની સૂચિમાં સૌથી મોખરે થયું હતું. એવા લોકો મધ્યે કે જેઓ દેવની અજબ કૃપા વિશે અજાણ હતા.

અજબ કૃપા! કેવી મધૂર લાગે,
જેણે મારા જેવા અધમને તાર્યો!
એક વખત હું ખોવાયેલો હતો પણ હાલ જડ્યો છું,
અંધ હતો પણ હવે જોઈ શકું છું!
એ કૃપા હતી જેણે મારા હૃદયને ભય શીખવ્યો,
કૃપાથી મારો ભય ટળ્યો
કેવી મૂલ્યવાન લાગે છે કૃપા
જે ક્ષણે મેં પ્રથમ વિશ્વાસ કર્યો.
ઘણા જોખમો, પરિશ્રમો અને ફાંદાઓ
જેમાંથી હું પસાર થયો
આ કૃપાએ મને સુરક્ષિત પાર ઉતાર્યો
અને કૃપા મને ઘરે દોરશે
જ્યારે દસ હજાર વર્ષો સુધી ત્યાં હોઈશ
સૂર્યની જેમ તેજ પ્રકાશતો
આપણી પાસે દેવની સ્તુતિ કરવાને થોડા દિવસો નથી
જ્યારે આપણે પ્રથમ આરંભ કરીશું.

# 1

# અજબ કૃપા

દેવને સમસ્યા હતી. સારું ખરી રીતે નહિ. મહાન ઈશ્વર અતિ સમર્થ અને જ્ઞાની છે કે તેને સમસ્યાઓ હોય શકે. તે માત્ર તેનો ઉકેલ લાવે છે. પણ આપણને એવું લાગે છે કે માણસજાતના તારણ માટે તેની યોજના બનાવવામાં તેને સમસ્યા થઈ લાગે છે. જ્યારે આપણે કહીએ કે તેને સમસ્યા છે તો આપણે માત્ર દેખીતી માનવી ભાષા નો ઉપયોગ કરીએ છીએ.

હવે આપણે સ્પષ્ટ કર્યું છે કે સમસ્યા શું છે? ખરેખર, તો તે દેવનો મહાન લક્ષણોમાંના બે જોતા એવું લાગે છે - તેનો પ્રેમ અને તેનું ન્યાયીપણું.

એક હાથે ઈશ્વર, પ્રેમનો ઈશ્વર છે તે લોકોને અનુકંપાસહિત પ્રેમ કરે છે. તે તેના પુરસ્કૃત કાર્ય છે. સર્વ અજાયબ સર્જનમાં માનવતાથી તે વિશેષ આનંદ પામે છે. તેને આખી અનંતતા માટે સર્વ પુરુષ તથા સ્ત્રી, છોકરાં તથા છોકરીઓની ગાઢ મિત્રતા તથા સંગત જોઈએ છે.

પણ સમસ્યા એ હકિકતમાંથી ઉદ્‌ભવે છે કે આપણે સર્વ પાપી છે. અને દેવ ન્યાયી છે. તે પાપને માન્યતાથી દેખતો નથી. તે પાપ પ્રત્યે આંખઆડા કાન અથવા આંખમીંચાણા અથવા દુર્લક્ષ સેવતો નથી. પાપને શિક્ષા થવી જોઈએ અને પાપનું વેતન મૃત્યુ છે. જો પાપીઓ સદા માટે દેવ સાથે સ્વર્ગમાં રહેવાના હોય તો તેમના પાપ કોઈક રીતે દૂર કરવામાં આવે. દંડની ચૂકવણી થવી જોઈએ. દેવની સાથે રહેવા લોકોએ સાફ અને શુધ્ધ હોવું જોઈએ.

તેથી હવે તમને ગંભીર સમસ્યા છે. એક બાજુ ઈશ્વર પ્રેમ છે અને તેનો પ્રેમ ઈચ્છતો નથી કે કોઈનો પણ નાશ થાય. તે કોઈનો પણ અનંત નાશ ઈચ્છતો  નથી. તે ઈચ્છે છે કે દરેક વ્યક્તિ સ્વર્ગનો વૈભવ અને આનંદ સદા, સદાકાળ માણે.

પણ ઈશ્વર પ્રકાશ છે તેનું ન્યાયીપણું માંગ કરે છે કે પાપીઓના પાપની કિંમત ચૂકવવામાં આવી હોય. તે દરેક ભ્રઉં, વિચાર, વાણી અને વર્તન માટે સંપૂર્ણ સંતોષકારક માંગ પૂરી થયેલ હોય. કોઈ પણ માફી ન પામેલ પાપી ક્યારેય સ્વર્ગમાં પ્રવેશી શકશે નહિ.

હવે ઈશ્વર એવી કેવી તારણની યોજના બનાવે છે જે તેનો પ્રેમ સંતોષી શકે અને છતાં તેનું ન્યાયીપણું કોઈ પણ સમાધાન કરતું ન હોય? તે એક જ સમયે ન્યાયી ઈશ્વર અને તારનાર કેવી રીતે હોઈ શકે? તે નાસ્તિક પાપીઓને માફ કરે છે તો પણ તે કેવી રીતે ન્યાયી ઈશ્વર છે ? તે એક મર્મ છે.

પ્રખ્યાત ગ્રીક તત્વજ્ઞાની સોક્રેટીસે એકવખત પ્લુટોને કહ્યું, પછી તેના શિષ્યોને પણ કહ્યું હતું, “એવું છે કે ઈશ્વર પાપોની માફી આપે છે પણ મને માલૂમ પડતું નથી કે કેવી રીતે”

# કોઈ પણ તારણની યોજના માટે સાત જરૂરિયાતો

જ્યારે ઈશ્વરે પતિત થયેલ માનવજાતને છોડાવવાનો નિર્ણય કર્યો તે અવર્ણનિય કૃપાનું કૃત્ય હતું. પણ એક વખત જ્યારે તેણે નિર્ણય કર્યો તેણે એવી યોજના બનાવવી પડે જે તેના પ્રેમ અને તેની પવિત્રતાને પૂર્ણ સંતોષી શકે. તે દરેકને પ્રેમ કરે છે ત્યારે તેનું તારણ:

- સર્વ માટે હોય તે ઈચ્છતો નથી કે કોઈપણ બાકાત રહી જાય.
- સર્વ માટે પૂરતું હોય. તે દરેક વ્યક્તિની જરૂરતને અબાધીત સંતોષતુ હોય.
- એવું કે દરેક વ્યક્તિ તે માટે લાયક હોય. કોઈ પણ જાતની દુઉંતાને લીધે કોઈ પણ તેમાં ભાગ લેવામાંથી બાકાત રહી ન જાય.
- સર્વને સમજવા સરળ હોય. બીન સમજપાત્ર બાબત તેમાં સામેલ કરવાની જરૂર નથી.
- કોઈપણ તેને પ્રાપ્ત કરી શકે સાચા ધર્મમાં એવી કોઈ શરતો ન હોય જે કોઈ પૂરી કરી ન શકે.
- તેમાં માનવીય અભિમાનની શક્યતા ન હોય. ગર્વ એ મુખ્યજન્ય પાપ છે. અને સ્વર્ગમાં કોઈ ગર્વ નહિ હોય. અભિમાનને બાકાત રાખવા દરેક વ્યક્તિને સ્વર્ગ માટે એ જ યોગ્યતા હોય.
- છતાં યોજના એવી હોય કે જેને દેવ વ્યક્તિની ઈચ્છા વિરુધ્ધ બળજબરી ન કરે.

# 2

# અનોખો ઉકેલ

દિવ્ય મર્મ માટે માત્ર એક જ ગર્ભિત ઉકેલ છે તે અવેજી તરીકે વચનમાં રહેલો છે. લોકોના પાપો માટે દંડની ચૂકવણી કરવા અનુરૂપ અવેજ કોઈક રીતે શોધવો પડે. આપણામાંનાં મોટાભાગના અવેજના વિચારથી પરિચિત છે. અમુક રમતોમાં, નિરિક્ષક કોઈ ખેલાડીને બદલે કોઈ બીજાને અવેજ તરીકે મૂકે છે. જૂના કરારના સમયમાં સરેરાશ હિબ્રૂ વિશ્વાસીઓ અવેજી વિશે સમજ્યા હતાં. જ્યારે તે પ્રાણીને બલિદાનની વેદી આગળ લાવીને તેના માથા ઉપર હાથ મૂકે ત્યારે તે એ ચિત્ર રજૂ કરે છે કે એ અવેજી પર તેના પાપ તબદિલ થયા છે. અને તેના સ્થાને તે મરણ પામશે.

હા, દૈવિય મર્મનો ઉકેલ એ છે કે પાપી મનુષ્યનાં સ્થાને અવેજ મરણ પામે. અને અહિંયા પણ એ અવેજીએ તે શરતો પરિપૂર્ણ કરવી જોઈએ.

## અવેજીએ પાંચ પરિક્ષા પસાર કરવાની હોય છે

- અવેજ મનુષ્ય હોવો જોઈએ. નહિ તો લેવડદેવડ યોગ્ય અથવા સમાન ન રહે.
- તે પાપરહિત વ્યક્તિ હોવો જોઈએ નહિ તો તેણે પોતાના જ પાપ માટે મરવું પડે.
- તે દેવ હોવો જોઈએ માત્ર અમર વ્યક્તિ અગણિત લોકોના અગણિત પાપો માટે પ્રાયશ્ચિત કરી શકે. અવેજનું મૂલ્ય એટલું હોવું જોઈએ કે તે સમસ્ત માનવજાતના પાપોને ઢાંકવાને પૂરતું હોય. - ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય.
- તેણે પોતાનું રક્ત વહેવડાવવું પડે કારણ કે દૈવિય નિયમે ઠરાવ કરેલ છે કે રક્ત વહેવડાવ્યા વગર પાપોની માફી નથી. રક્તમાં જીવ છે તેથી જીવને બદલે જીવ.
- તે સ્વેચ્છાથી મરણ પામવા તૈયાર હોવો જોઈએ. નહિ તો શેતાન દેવ ઉપર નાસ્તિક પાપીઓ માટે બિનસ્વૈચ્છિક બલિને અન્યાયીપણે ફરજ પાડવાનો આરોપ મૂકે.

## ઈસુ સર્વ માંગને પરિપૂર્ણ કરે છે

સૃષ્ટિમાં એકમાત્ર વ્યક્તિ જે આ શરતો પરિપૂર્ણ કરે છે, તે છે ઈસુ ખ્રિસ્ત.

- તે માણસ તરીકે બેથલેહેમમાં કુંવારી મરિયમ દ્વારા જન્મ્યો. તે સંપૂર્ણ માણસ હતો.[1] એક મહાન ખ્રિસ્તી ભજન લેખક ચાર્લ્સ વેસ્લી આ રીતે મૂકે છે, "આપણો દેવ ટૂંક સમયમાં કરાર કરીને સમજશક્તિ બહાર માનવ બન્યો."

- તે પરમેશ્વર છે.[૨] તેને દેવના ગુણો છે, દેવની ઉપાધિઓ છે અને ઈશ્વર પિતાની સમાનતામાં છે.
- તે પાપરહિત છે નોંધનો નકાર કરી ન શકાય તેણે પાપને જાણ્યું નહિ. તેણે પાપ કર્યું નહિ અને તેનામાં કોઈ પાપ નથી.[૩]
- તેણે કાલવરીના વધસ્તંભ ઉપર પાપીઓની અવેજી માટે પોતાનું રક્ત વહેવડાવ્યું. સંખ્યાબંધ લોકોએ દેવના દીકરા પ્રભુ ઈસુ ખ્રિસ્તના રક્ત માટે પોતાને ઉપલભ્ય બનાવ્યા છે જે સર્વ પાપોથી શુધ્ધ કરે છે.[૪]
- તેણે તે સ્વેચ્છાથી કર્યું જેથી પાપીઓનો બચાવ થાય. કોઈ અનિચ્છા અથવા પાછું રાખવાની બાબત ન હતી. તેના બદલે ઉલ્લાસસહિત દેવની ઈચ્છાને સોંપણી હતી.[૫]

આપણા અવેજ તરીકે ખ્રિસ્તની સત્યતા આખા બાઈબલમાં મળી આવે છે. યશાયાએ હિંમતથી ઘોષણા કરી, "ખચીત તેણે આપણા દરદ માથે લીધા છે, ને આપણા દુ:ખ વેઠ્યાં છે.... આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણા પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે..... અને યહોવાએ તેના પર આપણ સર્વના પાપનો ભાર મૂકયો છે."[૬] યોહાન બાપ્તિસ્ત પોકારી ઊઠ્યો, "જુઓ, દેવનું હલવાન કે, જે જગતનું પાપ હરણ કરે છે."[૭] અજાયબીમાં ગરકાવ થયેલો પ્રેરિત પાઉલ કહે છે, "દેવના દીકરાએ.... મને પ્રેમ કર્યો અને મારા માટે પોતાનું સ્વાર્પણ કર્યું."[૮] પિતરે પોતાની સાક્ષી ઉમેરી: "લાકડા પર તેણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધા.[૯] અને પ્રેમના પ્રેરિતને બાકાત ન રાખતા ખાતરી આપે છે, તે આપણાં પાપનું પ્રાયશ્ચિત છે, અને કેવળ આપણાં જ નહિ પણ આખા જગતના પાપનું તે પ્રાયશ્ચિત છે."[૧૦]

## સર્વ રીતે દેવની તારણની યોજના ખરી ઉતરે છે

પ્રભુ ઈસુ સંપૂર્ણપણે બલિદાનની અવેજીની સર્વ આવશ્યક્તાઓ પરિપૂર્ણ કરે છે, ત્યારે દેવે તારણનો પોતાનો અજાયબ માર્ગ જાહેર કરી શકે છે, પોતાની કૃપાની સુવાર્તા. જેઓ પોતાના પાપોનો પસ્તાવો કરે છે અને વિશ્વાસના ચોક્કસ કૃત્યો દ્વારા તેના દીકરાને પ્રભુ અને તારનાર તરીકે સ્વીકારે તેને તે તારણની ભેટ મફત આપે છે.

- નોંધ રાખો કે આ તારણ સર્વ માટે ઉપલબ્ધ છે. સુવાર્તા કહે છે, "જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ અનંતજીવન પામે."[११] જો નાણાં ઉપર તેનો આધાર હોય તો ગરીબ બાકાત રહી જાય.
- સર્વને માટે પૂરતું છે,[१२] આ અમર તારકના મરણમાં આખા જગતના પાપો માટેના પ્રાયશ્ચિત કરવાનું સામર્થ્ય રહેલું છે. તે દૈવિય રીતે યોગ્ય છે.
- દરેક વ્યક્તિ તેને પાત્ર છે. કેમ કે દરેક વ્યક્તિ પાપી છે[१३] તે તેની અયોગ્યતા છે જે કોઈને પણ દેવના તારણને માટે લાયક બનાવે છે એ સારી બાબત છે. અનંતજીવનની ભેટ માત્ર બૌધ્ધિક, ધનવાન, સારા દેખાવડા અથવા પ્રખ્યાત લોકો માટે જ નથી. આપણામાંના અમુક ક્યારેય લાયક નહિ બને. જો કદાચ કોઈ વાંચી શકનાર, ઊંચે ચઢનાર, બોલી શકનાર, અથવા જોઈ શકનાર માટે હોત તો અમુક લોકો બાકાત રહી જાત. માત્ર સુવાર્તા જ આખા જગતને અનુરૂપ છે.
- કોઈ પણ વ્યક્તિ સમજી શકે તેવી સરળ હોય, કોઈ પણ વ્યક્તિ એટલું અણઘડ અથવા અભણ નથી. સુવાર્તામાં ઈસુ કહે છે "આવો"[१४] આના વિશે કંઈ ગૂંચવડો નથી. વિલિયમ ડાઉપર આ રીતે મૂકે છે,

"ઓ! સ્વર્ગના સરળ કૌશલ્યહિન, બોજવિહિન, આયોજન કરતા માણસના કાર્યો કેવા જટિલ છે."

- કોઈ પણ વ્યક્તિ પ્રાપ્ત કરી શકે.[૧૫] તારણ પસ્તાવા દ્વારા છે, તે કોઈ પણ વ્યક્તિ કરી શકે છે. તે વિશ્વાસ દ્વારા છે કોઈ પણ વ્યક્તિ પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરી શકે છે. કોઈ પણ વ્યક્તિ તેના જેટલો યોગ્ય નથી અને સર્જન પોતાના સર્જક પર ભરોસો કરે તેનાથી બીજું કોઈ મોટું કારણ નથી.
- કૃપા અભિમાનને બાદ કરે છે. તે કહે છે, "મેં બધા જ પાપ કર્યા. ખ્રિસ્તે બચાવવા બધું જ કર્યું. હું તેની યોગ્યતાનો દાવો કરું છું નહિ કે મારી પોતાની. હું જે છું અથવા તો મેં જે કર્યું છે તેને લીધે સ્વર્ગમાં પ્રવેશવાનો કોઈ અધિકાર નથી. ખ્રિસ્ત એકલો જ મારો પાસપોર્ટ છે." જો કોઈક રીતે આપણે પોતાની પરિપૂર્તિ દ્વારા અથવા આપણા અંદાજીત સારા ચરિત્ર દ્વારા સ્વર્ગ મેળવી શકતા હોત તો આપણે અભિમાનમાં ગરકાવ થઈ શકતા હતા. અને અભિમાનનું એક માપ હોત અને દરેક વ્યક્તિ એકબીજા કરતા શ્રેષ્ઠ કરવાનો પ્રયત્ન કરત. સ્વર્ગનું ચિત્ર સતત ચડસાચડસીનું, તકરાર, વેર, અદેખાઈ અને સ્પર્ધાનું બની જાત. ચકસ્મિથ આ રીતે વર્ણન કરે છે, "હું ત્યાં બેસીને એમ ન કહેતો હોત કે હું સાંભળું છું તમે તમારી કથા મને સંભળાવો અને સાંભળીને મારા પોતામાં એવો વિચાર કર્યો હોત કે ઓહ કેટલું કંટાળાજનક છે! પણ તેના બદલે મેં વિચાર્યું હોત કે તેણે બંધ કરી દેવું જોઈએ કે હું તેને મારા વિશે જણાવત કે કેટલો અદ્ભૂત હું છું."[૧૬] ત્યારે તો તે જરાય સ્વર્ગ ન રહે.
- માણસને દેવનું રાજ્ય સ્વીકારવા ફરજ પાડી ન શકાય.[૧૭] સર્જનહારે તેને સ્વતંત્ર નૈતિક માધ્યમ બનાવ્યો છે. કદાચ વિચિત્ર

લાગતું હશે પણ દરેક વ્યક્તિને બચવાની ઈચ્છા નથી. ઈશ્વર કોઈની ઉપર સ્વર્ગને જબરદસ્તી ઠોકી બેસાડતો નથી. તે કોઈને પણ તેની અથવા તેણીની ઈચ્છા વિરુધ્ધ સ્વર્ગમાં લેતો નથી. તમે એ ચોક્કસ જાણી શકો છો કે જબરદસ્તીથી, ઘાતકતાથી અથવા ક્રૂરતાથી કોઈ પણ ધર્મની વૃધ્ધિ કરવી તે સાચો ધર્મ નથી.

તેથી આપણે જોઈ શકીએ છીએ કે તારણ આપવાનો દેવનો માર્ગ સંપૂર્ણ છે. તે દેવની જરૂરિયાતને સંતોષવાની જરૂરી શરતો પરિપૂર્ણ કરે છે અને તેજ સમયે સર્વ મનુષ્યો માટે ઉપલબ્ધ છે. વધસ્તંભ પરનું ખ્રિસ્તનું કાર્ય દેવને પોતાનો પ્રેમ પોતાના ન્યાય સાથેના સમાધાન વગર પોતાનો પ્રેમ સંપૂર્ણપણે કાર્યરત કરવા સમર્થ કરે છે. ગીતકર્તા કાવ્યાત્મક રીતે કહે છે :

> "દયા અને સત્યતા એકબીજાને ભેટયા છે,
> ન્યાયીપણાએ તથા શાંતિએ એકબીજાને ચુંબન કર્યા છે."[૧૮]

ઈશ્વરનું ચરિત્ર આપ્યાથી અને માણસની પાપમયતા આપ્યાથી એ સ્પષ્ટ છે કે તારણનો તે જ એક માત્ર શક્ય માર્ગ છે. લોકો બીજી કોઈ પણ રીતે ક્યારેય બચી શકે નહિ.

મેક્સ લુકાડો નિર્દેશ કરે છે :

વિશ્વનો કોઈ પણ ધર્મ એવો સંદેશ આપતો નથી. બીજા સર્વ કઠોર પરિપૂર્તિની, યોગ્ય બલિદાનની, ખરા ઉચ્ચારણોની, યોગ્ય વિધિઓની, યોગ્ય સમાજવ્યવસ્થાની અથવા અનુભવની માગણી કરે છે. વ્યાપાર તથા લેવડદેવડનું રાજ્ય તેમનું છે. તમે આ કરો અને દેવ તમને પેલુ આપશે.

> પરિણામ શું? અભિમાન અથવા ભય, જો તમે પ્રાપ્ત કર્યું છે તો અભિમાન, જો તમે પ્રાપ્ત નથી કર્યું તો ભય.

ખ્રિસ્તનું રાજ્ય બિલકુલ આની વિરુધ્ધનું છે ગરીબો માટેનું રાજ્ય છે. એવું રાજ્ય જ્યાં સભ્યપદ ખરીદાતું નથી પણ માન્ય કરવામાં આવે છે. તમને "દત્તક" લેવાય છે. અને આ ત્યારે કરવામાં આવતું નથી જ્યારે તમે પૂરતું કરતા હોવ પણ ત્યારે કે જ્યારે તમે સ્વીકારો છો કે તમે પૂરતુ કરી શકતા નથી. તમે કમાઈ શકતા નથી, માત્ર તમે સ્વીકારો છો. તેના પરિણામ સ્વરૂપે તમે અભિમાન અથવા ભયથી સેવા કરતા નથી પણ આભારવૃત્તિને કારણે કરો છો.[૧૯]

જોન મેક આર્થર સહમત થાય છે કે આખરે આખા વિશ્વમાં માત્ર બે પ્રકારના જ ધર્મો છે:

> દરેક જૂઠા ધર્મો માનવીય દ્વારા અથવા શેતાન દ્વારા આયોજીત હોય છે. જેમાં માનવીય ધોરણોનો ધર્મ હોય છે. મૂર્તિપૂજક, માનવતાવાદી, જીવારોપણવાદ ધર્મો અને જૂઠું ખ્રિસ્તીપણું પણ આ ક્રમમાં આવી જાય છે. લોકોએ ન્યાયીપણું પ્રાપ્ત કરવા અથવા દેવને પ્રસન્ન કરવા, કૃત્યો કરવા ઉપર કેન્દ્રિત હોય છે.
>
> બાઈબલનું ખ્રિસ્તીપણું એક માત્ર દૈવિય સિધ્ધિઓનો ધર્મ છે. અન્ય ધર્મો કહે છે, "આ કરો" ખ્રિસ્તીપણું કહે છે "એ થઈ ગયું છે." (યોહાન ૧૯:૩૦) અન્ય ધર્મો પાપનું પ્રયશ્ચિત કરવા શ્રધ્ધાળું વ્યક્તિએ અમુક પ્રકારની લાયકાતો પૂર્ણ કરવાની હોય છે. જેથી તે દેવને પ્રસન્ન કરી શકે અથવા સ્વીકૃત થવા માટેનો ધ્યેય પ્રાપ્ત કરી શકે. શાસ્ત્ર કહે છે કે ખ્રિસ્તે વિશ્વાસ કરનાર પાપી વતી એ યોગ્યતા પ્રાપ્ત કરી છે.[૨૦]

સ્પર્જન પૂછે છે :

કોણ એવું વિચારી શકે અથવા કરી શકે કે ન્યાયી રાજા અન્યાયી બંડખોરો માટે મરણ પામે? આ કોઈ માનવીય દંતકથા અથવા કાવ્યાત્મક કલ્પનાનું સ્વપ્નોનું શિક્ષણ નથી. પ્રાયશ્ચિતની આ પધ્દ્ધતિ તેની હકિક્તના કારણે માણસોમાં જાણીતી છે. કલ્પનાઓ દ્વારા આયોજન થયું નથી. દેવે પોતે તેને ઠરાવ્યું છે. તે કોઈ એવી બાબત નથી કે જેની કલ્પના કરી શકાય.[૨૧]

# 3

# હાલ જ સુવાર્તા

કરણીઓ વગર કૃપા દ્વારા તારણના વિષય પર બાઈબલમાં કદાચ સ્પષ્ટ કલમો રોમન ૪:૪-૫ છે :

> હવે કામ કરનારને જે વેતન મળે છે તે કૃપારૂપ ગણાતો નથી
> પણ હકરૂપ ગણાય છે પણ જે માણસ પોતે કરેલાં કામ પર નહિ,
> પણ અધર્મીને ન્યાયી ઠરાવનાર પર વિશ્વાસ કરે છે તેનો
> વિશ્વાસ તેને લેખે ન્યાયીપણાને અર્થે ગણવામાં આવ્યો છે.

આ કલમોમાંના સત્યો ઉપર ધ્યાન કરો :

જ્યારે વ્યક્તિ કામ કરે છે, તેને વેતન પ્રાપ્ત થાય છે. ત્યારે તેને કામ પર રાખનારે જે વાયદો કર્યો હોય તે જ તેને પ્રાપ્ત થાય છે. તે દેવું છે કૃપા નહિ.

દેવના તારણ સાથે આવી કોઈ બાબત નથી. જેઓ કામ કરતા નથી તેઓને દેવ બચાવે છે તે આંચકો આપતું હોય તેમ લાગે છે.

એટલે કે જેઓએ તારણ કમાવવાનો કોઈ પ્રયત્ન કર્યો નથી અથવા જે લાયક નથી તેઓ મફત ભેટ તરીકે તેને પ્રાપ્ત કરે છે. માત્ર કામ કરવાનું ટાળવા દ્વારા જ વ્યક્તિ દેવના આશ્રયમાં પ્રવેશ કરી શકે છે.[૨૨]

બીજો આંચકો એ છે કે તે માત્ર અધમ લોકોને બચાવે છે. સારા લોકો નહિ, એવા લોકોને નહિ જેઓ પોતાનું શ્રેષ્ઠ કરે છે પણ એવા લોકોને કે તેઓ કબૂલ કરે છે કે અમે અધમ છીએ. બીજા શબ્દોમાં એવા લોકો કે જેઓ પસ્તાવો કરે છે.

'વિશ્વાસ' શબ્દ ઉપર ધ્યાન આપો. જે કટોકટી ભર્યો છે. વિશ્વાસ કરવો એટલે ઈસુ ખ્રિસ્તને પ્રભુ અને તારનાર તરીકે કબૂલ કરવા. તેનો અર્થ છે કે પોતાના પાપ માટે તેણે દંડ ચૂકવ્યો છે તે સ્વીકારવું. તેનો અર્થ છે કે સ્વર્ગ માટે માત્ર તે એક જ છે તે આશા રાખવી તેવો આધાર તેની ઉપર રાખવો. શાસ્ત્રની સુમેળયુક્ત સાક્ષી એ છે કે ખ્રિસ્તમાં વિશ્વાસ દ્વારા તારણ છે.[૨૩]

જ્યારે વ્યક્તિ તેનામાં વિશ્વાસ કરે છે તેનો બચાવ થયો છે. અને તે કોઈ લાગણી દ્વારા નહિ પણ તે દેવના ક્ષતિરહિત વચન દ્વારા જાણી શકે છે.

## ખાલી હાથે આવો

તારણ પામવા માટે વ્યક્તિએ કોઈ પણ આશા ત્યજવી જોઈએ, માત્ર સ્વબચાવની જ નહિ પણ પોતાના પ્રયત્નથી તારણ માટે આપવાના ફાળાની પણ આશા ત્યજવી જોઈએ. વિવિધ ભજન લેખકો સારી રીતે બોલે છે. ઉદાહરણ માટે ટોપલેડીનું "રોક ઓફ ધ એજીસ" ક્લાસીકને લઈએ:

મારા હાથોના શ્રમથી
ન થઈ શકે તારા નિયમની પૂરી માંગ
મારો આવેશ જાણે નહિ આરામ
મારા આંસુ રહે સદા વહેતા
આ સર્વ કરી ન શકે મારા પાપોનું પ્રયશ્ચિત
માત્ર તું મને બચાવ અને એકમાત્ર તું.

હાથોમાં લઈને ન આવું કશું
તારા વધસ્તંભને હું માત્ર વળગું
વસ્ત્ર ધારણ કરવા તારી પાસે આવ્યો નગ્ન
નિસહાય, કરીને દષ્ટિ તારી કૃપાની
ગંદો હું શુધ્ધ થવા ઝરા પાસ
ધો મને તારનાર નહિ તો હું પામીશ મરણ

જે. પ્રોક્ટોર આપણને યાદ કરાવે છે કે ખ્રિસ્તે આપણા ઉધ્ધાર માટેનું કાર્ય પૂર્ણ કર્યું છે:

થાકેલ, કામથી, બોજથી લદાયેલ,
તું અતિ પરિશ્રમ કરે છે કેમ
તારા કામ ત્યજી દે,
તે તો ઘણા ઘણા પહેલા કરાયેલા છે.
જ્યાં સુધી તારા કામ છોડીને
ઈસુને સરળ વિશ્વાસથી વળગી જાય
"તારા કામ" એ તો મરણકારક છે -
"કામો" મરણ સાથે જ અંત થાય છે.
તારા મરણકારક "કામો" ઈસુના
ચરણો નીચે નીચે મૂક,

તેનામાં સ્થિર થા,
તેના એકલામાં જ સંપૂર્ણ મહિમાવંત
"તે સંપૂર્ણ થયું છે!" હા, ચોક્કસ,
દરેક અતિ સૂક્ષ્મ ભાગ પૂર્ણ થયો છે.
મને તારે જે કહેવાની જરૂર છે કે હું પાપી,
શું તે ખરું નથી?

# 4

# દેવનું મન - અચકાતી કૃપા

અજબ કૃપા! આપણે તેના વિશે ગાઈએ છીએ, પણ તેનો શો અર્થ છે તે શું આપણે સમજીએ છીએ?

સર્વ પ્રથમ કૃપા શું છે ? એ કહેતા આપણે શરૂ કરી શકીએ કે આપણી તરફ દેવની દયાદ્રષ્ટિ છે. પણ તે તો તેના કરતા પણ વિશેષ છે તે તો જેને લાયક નથી તેની માટેની દયાદ્રષ્ટિ છે. હવે આપણે એક પગલું આગળ જઈએ. આ તો ગેરલાયક દયાદષ્ટિ છે એવા લોકો માટે જેઓ તેની તદ્દન વિરુધ્ધ લાયક છે. તે તો તેની ભલાઈ અને ઉદારતાનો સમજી ન શકાય તેવો દરિયો છે.

કૃપા અને ભેટ શબ્દો નજીકના સગા છે. કૃપા ભેટ છે અને તે કારણથી તેને કમાઈ શકાતી નથી અથવા તેને લાયક થઈ શકાતું નથી. જે ક્ષણેથી તમે દેવાનો અથવા લાયકાતનો પરિચય કરાવ્યો છે ત્યારે જ તમે કૃપાને કાઢી નાખી છે. દેવની કૃપાની ભેટને તો એવા વિશાળ

ભાગો છે કે તેના ભરપાઈ કરવાનો કોઈ પણ વિચાર નકારી કાઢવામાં આવે. તે અવાચ્ય અને સમજશક્તિ બહાર છે.

હવે સાચી સુવાર્તા એ છે કે માત્ર વિશ્વાસ દ્વારા કૃપાથી તારણ છે.[૨૪] કૃપા એટલે કે જેને તમે લાયક નથી તે વિશ્વાસ એટલે તમારી ઈચ્છાના ચોક્કસ કૃત્યો દ્વારા તે પ્રાપ્ત કરવું. જ્યાં સુધી કોઈ પણ કૃપાને સમજતું નથી. ત્યાં સુધી તે ક્યારેય ખરી રીતે સુવાર્તાને સમજી શકશે નહિ.

દેવની કૃપા અદ્ભૂત છે. તે પસ્તાવો કરનાર વેશ્યાને માફ કરીને તેને શુધ્ધ કરે છે, નવી સ્ત્રી બનાવે છે અને અનંત મહિમામાં ઈસુની સહવાસ તરીકે નિમાય છે. તે મરતા ચોરને જીવનની અંતિમ ક્ષણોમાં બચાવે છે અને એ જ દિવસે તેને સ્વર્ગમાં વળાવે છે.

કૃપા સ્વર્ગને પરિવર્તિત ખૂનીઓ, જાતિ હિંસકો, વ્યસનીઓ, ચોરો અને જૂઠ્ઠાઓથી આબાદ કરે છે. કોઈ પણ પાપી તેના તારણસાધક સામર્થ્યથી બહાર નથી.

કૃપાએ લાખો લોકોને ભયાનક ખાડામાંથી અને ઉકરડામાંથી બહાર કાઢીને તેમના પગોને ખડક પર સ્થિર કર્યાં છે, તેમના માર્ગોને સ્થાપન કર્યા, દેવના મહિમા માટે તેમના હૃદયમાં ગીત ઉમેર્યું અને આખરે પિતાના ઘરમાં રહેવાના ઘણા ઠેકાણાઓમાં તેમને લઈ ગયા.[૨૫]

ઓક્સફર્ડ અને કેમ્બ્રીજના પ્રાધ્યાપક સી.એસ.લેવીસ કહે છે કે જ્યારે તે ધમપછાડા અને બૂમાબૂમ કરતો હતો ત્યારે દેવે તેને કેવી રીતે પકડી પાડ્યો. આખા ઈંગ્લેન્ડમાં સૌથી અતિ અનિચ્છુંક પરિવર્તક

હતો. પછી તે ઉમેરે છે, તે કૃપાની યોગ્ય પ્રશંસા તેના સિવાય કોણ કરી શકે, કે જે ધમપછાડા કરતો, જજૂમતો, રોષે ભરેલો અને બચી નીકળવા દરેક દિશામાં પોતાની આંખો તાકીયા કરતો હોય તેવા ઉડાઉને માટે ઊંચા દ્વારો ખુલી ગયા હોય અને તેને અંદર લાવવામાં આવ્યો હોય?[૨૬]

ભજન કર્તા હાલ્ડોર લીલેનાસ ચાવી માટે ખરો હતો જ્યારે તેણે લખ્યું કે, ઈસુની અદ્‌ભૂત કૃપા આપણા ઉલ્લંઘનો કરતા પણ તેનો બહોળો અવકાશ, "આપણા સર્વ પાપો અને શરમ કરતા પણ તે વિશાળ" છે.

દરેક સાચા વિશ્વાસીને કહેવા ફરજ પડે છે કે, "હું જાણતો નથી કે પ્રભુએ પોતાની કૃપા મારી ઉપર કેમ કરી. હું ચોક્કસ તે દયાદર્ષ્ટિને યોગ્ય ન હતો. તેણે મારા માટે જે કિંમત ચૂકવી છે તે એકદમ ઊંચી છે."

સમજશક્તિ અને તર્ક શક્તિ કરતા કૃપા ચડિયાતી છે પણ તે તેમનો ભંગ કરતી નથી. સમજશક્તિ ઘેટાં માટે ઘેટાંપાળકને ક્યારેય મરવા ન દે, પણ દોષિત માટે ન્યાયાધીશ મરણ પામે અથવા સૌથી અવિશ્વસનીય કે કૃતિ માટે સર્જનહાર મરણ પામે. તર્કશક્તિ એ આગ્રહ કરશે કે પાપી પોતાના પાપો માટે મરણ પામે જેથી નિયમભંગ કરવાનો દંડ ભરપાઈ થાય. કૃપાએ તો અકલ્પ્ય કર્યું છે.

કોઈકે કૃપા માટેનું આશ્ચર્ય આ રીતે વર્ણવ્યું છે : "કૃપા એવા સારા લોકોની શોધ કરતું નથી જેને તે માન્ય કરે કેમ કે તે કૃપા ન કહેવાય પણ ન્યાય છે જે સારાપણાને માન્ય કરે છે પણ તે તો ગુનેગાર,

દોષિત, મૂંગા તથા નિઃસહાયની શોધ કરે છે જેથી તે એવા લોકોને, બચાવે, શુધ્ધ કરે અને મહિમાવંત કરે."

## દયા કરતા કૃપા શ્રેષ્ઠ છે

જ્યારે કોઈ ગુનેગારની શિક્ષા હલકી કરવામાં આવે ત્યારે આપણે કહીએ છીએ કે ન્યાયાધીશે તેની ઉપર દયા બતાવી છે. મૃત્યુદંડ કરતા આજીવન કેદ એ દયાનું કૃત્ય બને છે. દોષિત જેને લાયક છે તે શિક્ષા તેને મળતી નથી.

કૃપા તેના કરતા શ્રેષ્ઠ છે કેમ કે તે દોષિતને નિર્દોષ જાહેર કરે છે. તે તેના હકમાં ન્યાયીપણું ઉમેરે છે. તે નિયમના દોષિત ઠરાવતા અવાજને શાંત કરી દે છે...

## કૃપા ન્યાય કરતા શ્રેષ્ઠ છે

કૃપા અને ન્યાય એકદમ  વિરોધી છે. જ્યારે વ્યક્તિ કહે છે કે, હું સારો વ્યક્તિ છું અને હું જેને લાયક છું તે મારે જોઈએ છે, ત્યારે તે ન્યાય માગે છે. તે જેને લાયક છે તે છે નર્ક ક્યારેય દેવની પાસે ન્યાય માગશો નહિ.

કૃપા કહે છે, "હું દોષિત છું પણ મારા પાપોનો દંડ ચૂકવવા ખ્રિસ્ત મરણ પામ્યો અને હું તેને મારો પ્રભુ અને તારનાર સ્વીકારું છું, હું અનંતજીવનને લાયક નથી પણ તે મને દેવ તરફથી મફત ભેટ મળે છે"

ઈસુએ એક બોધકથા દષ્ટાંત તરીકે આપી જે ન્યાય અને કૃપા વચ્ચેનો તફાવત બતાવે છે.[૨૭] એક ખેડૂત હતો જેને પોતાની દ્રાક્ષાવાડી માટે મજૂરો જોઈતા હતા. વહેલી સવારે અમુક લોકો એક દિનાર માટે

એટલે એક ચાંદીના સિક્કા માટે આખો દિવસ કામ કરવાને રાજી થયા. તેઓએ તે ચોક્કસ રકમ માટે ખેડૂત સાથે કરાર કર્યો.

દિવસ દરમ્યાન ખેડૂતે બીજા મજૂરો રાખ્યા અને તેમને તેણે રકમ આપવાની નક્કી કરી.

દિવસના અંતે પ્રથમ આવેલા મજૂરોને તેમનો દિનાર મળી ગયો. પછીથી આવેલા મજૂરોને પણ એ જ રકમ મળી - પણ તેમના કામના કલાકો કરતા વધુ હતી. પ્રથમ માણસોને ન્યાય મળ્યો. પછીથી આવેલા માણસોને કૃપા પ્રાપ્ત થઈ. ન્યાય કરતા કૃપા શ્રેષ્ઠ છે.

## નિયમ કરતા કૃપા શ્રેષ્ઠ સિદ્ધાંત છે

નિયમ વ્યક્તિને ન્યાયી ઊભા રહેવા ઘણી બાબતો કરવાનું જણાવે છે. કૃપા દેવની આગળ ન્યાયી ઊભા રહેવાનું પૂરું પાડે છે અને પછી કહે છે કે તેને યોગ્ય ચાલો.

નિયમ કહે છે, "કરો અને તમે જીવશો." કૃપા કહે છે "જીવો અને તમે કરી શકશો."

નિયમ કહે છે, "પ્રયત્ન કરો અને આધીન થાઓ." કૃપાની ભાષા છે, "ભરોસો કરો અને આધીન થાઓ."

નિયમ તમને શું કરવું જોઈએ તે કહે છે પણ તે કરવાનું સામર્થ્ય આપતું નથી અને જો તમે ન કરી શકો તો તમને શાપ આપે છે. કૃપા તમને શું કરવું તે શીખવે છે, તે કરવાને સામર્થ્ય આપે છે. અને જ્યારે તમે તે કરો ત્યારે તમને ઈનામ આપે છે. તેથી નિયમ શિક્ષાની ધમકી લાવે છે જ્યારે કૃપા ઈનામનું વચન લાવે છે.

નિયમ શ્રેષ્ઠને દોષિત ઠરાવે છે કેમ કે શ્રેષ્ઠ છે તે પણ દસ આજ્ઞાઓ પાળી શક્યા નહિ. કૃપા એકદમ નકામાને પણ ન્યાયી ઠરાવે છે.

નિયમ પાપ પ્રગટ કરે છે. કૃપા પાપ દૂર કરે છે.

નિયમ અભિમાનને પ્રોત્સાહિત કરે છે. કૃપા અભિમાનને બાકાત કરે છે.

નિયમ કહે છે, "તમારે કરવું..... તમારે કરવું જ...... તમારે કરવું જ નહિ." કૃપા કહે છે "તમે કરી શકો..... તમારે શક્ય હોય તો"[૨૮] એક મને મારે શું કરવું જોઈએ તે કહે છે, બીજુ મને, મારો નવા સ્વભાવને જે ઈચ્છે છે તે કરવાનું કહે છે.

નિયમ નીચે કામ ક્યારેય સમાપ્ત થતું નથી. કૃપા એના વિશે કહે છે જેણે "કામ પૂરું કરી કાઢ્યું છે."

નિયમ માગણી કરે છે, "તમારે પ્રેમ કરવો જ ....." કૃપા જાહેર કરે છે કે, "દેવે એટલો પ્રેમ કર્યો....."

નિયમ લોકોની ઉપર ભારે બોજા મૂકે છે. કૃપાનાં બોજા હલકા છે. નિયમ ગુલામીનું માળખું છે, જ્યારે કૃપા સ્વતંત્રતાનું માળખું છે. તે તો દબાણ અને વિશેષાધિકાર વચ્ચેનો તફાવત છે.

નિયમમાં કોઈ દયા નથી. તે ઠંડો, કઠણ અને વળી ન શકે એવો છે. કૃપા એવા દેવ વિશે કહે છે જે દયાથી ભરપૂર છે.

# 5

# કૃપાની કદર કેવી રીતે કરવી

જ્યાં સુધી ચાર મોટી હકિકતો જાણી ન લીધી હોય કે, ઈસુ કોણ છે, તેણે શું કર્યું છે, તેણે કોની માટે એ કર્યું, લાભાર્થી માટે તેનો શો અર્થ છે, ત્યાં સુધી તે અથવા તેણી કોઈ પણ ક્યારેય કૃપાની કદર કરી શકે નહિ.

## ઈસુ કોણ છે

તે માત્ર આપણા જેવો માનવ નથી પણ તેના કરતા......

સમર્થ દેવ છે જેણે સૃષ્ટિને અવર્ણનીય અજાયબીઓથી ભરી દીધી છે.

સર્જનહાર, જેણે આપણા શરીરના હજારો ભાગોની રચના કરી અને આપણા મનોમાં જ્ઞાન મૂક્યું. તેના દ્વારા જ સર્વ વસ્તુઓ અસ્તિત્વમાં આવી અને નભી રહી છે.

સર્વોપરી, જે સર્વસમર્થ, સર્વજ્ઞાની છે અને એક જ સમયે સર્વત્ર હાજર છે.

એક માત્ર પવિત્ર કે જેને પાપ અત્યંત વિદેશી છે.

એવો કે જે મહિમા, ગૌરવ,માનથી ભરપૂર એ સર્વ બાબતો કે આખી અનંતતાથી ઈચ્છનીય છે તેનાથી ભરપૂર છે. દૂતો તેની હાજરીમાં પોતાના મુખ ઢાંકી દે છે. તે પોતાની હથેળીમાં પાણી જકડી રાખે છે, પૃથ્વીને વેંતથી માપે છે અને પૃથ્વીની રેતીના કણની તે ગણતરી કરે છે. તે પર્વતોને માપથી તોળે છે. અને પહોડોને ત્રાજવામાં જોખે છે.[૨૯]

આપણે એવા લાયક નથી કે આવું કોઈ આપણામાં રૂચિ રાખે.

## તેણે શું કર્યું

તેણે આપણને પ્રેમ કર્યો અને આપણા વિશેનાં સંપૂર્ણ જ્ઞાન સાથે કે આપણે શું કરવાના છીએ અને શું બનવાના છીએ.

તેણે સ્વર્ગના મહિમાઓ મૂકી દીધા જ્યાં તે પવિત્ર દૂતોની અસંખ્ય ફોજોની ભક્તિનું સાધન હતો, અને જે ઢોરોની ગંદકીની દુર્ગન્ધમાં જન્મ્યો. "જુઓ, જેણે ટમટમતા તારા બનાવ્યા તે ગભાણમાં સૂતો છે."

માનવજાતના ઉકરડા અને કાદવમાં ઊતરી આવ્યો, તેણે પોતાની કૃતિઓ તરફથી સર્વ પ્રકારની નિંદા સહન કરી. કલ્પના કરો કે દેવના દીકરાએ લોકોને ગંદા થૂંકથી પોતાનું મુખ ભરી દેવા પરવાનગી આપી. તેના વિશે વિચાર કરો કે તે દારૂડિયાનું ગીત બન્યો હોય તે કેવું લાગે.

તેણે એ સહન કર્યું જે કોઈએ પણ ક્યારેય સહન કર્યું નથી. તે ઘાયલ થયો, કોરડા ખાધા અને વિંધાયો. ખેતરના ચાસની જેમ તેની પીઠ થઈ ત્યાં સુધી માર ખાધો અને તેનો ચહેરો ઓળખી શકાયો નહિ તેવો થયો હતો. તેને ત્રાસ આપનારાઓએ તેની દાઢીના વાળ ફાંસ્યા તેના સર્વ હાડકા જાણે સાંધામાંથી છૂટા પડી ગયા હોય. ગ્રેહામ કેનડ્રીકે જેમ લખ્યું "જે હાથોએ આકાશમાં તારાઓને ગોઠવ્યા તેમને ક્રૂર ખીલાઓને સ્વાધીન કર્યા."

દેવના દીકરાને પોતાના પિતાએ ત્યજી દીધો હતો તેની સરખામણીમાં આ સર્વ તો કશું જ નથી. જ્યારે તેણે પ્રાર્થના કરી ત્યારે જાણે સ્વર્ગ મૂત બની ગયુ હતું. એક રીતે શક્ય છે કે આપણે તે ક્યારેય સમજી ન શકીએ, દેવે આપણા પાપોનું દેવું પોતાના વ્હાલા દીકરા ઉપર મૂક્યું અને પછી પ્રભુ ઈસુએ જ્યાં સુધી પૂરેપૂરું દેવું ભરપાઈ ન કર્યું ત્યાં સુધી તેના રોષનો પ્રવાહ તેની ઉપર રેડી દીધો.

તે અવેજી તરીકે બીજાઓએ કરેલા પાપોની ચૂકવણી કરવા મરણ પામ્યો અને બદલામાં કોઈ જાતની અપેક્ષા કરી નહિ. તે જૂના ખરબચડા વધસ્તંભ પર હતું, "જ્યાં જગતના પાપીઓ માટે અતિપ્રિય અને શ્રેષ્ઠ હણાયો હતો"

અજાયબીઓની અજાયબીઓ! વિશાળ આશ્ચર્ય
આનાથી મોટું આશ્ચર્ય શું હોય
કે જેણે તારામય આકાશ સૃજ્યું, તેણે
રક્ત વહેવડાવ્યું અને મારા માટે મરણ પામ્યો.
આપણ સર્વ વિચારોને મૂંઝવતું,
અજબ, ચોકાવનાર, બલિદાન!

અદ્‌ભૂત પ્રચંડ આઘાતજનક ખરીદ કિંમત
જેનાથી આપણો ઉધ્ધાર લાવ્યો!

-અજાણ લેખક

જે.ઓ.સેન્ડર્સે લખ્યું કે, "સર્વ સમયની ચતુર બુધ્ધિ વધસ્તંભ પરના ખ્રિસ્તના મૃત્યુનો ઊંડો અર્થ શોધવામાં લાગી ગઈ છે," પણ તેની અસિમિત ઊંડાઈ માપવામાં નિષ્ફળ ગઈ છે. પાઉલની જેમ તેઓ મૂંઝવણના પોકાર સાથે રદબાતલ કરે છે, "આહા! દેવની બુધ્ધિની તથા જ્ઞાનની સંપત્તિ કેવી અગાધ છે! તેના ઠરાવો કેવા ગૂઢ ને તેના માર્ગો કેવા અગમ્ય છે!" (રોમન ૧૧:૩૩).

હેરોલ્ડ સેન્ટ જોને કહ્યું કે ખ્રિસ્તના વધસ્તંભમાં દેવની જે કૃપા દેખાય છે તે જ્યાં સુધી આપણો શ્વાસ બની ન જાય ને જીવનમાં સૌથી શ્રેષ્ઠ બાબત બની ન જાય ત્યાં સુધી તે આપણી માટે અર્થપૂર્ણ બનતું નથી.

સ્પર્જન આપણને તેની અજાયબી પકડી રાખવાને તેડે છે. "ઈસુએ આપણા વતી મરણદંડ સહન કર્યો.... ત્યાં તે વધસ્તંભ પર જડાઈ ગયો. આ મહાન દૃશ્ય તમે જોઈ શકો છો કે દેવનો દીકરો અને માણસનો દીકરો! ત્યાં તે જડાયો, અસહ્ય વેદના સહન કરી, - ન્યાયી બન્યો અન્યાયી - જેથી આપણ અન્યાયીઓને દેવની પાસે લાવી શકે."

"આ તો દૃશ્યનો મહિમા નિર્દોષ પર ત્રાસ! પવિત્રને ગુનેગાર ઠરાવ્યો! સદાકાળના આશીર્વાદીતને શાપીત બનાવ્યો! અનંતતાના મહિમાવંતને શરમજનક મરણને સોંપ્યો![૭૦]

તારનાર હિંસક સારવારને લાયક ન હતો જે તેને મળી. અજાયબ

કિંમત જે તેણે ચૂકવી તેને યોગ્ય આપણે ન હતા. તે તો ખૂબ મોટી હતી. જો આપણે તેને પૂરી આપણા ઉપર લઈએ તો આપણા “પોતાના હૃદયો આભારીપણાથી પીગળી જાય અને આપણી આંખો આંસુઓથી ગળી જાય.”

જે કૃપાના મહિમામાં ડૂબેલો ઊંડે,
તે જ ભરપૂર હૃદયો માત્ર રડે.

ચોક્કસ, તેનું મૃત્યુ વાર્તાનો અંત ન હતો તે ત્રણ દિવસ પછી મરણમાંથી સજીવન થયો જો તે મરણમાંથી ઊઠયો ન હોત તો તેનું મરણ અન્ય બીજી કોઈ પણ વ્યક્તિથી જુદુ ન હોત. તે મરણમાંથી સજીવન થનાર પ્રથમ હતો અને ક્યારેય મરનાર નથી. મહિમાવંત શરીર સાથે ઉઠનાર તે પ્રથમ હતો. તેનું પુનરુત્થાન પ્રગટ કરતું હતું કે તે સામર્થ્ય સાથે દેવનો દીકરો છે. વધસ્તંભ પર કરેલા તેના કાર્યથી દેવ સંપૂર્ણ સંતોષી છે તે તેની સાબિતી છે. અને તે તો તેની પ્રતિજ્ઞા છે કે જેઓ તેનામાં વિશ્વાસ કરે તેઓ તેના જેવા પુનરુત્થાન થયેલ શરીર સાથે મરણમાંથી મહિમાવંત શરીર સાથે ઉઠશે.

## જેઓ માટે તેણે તે કર્યું

આપણે નાસ્તિક પાપી, અપકારી, અધમ અને બિનલાયક કીડાઓ હતા.

આપણે ભટકી ગયેલા, નિસહાય ને આશાહિન હતા.
આપણે એકદમ નરકને લાયક હતા.
આપણામાં એવું કશું ન હતું જેથી આપણને પ્રેમ કરવામાં આવે.

આપણે પ્રભુ સાથે કોઈ લેવાદેવા ઈચ્છતા નહોતા. આપણા

જીવનો પર ધ્યાન રાખનાર સ્વર્ગીય મોટો ભાઈ આપણને જોઈતો નથી.

આપણી શ્રેષ્ઠતામાં આપણું ન્યાયીપણું મેલા ચિંથડા સમાન હતું. આપણી અધમતામાં આપણે આપણાં દેવનું ખૂન કરવાને સક્ષમ હતા. જ્યારે તેણે કહ્યું ત્યારે પ્રબોધક સાચો હતો કે હૃદય સહુથી કપટી છે.[31] તે અતિશય ભૂંડું છે. તેની દુષ્ટતાની ઊંડાઈ કોઈ જાણી શકતું નથી.

અહિંયા આપણે રોકાવું જોઈએ અને આપણે પોતાને જે રીતે જોઈએ છીએ તથા દેવ આપણને કેવી રીતે જુએ છે તે બન્ને વચ્ચે તફાવત શોધવા જોઈએ. ઘણા લોકોને ભલાં, પ્રેમાળ, વલણો હોય છે. તેઓ સારા પડોશી અને દેવળમાં નિયમિત જનાર હોય છે. તેઓ ગરીબ, બિમાર અને અપંગો સુધી પહોંચે છે. તમે એવા લોકોને જાણતા હશો અને કદાચ તેમાનાં તમે એક હશો - સજ્જન, નિયમોને વફાદાર નાગરિક, મિત્રાચારી અને બાહ્ય સન્માનિય હશો.

પણ આપણે એ ક્યારેય ભૂલવું જોઈએ નહિ કે દેવનું ધોરણ સંપૂર્ણ છે અને આપણે સૌ તે ધોરણ પ્રમાણે અધૂરા માલૂમ પડ્યા છીએ.[32] આપણામાંનું એકેય નથી કે જેણે પાપ કર્યું ન હોય. આપણામાંનું કોઈ ઈચ્છતું નથી કે આપણું વૈચારિક જીવન સાર્વજનિક રીતે ખુલ્લુ કરાય. કદાચ જો આપણે બધી જ દસ આજ્ઞાઓ ભંગ કરી નથી તો પણ આપણે તે કરવાને સમર્થ છીએ. આપણે શું છીએ, આપણે જે કર્યું છે તેના કરતા પણ આપણે ગયેલા છીએ. કોઈ બીજા અન્ય કરતા ચઢિયાતું હશે પણ દેવ આપણને નાશમાં જનાર અસાધ્ય પાપી અને તારણની તાત્કાલિક જરૂરતવાળા જુએ છે.

આપણે ઉલ્લંઘનો અને પાપોમાં મરેલા હતાં. આપણે જગતની ધારા પ્રમાણે ચાલ્યા, શેતાન દ્વારા દોરવાયા. આપણે અનાજ્ઞાંધીનતાના બાળકો મન અને દેહની ઈચ્છાને પરિપૂર્ણ કરવાને જીવતા હતાં. સ્વાભાવિક રીતે આપણે ખ્રિસ્તરહિત, દેવરહિત અને આશારહિત રોષના બાળકો હતાં.[૩૩]

આપણે એવા લોકો છીએ જેમના માટે ખ્રિસ્ત મરણ પામ્યો. સૌથી વધુ નોંધપાત્ર એ બનાવે છે કે આપણે અત્યંત મામૂલી છીએ. જ્યારે ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈ પરથી જોવામાં આવીએ ત્યારે આપણે ભાગ્યે જ દેખાઈ શકીએ. ત્યારે જો કરોડો પ્રકાશવર્ષની દૂરીથી આપણને જોવામાં આવે તો કેટલા વધુ આપણે અતિ સુક્ષ્મ છીએ. તેમ છતાં તેણે આપણને પ્રેમ કર્યો! વર્નોન.સી. ગ્રાઉન્ડસ સહમત થાય છે : “આપણી પૃથ્વીની અતિ નિર્માલ્યના ધ્યાન પર લેતા એ માનવું અઘરું લાગે છે કે સૂર્યમંડળના માળખામાં દ્વિતિય ક્રમે આવનાર અતિ સૂક્ષ્મ ગ્રહ પરના નિઃસારવાદી તરીકે વર્ણવેલા માનવીય કુટુંબના વ્યક્તિની ચામડી પર અર્ધદૃશ્ય અતિ સૂક્ષ્મ ઉઝરડો હોય તો પણ તેની કાળજી વિશ્વકર્તા લે છે.” અને પછી ગ્રાઉન્ડસ ઉમેરે છે, “આશ્ચર્યકારક સત્ય એ છે કે દેવ કાળજી લે છે.”[૩૪]

કોઈ પણ વ્યક્તિ ખ્રિસ્તની કૃપાની પ્રશંસા ત્યાં સુધી તે કરી શકતી નથી જ્યાં સુધી તે વધસ્તંભ પાસે આવીને કહે, ડી.ટી. નાઈલ્સના શબ્દોમાં “મેં તેને આમ કર્યું અને તેણે મારી માટે આમ કર્યું.”[૩૫]

## વિશ્વાસી માટે તેનો શો અર્થ છે

કૃપાએ જે ખરેખર કર્યું છે તે વિશ્વાસીઓ માટે ઓછું કર્યું છે. ઉદાહરણ તરીકે તેણે પૃથ્વી ઉપર અનંતજીવન આપવું જોઈતું હતું એ

પણ ઉંમરની નિર્બળતા વગર, કે સ્વયં પોતામાં જ તે અદ્‌ભૂત હોય. તે પુરુષો અને સ્ત્રીઓને અનંત અગ્નિથી બચાવી શકે અને તે તો તેના કરતા પણ અદ્‌ભૂત બની શકે.

પણ દેવ અડધાપડધા પ્રમાણોથી સંતુઉં ન હતો. બલિદાન માટે પોતાનું શ્રેષ્ઠ એટલે પોતાનો દીકરો આપી દીધા પછી તેણે નિર્ણય કર્યો કે તેનું મન કંઈ પણ વિચારે તે ઉત્તમ વારસો પણ પાછો નહિ રાખે.

અહિંયા છે કૃપાની સુવાર્તા સાથે જોડાયેલા અમુક લાભો.

આનંદ. ખુશીની આ દિવ્ય ભાવના છે જે સંપૂર્ણપણે સંજોગોથી સ્વતંત્ર છે. તેનું વિરુધ્ધાર્થી પાપ નહિ પણ દુઃખ છે. તે દેવ તથા પ્રભુ ઈસુ સાથેના સંબંધથી ઉદ્‌ભવે છે. તેથી તે સંબંધ જેટલો જ અડગ છે.

શાંતિ. જેઓ વિશ્વાસ દ્વારા ન્યાયી ઠરાવાયા છે તેઓ શાંતિનો આનંદ લે છે. જ્યારે તેઓએ શરણાગતિનો ઝંડો ફરકાવ્યો ત્યારથી જ સર્વશક્તિમાન સાથેના યુધ્ધનો અંત આવ્યો પછી જગતની નિર્મળતા, ધીરજ અને સમતોલન અનુસરે છે એ જાણતા કે પ્રભુ નિયંત્રીત કરે છે.

આશા. નવા કરારમાં મોટાભાગે આશા એ તે સ્વર્ગમાં વિશ્વાસીઓના ભવિષ્ય વિશે દર્શાવે છે. જ્યારે સામાન્ય ઉપયોગમાં આ આશાના અર્થમાં શંકાના નાના કણ સામેલ છે કારણ કે તે દેવના વચન પર આધારિત છે. વિશ્વાસી સ્વર્ગ માટે ખાતરીબધ્ધ હોય કે જેમ તે પોતે ત્યાં જ છે.

આરામ. જ્યારે ઈસુએ કહ્યું, "મારી પાસે આવો ને હું તમને આરામ આપીશ." ત્યારે તે તારણના આરામ વિશે કહેતો હતો. એ

એવો આરામ છે કે વ્યક્તિ અનંતજીવન મેળવવાના કામો કરવાના પ્રયત્નો બંધ કરે છે અને જ્યારે તે ખ્રિસ્તના પૂર્ણ કરેલ કાર્ય ઉપર આરામ લે છે. પણ ઈસુ બીજા પણ આરામની વાત કરે છે : "મારી ઝૂંસરી તમારી પર લો અને મારી પાસેથી શીખો..... અને તમે તમારા આત્મામાં આરામ પામશો." આ આરામ પ્રભુની સેવા કરવામાં અને મનમાં નમ્ર અને રાંક હોવાના તેના નમૂનાને અનુસરવામાં મળે છે.

*સ્વતંત્રતા.* સત્ય લોકો સ્વતંત્ર કરે છે - દૈહિક ઈચ્છાઓના સંતોષ માટે સ્વતંત્ર નહિ પણ ન્યાયી જીવન જીવવા, દેવને પ્રસન્ન કરવા અને તેની સેવા કરવા સ્વતંત્ર વિશ્વાસી પાપના અધિકારથી અને નિયમના બંધનથી સ્વતંત્ર બને છે પણ તે નિયમરહિત નથી. તેના કરતા તે ખ્રિસ્તના પ્રેમથી બંધાય છે.

*જીવનમાં હેતુ.* જ્યાં સુધી વ્યક્તિ નવો જન્મ પામતી નથી ત્યાં સુધી તેને પોતાના અસ્તિત્વનો ખરો અર્થ મળતો નથી. ત્યારે જ માત્ર તેનું જીવન અર્થ પૂર્ણ બને છે. કોઈક વિશે (અથવા શ્રેષ્ઠ વિશે અથવા કોઈ વ્યક્તિ માટે) જીવવું અને કોના માટે મરવું તે શોધી શકે છે. હવે તેની પાસે જીવનની ફીલસૂફી હોય છે કે જે સર્જન વિશેના દુઉંની હાજરીના અને મરણની હકિકત વિશેના ઘણા જૂના પ્રશ્નોના જવાબો આપી શકે છે. તે ઘરે પાછો ફર્યો છે.

*સંતોષ.* વિશ્વાસી પોતાથી તથા પ્રાપ્ત કરેલ ઉપલબ્ધીઓથી ક્યારેય સંતોષ પામતો નથી પણ તે ખ્રિસ્તમાં સંતોષ પામે છે. જેમ ડી.માર્ટીન લોઈડ - જોન્સ કહે છે, "એવું કંઈ નથી જેના માટે મારું મન ઝંખના કરે કેમ કે તેની પાસે સંતોષ કરતા પણ વિશેષ છે"[૩૬]

કૃપા આ સર્વ આપે છે પણ તેના કરતા વધુ વધુ આપે છે.

જે ક્ષણે પાપીઓ પ્રભુ ઈસુને વિશ્વાસ દ્વારા પ્રાપ્ત કરે છે ત્યારે તેઓ:

*અનંતજીવન ગ્રહણ કરનારા છે.*[૩૭] આ અમૂલ્ય ભેટ તે ખ્રિસ્તનું પોતાનું જીવન છે, તે જીવન જે તારનારે ભરપૂર આપવાનું વચન આપ્યું હતું.[૩૮] જો કે તારણ ન પામેલાનું પણ અંતરહિત અસ્તિત્વ છે તો પણ માત્ર વિશ્વાસીઓને જ તેમના પોતામાં ખ્રિસ્ત જે મહિમાની આશા છે[૩૯] તે રહે છે. સ્વાભાવિક જીવન જન્મ દ્વારા પ્રાપ્ત થાય છે. અને તે મરણને આધીન છે. અનંત જીવન નવા જન્મ દ્વારા આવે છે અને તે મૃત્યુરહિત છે. અનંતજીવન દેવની સાથેના સંયોજનથી કંઈ ઓછું નથી. આશ્ચર્યકારક!

*માફી પામે છે.*[૪૦] કૃપાના ચમત્કાર દ્વારા દેવ માફી આપે છે અને તેમના પાપોને પૂર્વ જેટલું પશ્ચિમથી દૂર છે તેવી જ રીતે તેમને ક્યારેય ફરીથી યાદ કરતો નથી. પ્રાયશ્ચિત કરનાર વિરુધ્દના સર્વ દોષોને વધસ્તંભ પર જડી દેવાયા છે.[૪૧] તેઓ જતા રહ્યાં છે તેથી જ સેમ્યુલ.ડબલ્યુ.ગેન્ડી લખે છે:

> હું દોષ મુકનારને ગર્જના કરતો સાંભળું છું
> જે દુઉં કામો મેં કર્યા છે,
> હું તેમને સારી પેઠે જાણું છું અને હજારો અન્ય વિશેષ
> પણ યહોવા એકેય શોધતો નથી.

*ઉધ્દાર પામે છે.*[૪૨] આનો અર્થ છે કે ખ્રિસ્તના મૂલ્યવાન રક્તની અતિ આઘાતજનક કિંમત દ્વારા લોકોને પાપની ગુલામીમાંથી પાછા લાવવામાં આવે છે. કોઈ પણ ખરીદી એટલી મોંઘી નથી કોઈ પણ

લેવડદેવડ આટલી હચમચાવી નાખનાર નથી. કેટલી અદ્‌ભૂત આપ-લે! એક વ્યક્તિએ આટલા બધા લોકો માટે ક્યારેય ભરપાઈ કર્યું નથી.

બચાવાયા છે.[૪૩] વિશ્વાસીઓ નર્કની અનંત શિક્ષાથી માત્ર છોડાવાયા જ નથી પણ તેઓ જગતના વર્તમાન દુષ્ટ માળખાથી બચાવાયા છે અને દેવના સ્વર્ગીય રાજ્ય માટે રાખી મૂકાયા છે. જ્યારે પ્રથમ તેઓએ વિશ્વાસ કર્યો ત્યારે જ તેઓ પાપના દંડથી બચાવાયા હતા. ખ્રિસ્તની સ્વર્ગમાંની વર્તમાન સેવા દ્વારા તેઓ તેના સામર્થ્યથી બચાવવામાં આવે છે. તેઓ જ્યારે પોતાના અનંત નિવાસમાં પહોંચશે ત્યારે તેઓ તેની સંપૂર્ણ હાજરીથી બચાવાશે.

વ્હાલાઓ સાથે સ્વીકારાયા છે.[૪૪] દેવ હવે પોતાના વિશ્વાસી બાળકને ખ્રિસ્તમાં જુએ છે. અને તેને અથવા તેણીને તેના આધારે સ્વીકારે છે. જે કોઈ ખ્રિસ્તમાં છે તે દેવની આગળ તેના પ્રિય પુત્રની સર્વ સ્વીકૃતિમાં ઊભો રહે છે. પ્રભુ ઈસુના વ્યક્તિમાં તે ઈસુની જેમ જ પિતાની નજીક છે. તે પોતે કોણ છે તેને ગણતરીમાં લેવાતું નથી પણ ખ્રિસ્ત સાથેનું તેનું જોડાણ છે. વ્યક્તિની પરિપૂર્તિ નહિ, પણ ખ્રિસ્તનું વ્યક્તિ અને કાર્ય છે.

ખ્રિસ્તમાં સંપૂર્ણ.[૪૫] જોકે તે માન્યતાના છેડાથી ખેંચે છે પણ તે એકદમ સત્ય છે, જે કોઈ તારનારમાં ભરોસો કરે છે તે સ્વર્ગ માટે એકદમ યોગ્ય છે. તેનું કારણ એ છે કે ખ્રિસ્ત તેમની યોગ્યતા છે. જો વ્યક્તિને ખ્રિસ્ત છે તો પિતાના નિવાસ માટે બીજી કોઈ વિશેષ લાયકાત જરૂર નથી. વ્યક્તિ પોતાની નહિ પણ ઈસુની લાયકાતમાં ઊભો રહે છે. ૧ થી ૧૦ની આંકણીમાં તે ૧૦ છે.

ખ્રિસ્તની જેમ જ પ્રેમ કરાયેલ.[46] સાચો વિશ્વાસી ખ્રિસ્તની જેમ દેવની નજીક છે. એટલું જ નહિ પણ ખ્રિસ્તની જેમ તે પણ દેવને એટલો જ પ્રિય છે. પિતા પોતાના પુત્રને જે પ્રેમ કરે છે તે જ પ્રેમથી તેને પણ પ્રેમ કરે છે. તેથી એ કહેવામાં અતિશયોક્તિ નથી કે દેવે પોતાના લોકને જે પ્રેમ કર્યો છે તેનાથી વિશેષ પ્રેમ તેમને કરી શકે છે. આ અદ્‌ભૂત સત્ય શ્રેષ્ઠ રીતે જાણવું, વિશ્વાસ કરવો અને તેનો હર્ષ માણવો તે યોગ્ય છે.

ન્યાયી ઠરાવાયા.[47] જ્યારે કોઈ પશ્ચાતાપરહિત પાપી દેવની આગળ ઊભો રહે ત્યારે ન્યાયાધીશ તરીકે તે માત્ર એક ચૂકાદો આપે - દોષિત ! પણ જ્યારે પશ્ચાતાપી વિશ્વાસી કઠેડામાં ઊભો રહે ત્યારે ચિત્ર બદલાય જાય છે. દેવ ત્યારે પણ ન્યાયાધીશ છે પણ પ્રભુ ઈસુ બચાવ કરનાર વકીલ છે. જ્યારે આરોપો ઘડાયા હોય છે ત્યારે ખ્રિસ્ત આગળ આવીને સફાઈ આપતા કહે છે કે, "નામદાર ન્યાયાધીશ સહેબશ્રી, મારો અસીલ ગુનેગાર છે." પછી પોતાના ઘવાયેલ હાથો, પગો, અને કૂખ તરફ નિર્દેશ કરીને તે આગળ બોલવાનું ચાલુ રાખતા : "પણ તેના ગુન્હાઓનો દંડ મેં પોતે કાલવરીના વધસ્તંભ પર ભરપાઈ કર્યો છે. તેના વતી કરેલા મારા અવેજ કાર્યોને તેની લાયકાત માટે લેખે લેવા અરજ કરું છું" ન્યાયાધીશ સંતોષ સાથે માથું ઝૂકાવે છે. "દોષિતને નિર્દોષ જાહેર કરાય છે." તે કહે છે, "હું તેનામાં એકેય પાપ જોઈ શકતો નથી જેનાથી તેને નર્ક માટે શિક્ષા કરું, હું તેને ન્યાયી ગણું છું. મુકદમો બરખાસ્ત!" આ એ હૃદયદ્રાવક સત્ય હતું જેણે ડબલ્યું.નોએલ ટોમકીન્સને હિંમતથી પડકારનો જોરદાર સામનો કરવા પ્રેર્યો :

પ્રથમ મારા પવિત્ર તારકને પહોંચો

તેને દેવના સન્માનિય સ્થાનથી દૂર કરો
સાબિત કરી આપો કે તેનામાં પાપનો માત્ર ડાઘ છે
પછી મને કહો કે હું અશુધ્ધ છું !

રોય હેશ્યને એક અંગ્રેજને જે રજાઓમાં ફ્રાંસ દેશમાં પોતાની રોલ્સ રોયસ કાર લઈને ગયો તેના વિશે કહ્યું. સંજોગોવસાત તે એક દિવસે એક ખરબચડા રસ્તા ઉપરથી પસાર થતો હતો અને તેની કારનું પાછલા ભાગનું એક્ષેલ તૂટી ગયું. સ્થાનીક ગેરેજવાળાઓ નવું એક્ષેલ નાખવામાં અસમર્થ થયા, પણ ઈંગ્લેન્ડમાંના ઉત્પદકને ફોન કરીને નવા એક્ષેલની વ્યવસ્થા થઈ સાથે તેને જોડવા માટે બે નિપૂણ મિકેનીકની વ્યવસ્થા પણ કરાઈ. મહિનાઓ પછી કોઈ પણ બિલ ન મળતા અંગ્રેજે રોલ્સ રોયસને ઘટનાનો ઉલ્લેખ કરતા ભરણા માટે બિલની માગણી કરતો પત્ર લખ્યો. કંપનીએ પ્રત્યુત્તર આપ્યો, "અમે અમારી સર્વ નોંધો તપાસી છે અને અમને અમારી કોઈ પણ એક્ષેલ તૂટવાની નોંધ મળી નથી." આવી જ રીતે ખ્રિસ્તમાંના વિશ્વાસી સાથે છે. દેવ ચોકસાઈથી સર્વ નોંધોને તપાસે છે અને જ્યાં સુધી દોષ તથા દંડની નિસ્બતને લાગેવળગે છે ત્યાં સુધી વિશ્વાસીના પાપ વિશેની કોઈ નોંધ જડતી નથી.

પવિત્ર કરાયા છે.[૪૮] પવિત્રકરણ એ શાસ્ત્ર આધારિત આશ્ચર્ય છે, જે એ હકિક્તને વર્ણવતા કે દેવ વિશ્વાસીને પાપથી અને જે જગતની સાથે તે જોડાયેલો છે તેનાથી વિભક્ત કરે છે. જેવા તેઓ તારણ પામે છે તેઓ તે પદસ્થાને પવિત્ર કરાયા છે. પછી તેમને પોતાના પદ અનુરૂપ પવિત્રતામાં જીવવાને શીખવવામાં આવે છે. તેમ છતાં, માત્ર સ્વર્ગમાં જ કાર્ય પૂર્ણ થશે.

*ખ્રિસ્ત દ્વારા સેવા થાય છે.*[49] મહાન પ્રમુખ યાજક, મધ્યસ્થ, વકીલ અને સહાયકારી તરીકે તે કૃપા, દિલાસો અને ઉત્તેજન આપે છે. તે પોતાના લોક માટે મધ્યસ્થી કરે છે. જ્યારે તેઓ પાપ કરે ત્યારે તેમને સહવાસમાં પુનઃસ્થાપિત કરવા કાર્ય કરે છે. દિવસ અને રાત શેતાનના આરોપો વિરુધ્ધ પોતાના લોક માટે આજીજી કરે છે.

*માહે વસે છે.*[50] પવિત્ર ત્રિએકતામાંની ત્રીજી વ્યક્તિ, નવા જન્મ વખતે જ દેવના બાળકના શરીરમાં પ્રવેશે છે. એ અદ્ભૂત છે. પણ સત્ય છે કે નાશવંત માનવી દેહ એ પવિત્ર આત્માનું મંદિર છે. આત્મા, પવિત્રતા, ભજન અને સેવાનું સામર્થ્ય છે. તે પ્રારંભીક બદલાણ માટે જવાબદાર છે કે જે સંતોના જીવનનું ચારિત્ર્ય વર્ણન કરે છે.

*આત્મા દ્વારા બાપ્તિસ્મા પામ્યા.*[51] આત્માની આ સેવા જેઓ પસ્તાવો કરે છે અને ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે તેઓને તેના શરીરના સભ્યો બનાવે છે. તારણની ક્ષણે વિશ્વાસીને પૃથ્વીની મહાન સંગતના સભ્ય એટલે મંડળીના સભ્ય બનવાને વિશેષાધિકાર મળે છે. ખ્રિસ્ત આ નવા સમાજનો શીરપતિ છે અને સર્વ સાચા વિશ્વાસીઓ તેના સભ્યો છે. કોઈ પણ શબ્દો ખ્રિસ્તના અનુયાયીઓને તેની સાથે તથા એકબીજાની સાથે એકરૂપ થવાના નિકટના બંધનને વર્ણવી શકતા નથી.

*મુદ્રિત કરાયેલ.*[52] આત્માની આગળ વધતી સેવામાં ઉમેરો કરતા તેને મુદ્રા તરીકે આપવામાં આવે છે જે માલિકીપણું દર્શાવે છે અને અનંત જતનની બાંહેધરી આપે છે. રક્તથી ખરીદાયેલ દરેક પાપી ઉપર આ મુદ્રા કરાયેલ છે.

બાનું અપાયેલ છે.[૫૩] વિશ્વાસીને પવિત્ર આત્મા અપાયો છે જેટલું તે ખાતરીબધ્ધ છે તે જ રીતે સ્વર્ગમાંના મહિમાવંત શરીરના સમાવેશ સાથે તે આખાય વારસા માટે ચોક્કસ છે. આવી રીતે બાનું એક રોકડ રકમ અથવા એક કરારની ગીરોની વસ્તુ છે. સગાઈની વીંટી અમુક સમયે આત્માનું બાનું બતાવવાના દષ્ટાંત તરીકે ઉપયોગ કરાય છે.

અભિષેક.[૫૪] જ્યારે વ્યક્તિનો ઉધ્ધાર થાય છે, તે પવિત્ર આત્માનો અભિષેક પ્રાપ્ત કરે છે. આ બે મહત્વની સેવાઓને સામેલ કરે છે. પ્રથમ, આત્માની શૈક્ષણિક સેવાઓ છે જે પરિવર્તિત વ્યક્તિને સત્ય અને ભૂલ વચ્ચેના ભેદ પારખવાને સમર્થ કરે છે. બીજું, તે પ્રબોધકો, યાજકો અને રાજાઓ જે જૂના કરારમાં અભિષિક્ત થયા હતા તે જ રીતે તે સેવા માટે એકલો જ છે.

પ્રાર્થનામાં દેવ સુધીનો માર્ગ.[૫૫] કેવો શ્વાસ થંભાવી દેનાર અજાયબી- કે દેવના રાજ્યમાં જે સૌથી નાનું છે તે સૃષ્ટિના સર્વાસિત્તાધિકાર પાસે તુરંત તથા સતત માર્ગ છે. વિશ્વાસ દ્વારા તે પૃથ્વી પરથી સ્વર્ગમાંના સિંહાસન કક્ષમાં એટલે પરમપવિત્ર સ્થાનમાં જાય છે અને પ્રેક્ષક તરીકે તે રાજાઓના રાજા પાસે અને પ્રભુઓના પ્રભુ પાસે પહોંચે છે. આ વિશેષાધિકાર સસ્તો આવ્યો નથી પણ ઈસુના રક્ત દ્વારા ખરીદાયેલો છે.[૫૬]

વિશ્વાસીઓનું પ્રાર્થના જીવન વધુ સ્પષ્ટ બને માટે મદદ કરે છે, સદીઓ પહેલા ક્લેરવોક્ષનાં બર્નાડ સલાહસૂચનો આપ્યા હતાં:

એવી રીતે પ્રાર્થના કરો કે સર્વોચ્ચ સિંહાસન આગળ, જ્યાં

હજારો અને હજારો તેની સેવા કરે છે તેના મુખ આગળ ઉપર ચઢે ને રજૂ કરાય.

નવી નાગરિકતા.[૫૭] પરિવર્તન નાગરિકતાના બદલાણને સામેલ કરે છે - પૃથ્વીથી સ્વર્ગ, એવા લોકો કે જેઓ પૃથ્વીના એક સમય રહેવાસીઓ હતા તેઓ હવે અહિંયા પરદેશી, યાત્રાળુ અને અજાણ્યા બની જાય છે. તેઓ નવા શાસકને ઓળખી લે છે અને શ્રેષ્ઠ નિયમોને આધીન થાય છે. પણ એ જ સમયે તેઓ માનવીય અધિકારોને તથા સ્થાનિક નિયમોને ત્યાં સુધી આધીન થાય છે જ્યાં સુધી આ નિયમો શ્રેષ્ઠ નિયમો સાથે ઘર્ષણમાં આવતા નથી. તેમનો "પ્રાચીન દેશ" નાશ થવાને નિર્મિત છે, તેમનો નવો દેશ અનંત છે.

દેવના બાળકો.[૫૮] તારણ વંશાવળીના બદલણાને પણ સામેલ કરે છે. ઉધ્ધાર પામેલાના જન્મના પ્રમાણપત્ર ઉપર દેવને પિતા તરીકે નોંધે છે. તેના વિશે વિચાર કરો - રાજા અથવા વડાપ્રધાનનું બાળક નહિ પણ સૃષ્ટિના સર્જનહાર અને નિભાવનારનું બાળક. આનાથી વિશેષ બીજું કોઈ સન્માન નથી.

દેવના પુત્રો.[૫૯] ચાહે પુરુષ અથવા સ્ત્રી પુખ્ત તરીકે વિશ્વાસીઓને દૈવિય કુટુંબમાં સર્વ વિશેષાધિકાર તથા પુખ્તોની જવાબદારીઓ સાથે લવાય છે. તેઓની સાથે કાયદાકિય બંધન સાથેના બાળકો તરીકે વ્યવહાર કરાતો નથી પણ બંધનમુક્ત સ્વતંત્રતા સાથે જન્મેલા જેવો વ્યવહાર કરાય છે.

દેવના વરસો.[૬૦] અને ખ્રિસ્ત સાથે સાથી વારસો. શીર્ષક સ્વસમજૂતી આપે છે. અને છતાં તેની ઊંડાઈ આપણને હંફાવે છે.

ઈશ્વર પિતા તથા તેના પુત્રની સમૃધ્દ્ધિનું માપ કોણ કાઢી શકે? બધુ મળીને ગુરુત્વકેન્દ્રક બનશે. છતાં તેઓ વારસાઈનું માપ છે જે સર્વ માટે છે જેઓ પ્રભુને પ્રેમ કરે છે.

*પવિત્ર અને રાજમાન્ય યાજકો.*[૬૧] જૂના કરારનું યાજકપદ એક કુળ અને એક કુટુંબ પૂરતું જ હતું. પણ નવા કરારમાં સર્વ વિશ્વાસીઓ યાજકો છે. તેમની બેવડી કામગીરી છે. પ્રથમ, તેઓએ પોતાનો પ્રેમ પોતાના જીવનો, પોતાની સ્તુતિ પોતાની સંપત્તિ, અને પોતાની સેવાઓ દેવને અર્પણ કરવાની છે. પછી તેમણે તેની ઉત્કૃઉંતા બતાવવાની છે જેણે તેમને અંધકારથી પોતાના આશ્ચર્યકારક પ્રકાશમાં તેડ્યા છે.

*વિજેતાથી મહાન.*[૬૨] કોઈ વ્યક્તિ વિજેતાથી મહાન કેવી રીતે થઈ શકે? તે કદાચ જીતે અથવા હારે. તે જીત કરતા પણ વધુ કેવી રીતે કરી શકે? અહિંયા એ વિચાર છે કે વિશ્વાસીઓ તો વિજયી થયેલા જ છે ચાહે તેઓ એકદમ ઘમાસાણ યુધ્દ્ધમાં કેમ ન હોય. તેનું પરિણામ ચોક્કસ જ છે તેઓ વિજેતાના પક્ષમાં છે. કોઈ પણ ચોક્કસ સમયે એવું લાગે કે મોજાઓ તેમની વિરુધ્દ્ધ છે પણ ભરતી તો ચોક્કસ જીતની છે.

*તેની પ્રતિમા ધારણ કરવાને નિર્મિત.*[૬૩] આખી અનંતતા માટે તેની ડાઘરહિત કન્યા તરીકે તેની સાથે. ડાર્બી આને "સર્વ વિચારોથી પર વિચારો" તરીકે ઓળખાવે છે. જેથી પ્રભુની નૈતિક તથા આત્મિક છબીમાં પરિવર્તિત થઈ જાય. અજાયબીમાં ખોવાઈ જઈને તે કહે છે:

શું એવું બની શકે - હું તારા પુત્ર જેવો બની જઉં ?

શું આ એ કૃપા છે જે તે મારી માટે જીત્યો છે ?
મહિમાના પિતા, (સર્વ વિચારોથી પર વિચારો!)
તેની પોતાની ધન્ય પ્રતિમામાંના મહિમામાં લાવે છે.

ટૂંકમાં, સર્વ આત્મિક આશીર્વાદોથી ખ્રિસ્તમાં આશીર્વાદિત થયા.[૬૪] એક દેવના મિત્રએ કહ્યું, "અહિંયા રોકાઈને ભજન કરીએ મારે ઓછામાં ઓછું આટલું તો કરવું જ કેમ કે મારા આત્માની આંખો દુખતી હતી. જ્યારે હું સૂર્ય સામે જોતો રહ્યો હતો."[૬૫] અને જેન ઓસ્ટેનના એક ચરિત્રના શબ્દો ઉછીના લેતા, વિશ્વાસીએ શીખવાની જરૂર છે કે જેને લાયક છે તેના કરતા વધુ આનંદિત થવાની સહનશક્તિ રાખવી જોઈએ.[૬૬]

## અધિક લોકોને કૃપા

ખરી રીતે ખ્રિસ્તમાં જે વિશ્વાસી છે તે ક્યારેય પાપમાં ન પ્રવેશેલા વ્યક્તિ કરતા શ્રેષ્ઠ છે જો આને બીજી રીતે જોઈએ તો, તે અપતિત આદમ કરતા ખ્રિસ્તમાં શ્રેષ્ઠ છે. દુપાઈ સત્ય છે :

પોતાના પિતાએ ખોવેલા આશીર્વાદો કરતા અધિક
આદમના પુત્રએ ખ્રિસ્તમાં મેળવ્યાથી કરે અભિમાન

પોતાની ખરી નિર્દોષતામાં આદમ ક્યારેય પ્રિયમાં સ્વીકારાયો નહિ હોય, અથવા ખ્રિસ્તમાં પૂર્ણ કરાયો નહિ હોય. તે ક્યારેય દેવનો દીકરો બની શક્યો નહિ હોય. તેણે ક્યારેય સ્વર્ગમાં પોતાના ઘર વિશેની આશા રાખી નહિ હોય, અથવા ખ્રિસ્તની પ્રતિમા અનુરૂપ બન્યો નહિ હોય. તે ક્યારેય ઉપરોક્ત દર્શાવેલ આશીર્વાદો માણી શક્યો નહિ હોય.

જ્યાં સુધી તેણે પાપ કર્યું નહિ ત્યાં સુધી તેને પૃથ્વી પર જીવવાનું ચાલુ રાખવાની ખાત્રી મળી હતી. પણ તેને ખ્રિસ્તનું જીવન મળ્યું હોઈ શકે નહિ. તેનામાં કાયમી પવિત્ર આત્માનો વાસ હોઈ શકે નહિ. તેને ક્યારેય એ વિશેષાધિકારોનો આનંદ મળી શક્યા નહિ હોય જે એક પાપી કૃપાથી તારણ પામે છે.

અને ત્યાં હંમેશાં ભયાનક શક્યતા રહેલી હતી કે તે પાપમાં પડી જાય અને એવી રીતે દોષિત થાય. આદમ અને હવાના માથા પર હવામાં લટકતી તરવાર હોય તે મૃત્યુનો ભય રહ્યાં કરતો હતો. જેમ આપણે જાણીએ છીએ કે આદમે પાપ કર્યું અને તેના પાપે દુ:ખ, તકલીફ અને મરણના પહાડ ધસાવી લાવ્યા પણ દેવે પોતાના પુત્રને મોકલીને તારણનો માર્ગ પૂરો પાડ્યો અને માનવીય ગણતરી કરતા વિશેષ વિશ્વાસીઓને સમૃધ્ધ બનાવ્યા. તેથી જેઓએ ક્યારેય પાપ કર્યું નથી એવા કરતા માફી પામેલા પાપી શ્રેષ્ઠ છે. "..... પણ જ્યાં પાપ અધિક થયું, ત્યાં કૃપા તેથી અધિક થઈ"[૭]

શરૂઆતથી અંત સુધી અજાયબ, શ્વાસ થંભાવનાર, અગાધ, ભરપૂર, આપણા સર્વ પાપો કરતા અધિક, દેવની મહેરબાની એ કૃપા છે.

# 6

# એક સુવાર્તા જે ખોટા સમાચાર છે

બીજા પ્રકારની સુવાર્તા પણ છે, જૂઠી સુવાર્તા તે તો જરાય સારા સમાચાર જ નથી અને છતાં વિશ્વના ઘણા બધા લોકો તેને માને છે. તે કહે છે કે સારા લોકો સ્વર્ગમાં જશે. તે એવું કહે છે કે તમે સારી કરણીઓ દ્વારા અથવા સારા ચરિત્ર દ્વારા તારણ કમાઈ શકો છો. વિશ્વના ઘણા બધા ધર્મો એક અથવા બીજી રીતે આ સિધ્ધાંત શીખવે છે. લોકોને તે ખરું પણ લાગે છે, પણ બાઈબલ કહે છે કે તેનો અંત મરણ છે એટલે કે અનંતતા માટે દેવથી વિભક્તિ.[૬૮]

તે નવું નથી. હકિક્તમાં તો તે સર્વ રીતે પાછું એદનવાડીમાં જ લઈ જાય છે. આદમ અને હવાએ પોતાની પાપમય નગ્નતા સંતાડવા પોતાને અંજીરના પાત્રા દ્વારા પ્રયત્ન કર્યો. તેઓ ઈચ્છતા હતા કે તેઓ એવું કંઈક કરીને તેઓ દેવની હાજરીને અનુરૂપ પોતાને બનાવે. પણ દેવે તેમને બતાવવું જ પડે કે તે તો તેમની મોટી ભૂલ છે. તેથી તેણે

તેઓને પ્રાણીના ચામડાના વસ્ત્ર પહેરાવ્યા. આમ કરવા માટે પ્રાણીએ મરવું પડે. તેનું રક્ત વહેવડાવવામાં આવે. આદમ અને હવાએ તો માત્ર એટલું જ કરવું પડે કે વિશ્વાસ દ્વારા દેવના પુરવઠાનો સ્વીકાર કરવો. દેવ તેમને શીખવતો હતો કે પાપ દેવથી વિભક્ત કરે છે કે માણસ તે ખાઈને પૂરી શકતો નથી અને પાપીઓ દેવની પાસે માત્ર અવેજ બલિદાન આધારે કે જેનું રક્ત વહેવડાવ્યું છે તેથી જ આવી શકે છે.

કાઈન પોતાના માબાપની ભૂલથી શીખી શક્યો હોત. તેના બદલે તે દેવની પાસે રક્ત વગરનું બલિદાન લાવ્યો જેનું પરિણામ હતું કે પોતાના હાથોનો શ્રમ, આ તો દેવના માર્ગનો સીધેસીધો જ નકાર અને દેવના શબ્દોનો ઈરાદાપૂર્વક નકાર હતો. તે અનંત નાશમાં પરિણમ્યું. જૂઠી સુવાર્તા ખરી લાગે પણ તે મરણમાં દોરી જાય છે.

છતાં સર્વ સદીઓ પછી પણ તે પસંદગીનો ધર્મ રહ્યો છે. જ્યારે તેના બીજા કાયદાકિય સલાહકારો મરણ પામ્યા ત્યારે અમેરિકાના પ્રેસિડેન્ટે કહ્યું, "મારી ઊંડી આશા છે કે તેમના સારા જીવને તથા તેમણે કરેલા સારા કાર્યો તેમના આત્માને કૃપા અને તારણ મેળવી આપશે."

એક પ્રખ્યાત પાળક, પોસીટીવ થીંકીંગ (હકારાત્મક વિચારધારા) પર વધુ ભાર મૂકવાની નામનાથી પ્રચલિત હતો તેમણે કહ્યું, "જેમ આપણે સારા વિચારો કરીએ છીએ અને આપણે સારા કર્મો કરીએ છીએ, આપણે વિશ્વાસ કરીએ છીએ કે સર્વ લોકો સ્વર્ગમાં જશે."

વિશ્વાસુ પ્રચારકે ચાળીસ મિનિટનું ભાષણ એ હકિકત પર

આપ્યું કે વિશ્વાસ દ્વારા કૃપાથી તારણ છે અને કરણીઓથી નથી. અંતે તે દરવાજા આગળ ઊભો રહ્યો અને એક મુલાકાતીને પૂછ્યું, "શું તમે તારણ પામ્યા છો?" મુલાકાતીએ જવાબ આપ્યો, "બની શકે તેટલું હું ભલું કરું છું."

એક વિશ્વાસીએ એક નવા પરિચિત વ્યક્તિને પૂછ્યું, "શું તમે તારણ પામ્યા છો?" વ્યક્તિએ જવાબ આપ્યો, "કોઈ તે કેવી રીતે જાણી શકે?" તેને સમજ પડી હતી કે જો તારણ ચરિત્રથી અથવા કરણીઓથી છે તો કોઈ પણ વ્યક્તિ ખાતરીથી કહી ન શકે કે તે તેને લાયક છે. ધ્યેય ખૂબ અચોક્કસ અને છેતરનારો છે.

કર્મ દ્વારા તારણે માનવીય મનોમાં એટલે ઊંડે સુધી ઘર કરી કાઢ્યું છે કે તેને નાબૂદ કરવા દેવના આત્માના અલૌકિક કાર્યની જરૂર રહે છે. લોકોનું માનવું છે કે તેઓ પોતાને બચાવી શકશે અથવા પોતાના તારણ પૂરતું તો કરી જ શકશે. તે તેમના અભિમાનને છાવરે છે. તેઓ પોતે કૃપાનું સાધન છે તે રીતે પોતા વિશે તેઓને વિચારવું ગમતું નથી અથવા જેમ તેઓ કહે છે, "દાનદક્ષિણા" તેઓ પોતે સ્વર્ગ કમાઈ શકતા નથી તમને અપરાધજનક લાગે છે.

અને તેથી તેઓ સારા કર્મોથી અથવા સારા ચરિત્રથી તારણ છે તેને સજ્જડ રીતે પકડી રાખે છે. જો કે ઘણા લોકો સાચે જ કૃપા દ્વારા તારણ પામ્યા પછી પણ એ વિચાર પર પાછા લપસી જાય છે કે પોતાને બચાવી રાખવા તેમણે કરણીઓ કરવી જ જોઈએ. આજે મંડળી આ ખોટી માન્યતાથી દુષિત થઈ છે.

શબ્દો કે જે આ જૂઠી સુવાર્તાના નજીકના સગા છે તે નિયમ

પાળવા, કરણીઓ અને દેવું, બીજા શબ્દોમાં તારણ તો દેવું છે જે પાપીએ દેવને ચૂકવવાનું બાકી છે જે તેના નિયમ પાલન અથવા લાયક કરણીઓ દ્વારા થઈ શકે છે. વિચાર તો એ છે કે દેવ એ ન્યાયાધીશ છે જેણે માપદંડના એકમો પકડી રાખ્યા છે. તે વ્યક્તિની સારી કરણીઓને એક તરફ અને ખરાબ કરણીઓને બીજી તરફ મૂકે છે. જે તરફનું પલ્લું ભારી થશે તે તેનું સ્થાન થશે - સ્વર્ગ અથવા નર્ક ચોક્કસ જ્યાં સુધી તે મરતો નથી ત્યાં સુધી તેને ખબર પડતી નથી કે તેનું પલ્લું કઈ તરફ ઝૂકવાનું છે.

તે કૃપા નથી. કૃપા અને કરણીઓ સંપૂર્ણ વિરોધી છે. જે ક્ષણે તમે તેમને ભેળવવા માગશો તો કૃપા રહેતી નથી. ઉદાહરણ તરીકે ખ્રિસ્તી જીવન જીવવા દ્વારા તારણ થયું એમ કહેવું એ કૃપા નથી.[૬૯] કોઈ પ્રકારના કર્મો દ્વારા તારણ થયું એમ કહેવું એ પણ કૃપા નથી. અથવા વિશ્વાસ વત્તા કરણીઓ દ્વારા તારણ થવું એમ કહેવું તે પણ કૃપા નથી. કૃપા જાહેર કરે છે કે આપણે વિશ્વાસ વત્તા કશું જ નહિ દ્વારા તારણ પામ્યા છીએ.

## ધનવાન પણ નિરાશ જુવાન અધિકારી

એક વખત એક ધનવાન જુવાન અધિકારી હતો જે કરણીઓ દ્વારા તારણમાં વિશ્વાસ કરતો હતો.[૭૦] તે ઈસુ પાસે આવ્યો અને પૂછ્યું, "મારે અનંત જીવન પામવા માટે શું કરવું જોઈએ ?" તે પોતે તારણ કમાવવાની ઈચ્છા રાખતો હતો.

જ્યારે ઈસુએ દસ આજ્ઞાઓમાંથી છનો ઉલ્લેખ કર્યો એ બતાવવા કે કરણીઓ દ્વારા સ્વર્ગ મેળવવું એ અશક્યતા છે, પણ

જુવાન અભિમાનથી બોલી ઊઠયો કે તેણે તે સર્વ આજ્ઞાઓ પાળી છે. પણ ખરેખર તો તેણે પાળી નહોતી. તેણે પોતાના જેવો પડોશીને પ્રેમ કર્યો નહોત. જો તેણે કર્યો હોત તો તેણે પોતાની સંપત્તિ ગરીબોને આપી હોત. લોભ તેનું આક્રમણકારી પાપ હતું. એક આજ્ઞા ભંગ કરવાથી તેણે દસે આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે કારણ કે તે એક જ સાંકળની કડી છે. તેને કરણીઓ દ્વારા નહિ પણ કૃપા દ્વારા તારણની જરૂર હતી.

## સ્વર્ગ માટેની બનાવટી ટીકીટ

માનવીય મનમાં સૌથી ઊંડે ઘર કરી ગયેલ ખોટી માન્યતા એ છે કે કરણીઓ દ્વારા તારણ છે. સારા લોકો સ્વર્ગમાં જશે. અહિંયા કર્મોના નમૂના આપ્યા છે કે જેની ઉપર સ્વર્ગમાં જવાની ટીકીટની જેમ લોકો આધાર રાખે છે:

### ધાર્મિક કાયદાકાનૂનોનું પાલન

બાપ્તિસ્મા. એવી સમજદારી છે કે આ ધાર્મિક વિધિ જેઓ તારણ પામેલા છે તેઓ માટે છે. તે તો ખ્રિસ્ત સાથેના જોડાણની સાર્વજનિક કબૂલાત છે અને તેની સાથેના મરણ,દફન અને પુનરુત્થાની ઓળખ છે.

સમર્થન. મંડળીની પ્રણાલી ક્યાંય પણ કોઈ પણ જગ્યાએ બાઈબલમાં મળતી નથી અને તેથી જ તે તારણનું માધ્યમ બની શકે નહિ.

કબૂલાત. માણસ આગળ પાપ કબૂલ કરવાથી પાપોની માફી

મળી શકે નહિ. દેવ જે કબૂલાત સાંભળવાની રાહ જુએ છે તે એ કે ઈસુ ખ્રિસ્તને પ્રભુ અને તારનાર તરીકે કબૂલ કરવો.

*પવિત્ર પ્રભુ ભોજન.* બાપ્તિસ્માની જેમ જ આ પણ પસંદ કરાયેલા ખ્રિસ્તીઓ માટે જ છે. તે તો પ્રભુને તેના મરણમાંની યાદગીરી છે.

*સ્વયંસ્વીકૃતિ પ્રાયશ્ચિત.* આ એવી પ્રવૃત્તિઓ વિશે જણાવે છે કે જેમાં વ્યક્તિ પોતે પોતાના પાપોના પ્રાયશ્ચિત કરવાના પ્રયત્નોમાં ગૂંથાયેલા રહે છે. નવા કરારમાં આનો કોઈ ઉલ્લેખ નથી. દેવ ઈચ્છે છે કે પાપી પસ્તાવો કરે એટલે કે પોતાના પાપો માની લેવા અને માફી માટે તેની પાસે જવું.

*મંડળીનું સભ્યપદ.* એક માત્ર સભ્યપદ જે પ્રભુ પાસે ગણતરીમાં લેવાય છે તે એ કે સાચી મંડળીમાં સભ્યપદ, જે ખ્રિસ્તનું શરીર છે, જે બધા જ સાચા વિશ્વાસીઓ દ્વારા બનેલી છે. તે પણ તારણનું માધ્યમ નથી પણ ખ્રિસ્તમાંના વિશ્વાસનું પરિણામ છે.

*મંડળીની ભજનસેવામાં નિયમિત હાજરી.* તે પોતામાં જ પ્રશંસનીય છે પણ તેને તારણ મૂલ્ય નથી.

*દશાંશ.* જ્યાં સુધી દેવ પાસેથી મહત્વ પ્રાપ્ત કરવાની નિસ્બત હોય તો એક અવિશ્વાસી પોતાની આવકના અમુક ટકા મંડળીને આપે તે નકામું છે. નીખાલસતાથી દેવને તેના નાણાંની જરૂર નથી. દેવ તેનો પસ્તાવો અને વિશ્વાસ જોવા માગે છે.

*ઉપવાસ.* વ્યક્તિના સ્વાસ્થ્ય માટે સ્વનકાર સારો છે અને

વિશ્વાસીઓ માટે આત્મિક ધ્યાનકેન્દ્ર માટે મદદરૂપ છે. પણ અવિશ્વાસીઓ માટે તે તો દેવને પ્રસન્ન કરવા માટેનું રદબાતલ માધ્યમ છે.

*પ્રાર્થનાઓ.* જે પ્રાર્થના તારણ ન પામેલા વ્યક્તિ પાસેથી દેવ સાંભળવા માગે છે તે એ કે, "દેવ મુજ પાપી ઉપર દયાળુ થા અને ઈસુની ખાતર મારો બચાવ કર."

*અત્યંત ધાર્મિક અભિષેક.* આ ધાર્મિક વિધિમાં ધર્મગુરુ વ્યક્તિના સાજાપણા અને તારણ માટે પ્રાર્થના કરે છે જે કટોકટીની સ્થિતિમાં હોય છે. દુઃખદ છે કે શાસ્ત્રોક્ત અધિકારરહિત હોય છે અને તે પૃથ્વી પરના જીવન માટે અથવા અનંત જીવનની કોઈ બાંહેધરી આપતું નથી.

## નિયમ પાલન

*દસ આજ્ઞાઓ.* આપણે પાછળથી જોઈશું કે નિયમોનો હેતુ એ પાપ પ્રગટ કરવાનો છે. અને તેને ધોઈને દૂર કરવાનો નથી.

*સુવર્ણ નિયમ.* એ એક આદર્શ કાર્યનિતિ છે કે બીજાઓ તમને એ કરે તેવું ઈચ્છતા હોવ તો તમે તેમને એ કરો. પણ તેને સંપૂર્ણપણે આધીન થવું એ માનવીય સામર્થ્યની બહાર છે.

*બીજા અન્ય નિયમો.* નવો કરાર એ શિક્ષણ પર ભાર મૂકે છે કે વ્યક્તિ પોતાને બચાવવા કંઈ પણ લાયક કરી શકતો નથી.

## સારું ચરિત્ર

*સારું જીવન જીવવું.* ચાહે આપણું જીવન ગમે તેટલું સારું

હોય, પણ તે દેવના ધોરણ પ્રમાણે ઊણું ઉતરે છે. જે તેના પુત્ર ખ્રિસ્તનું જીવન છે એક જ પાપ આપણને પાપી બનાવી દે છે અને પાપનો મુસારો મરણ છે.

*બીજાઓ કરતા શ્રેષ્ઠ હોવું.* લગભગ કોઈ પણ એમ કહી શકે કે કોઈના કરતા તે શ્રેષ્ઠ છે. કબીલાના સ્તંભ પર કોઈને કોઈ તો હંમેશાં તેનાથી ઉતરતો હોય છે જ, માફ કરજો આ ગર્વ ચાલશે નહિ. જો તે પૂરતું હોત તો સર્વ લોકો બચી જાય સિવાય કે એકદમ પાપી જે અત્યાર સુધીમાં જીવ્યો હોય.

## સારી કરણીઓ

*દાન ધર્મ.* જેઓ જરૂરતવાળા છે તેઓને વહેંચવા માટે કરુણા જરૂરી છે. દાનધર્મની વિરુધ્ધ બોલવું એટલે માતૃત્વની વિરુધ્ધ બોલવા બરાબર છે. પણ મુદ્દો એ છે કે પાપની માટે આ પ્રાયશ્ચિત કરી શકે નહિ.

*પોતાની રીતે શ્રેષ્ઠ કરવું.* દરેકે એવું કરવું જોઈએ, પણ સારી કરણીઓ એ તારનાર નથી તારનાર તો ઈસુ છે.

## વારસાઈ

*ઈશ્વરપરાયણ માબાપથી જન્મ.* તારણ એ કોઈ વારસાઈ બાબત નથી. તે કંઈ રક્તમાં વહેતું નથી. તેના બદલે દરેક વ્યક્તિએ સુવાર્તાને વ્યક્તિગત સહકાર આપવાની જરૂર પડે છે.

*કુટુંબમાં, સેવક, પાળક, અથવા ધર્મશિક્ષક હોવો.* બીજા કોઈના

પદથી વ્યક્તિ વિશ્વાસી બની જતો નથી. આપણું તારણ આપણાં માનવીય મંડળો દ્વારા નથી.

**અન્ય**

સારા માતા અથવા પિતા હોવા અથવા સારા કુટુંબમાં ઉછેર. આ પ્રશંસનીય છે પણ પૂરતું નથી. આપણે જે કંઈ સારું કરી શકીએ છીએ તેના દ્વારા આપણું તારણ થતું નથી.

આમાનું અથવા તેમાંનું કોઈ પણ સંયોજન વ્યક્તિને બચાવી શકે નહિ. જો એમ થઈ શકતું હોત તો ખ્રિસ્તે મરવાની જરૂર પડત જ નહિ. જે કારણે તે મરણ પામ્યો, દટાયો અને પુનરુત્થાન થયો તે એ હતું કે તેનામાં વિશ્વાસ સિવાય બીજી કોઈ અન્ય રીતે તારણ હતું જ નહિ.

જો તમે સૂચિ પર દષ્ટિ કરશો તો તમે જોઈ શકશો કે પૃથ્વીના સર્વ લોકોમાંથી કોઈપણ એક બાબત માટે પણ પહોંચી શકતા નથી. હકિકતમાં જેને સારી કરણી કહેવાય છે તેના વિશે વિચારી શકતા નથી કે જે અનિવાર્યપણે દરેક વ્યક્તિ દ્વારા કરવામાં આવે જ્યારે તમે એવા લોકો વિશે વિચારો કે જેઓને હાથો અથવા પગો ન હોય જેઓ અંધ અથવા ગરીબ છે અથવા મૃત્યુથી એક જ ક્ષણ દૂર છે ત્યારે તમને સમજ પડશે કે કરણીઓ દ્વારા તારણ એ નબળી સુવાર્તા છે. તેની અંદર કોઈ સારા સમાચાર નથી.

સદીઓથી લોકોએ માનવીય મનથી જે કંઈ યોજના કરી શકે તે બધી જ વ્યૂહરચનાઓ કરીને સ્વર્ગ જીતવાનો પ્રયત્ન કર્યો છે : ધ્યાન, સ્વનકાર, આત્મસંયમ, શારીરિક ત્રાસ (જેમ કે ઘૂંટણો પર

પગથિયા ચઢવા) યાત્રાધામો, મઠવાસ અથવા દાનધર્મ કરવું. તે સર્વ પ્રવૃત્તિઓ નિરર્થક છે. કંઈ જ નહિ પણ માત્ર ખ્રિસ્તનું રક્ત જ પાપના ડાઘને ધોઈ શકે છે.

## ઈસુ - વત્તા જૂઠી માન્યતા

ઘણા લોકો છે જેઓ સ્વીકારે છે કે ખ્રિસ્તમાં વિશ્વાસ જરૂરી છે, પણ તુરંત જ તેની સાથે અમુક બીજી અન્ય આવશ્યક્તાઓ જોડી દે છે. પ્રથમની મંડળીમાં અમુક લોકોએ શીખવ્યું કે સુન્નત જરૂરી છે. આજે લોકો બાપ્તિસ્મા, અન્યભાષામાં બોલવું, સાબ્બાથદિન પાળવો, નિયમ પાલન, અને એવા જ કામો ઉમેરે છે. તે એકદમ ખોટું છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત જ એક માત્ર અને પર્યાપ્ત તારક છે. તે તારકપણાનું માન કોઈની અથવા કશાની સાથે વહેંચશે નહિ. વિશ્વાસ દ્વારા કૃપાથી તારણ છે વત્તા બીજું કશું જ નહિ. કૃપા તેનો ભાગ છે, વિશ્વાસ આપણો છે.

## જૂઠી સુવાર્તા ખુલ્લી પાડી

જૂઠી સુવાર્તા વિનાશક રીતે દુષિત છે. બાઈબલ વારંવાર કહે છે કે કોઈ પણ વ્યક્તિ ક્યારેય નિયમપાલનથી અથવા સારી કરણીઓથી તારણ પામી શકશે નહિ.[૭૧] આ બાબતો પાપોનું પ્રાયશ્ચિત કરી શકે નહિ. બીજા હાથે બાઈબલમાં કલમો છે જે કહે છે કે કરણીઓથી સંપૂર્ણ વિભક્ત ખ્રિસ્તમાં વિશ્વાસ દ્વારા તારણ છે.[૭૨]

વ્યક્તિ પોતાની કરણીથી તારણ શોધે છે તે બચી ગયો છે એમ તેને ક્યારેય જાણ થઈ શકતી નથી. તેને ક્યારેય જાણ થતી નથી કે તેણે સારી કરણી અથવા યોગ્ય પ્રકારની કરણી તેણે પર્યાપ્ત કરી હોય. પણ

જ્યારે તમે વિશ્વાસ દ્વારા કૃપાથી તારણ પામ્યા હોવ ત્યારે દેવના વચનના અધિકારે તમે તારણ પામ્યા છો તે જાણી શકો છો. જ્યારે તમને ભેટ મળે છે ત્યારે તમે જાણી શકો છો બાઈબલનો કહેવાનો અર્થ એ જ છે જ્યારે તે કહે છે કે, "અને તે વચન કૃપાથી થાય..... અને અચૂક થાય..... તે વચન વિશ્વાસથી પ્રાપ્ત થાય છે."[૭૩]

જે કોઈ વ્યક્તિ નિયમ નીચે છે તે ક્યારેય અનંતકાળ માટે સુરક્ષિત નથી કારણ કે તે જાણતો નથી કે ભવિષ્યમાં તે શું કરી બેસશે. કરણીઓની સુવાર્તા એ વિનાશક દુષણ છે કેમ કે બધું જ પોતા ઉપર આધાર રાખે છે.

કૃપાની સુવાર્તા બાંહેધરી આપે છે કે ખ્રિસ્તનું એકેય ઘેટું ક્યારેય નાશ પામશે નહિ. જોન કેન્ટનું ભજન આ આત્મવિશ્વાસને પ્રતિબિંબ કરે છે :

જે અનંતતાના બંધનથી બંધાયેલ છે,
તે આત્માને ખ્રિસ્તથી કોણ વિચ્છેદ કરી શકે?
એકવાર તેનામાં, તેનામાં સદાકાળ,
એ અનંત કરાર છે સ્થિર
તારનારના સમર્થ હાથોમાંથી
તમને કોઈ ચૂંટી કાઢશે નહિ.

જે લોકો કરણીઓના પ્રયત્નો કરે છે અથવા પોતાનું તારણ કમાવવાનો પ્રયત્ન કરે છે. તેઓ ગુલામો છે જે અવિરત ઝંખે છે પણ પ્રાપ્ત કરતા નથી. ઈસુએ વિશ્વાસીઓને વચન આપ્યું છે કે જો તે તેમને મુક્ત કરશે તો જ તેઓ મુક્ત થશે.

જૂઠી સુવાર્તાનો ચાવીરૂપ શબ્દ છે કરો. કૃપાનો ચાવીરૂપ શબ્દ છે કરવામાં આવ્યું છે. ખ્રિસ્તે ઉધ્ધારનું કાર્ય ક્યારનું કરી નાખ્યું છે. તેથી તમારે  કરવાની જરૂર રહેતી નથી.

સ્વભાવથી લોકોને કૃપા ગમતી નથી. તેઓને પોતા માટે જોઈતી નથી અને ઈચ્છતા નથી કે દેવ બીજાઓ પર પોતાની કૃપા બતાવે. આ સંદર્ભે તેઓ કંઈ એવા કૂતરા જેવા છે જે ખાય નહિ અને ખાવા દે નહિ. તે એવું છે કે પૂળો ખાય નહિ અને અન્ય પ્રાણીને પણ હાંકી કાઢે છે. ઈસુના સમયના ધાર્મિક આગેવાનોએ લોકો માટે દેવનું રાજ્ય બંધ કરી દીધું હતું. તેઓ પોતે પ્રવેશ્યા નહિ અને બીજાઓને અંદર જતા અટકાવ્યા. તે તો કાયદાકિય નિષ્ણાંતો સાથે હતું. તેઓએ દેવનું વચન લોકોથી દૂર રાખ્યું તેઓ તેમાં પોતે પ્રવેશ્યા નહિ અને જેઓ અંદર જવાના પ્રયત્નો કરતા હતાં તેઓને અવરોધરૂપ બન્યા.

નિયમ કૃપાની સતાવણી કરે છે. જૂના કરારના સમયમાં જ્યારે ઈસ્માએલે ઈસહાકની સતાવણી કરી તેને પાઉલ તે ઘટનાની આ હકિકતને ઉદાહરણ તરીકે એ રીતે જુએ છે.[૭૪] અને તેના કરતા પણ વધુ જડ રીતે ખ્રિસ્તના ક્રૂસારોહણને જુએ છે. તે તો કાયદેસર હતું કે જે કૃપા તથા સત્ય લાવ્યો તેના મૃત્યુની તેઓએ યોજના કરી હતી.

# 7

# ખરા વિશ્વાસીને કહેવું સરળ છે

તમે આમાનું કહી શકો કે કયું મંચ - નિયમ અથવા કૃપા - જ્યારે તમે સરળ પ્રશ્ન પૂછો કે "શું તમે તારણ પામ્યા છો?" અથવા "શું તમે વિશ્વાસી છો?" ત્યારે ખ્યાલ આવે છે કે વ્યક્તિ ક્યાં ઊભો છે.

સાચો વિશ્વાસી આવું કંઈ કહે : "હા, હું દેવની કૃપાથી તારણ પામ્યો છું અને મેં કંઈ કર્યું છે તેના લીધે નહિ."

બાઈબલમાં અમુક ધ્યાનાકર્ષણ ઉદાહરણો છે જેઓને કૃપાની ખરી પ્રશંસા પ્રાપ્ત થઈ છે.

રૂથ તિરસ્કૃત અને નઉં થતી લઘુમતિની સભ્ય હતી. જ્યારે બોઆઝ નામના માણસે અસ્વાભાવિક અને અનઅપેક્ષિત ભલાઈ તેને બતાવી ત્યારે રૂથે કહ્યું, "હું એક પરદેશી છતાં તું મારા પર એટલી બધી કૃપા કરી મારી કાળજી કેમ રાખે છે?"[૭૫] તે કૃપાને સમજી ગઈ હતી.

પ્રભુએ દાઉદ સાથે બીનશરતી કરાર કર્યા પછી, દાઉદે કહ્યું, "હે પ્રભુ યહોવા, હું કોણ, તથા મારું કુટુંબ કોણ કે, આટલે સુધી તું મને લાવ્યો છે?"[૭૬] દાઉદ જાણતો હતો કે તે તેને લાયક નથી.

જ્યારે દાઉદે વ્યવહારિક રીતે જોનાથાનના લંગડા છોકરાને દત્તક લીધો, ત્યારે તેણે કહ્યું કે, "તારો દાસ કોણ કે, મારા સરખા મૂએલા કૂતરા પર તું રહેમનજર રાખે?"[૭૭] મફીબોશેથને સમજ હતી કે રાજાએ તેને મારી નાખ્યો હોઈ શકતો હતો કારણ કે પોતે મફીબોશેથ શાઉલ રાજાનો પૌત્ર હતો કે જે આડકતરી રીતે દાઉદનું ખૂન કરવાની પેરવીમાં સામેલ હતો.

પાઉલ એ હકિકતથી ક્યારેય આંખઆડા કાન ન કર્યા કે તે પહેલા મંડળીની સતાવણી કરનાર હતો તે પ્રેરિત કહેવડાવવાને લાયક જ નથી : "હું વિદેશીઓમાં ખ્રિસ્તની અખૂટ સંપત્તિની સુવાર્તા પ્રગટ કરું, અને સર્વને સર્જનહાર દેવમાં યુગોના યુગથી ગુપ્ત રહેલા મર્મનો વહીવટ શો છે તે હું સઘળાંનો જણાવું, એ માટે હું સંતોમાં નાનામાં નાનો છતાં આ કૃપાદાન મને આપવામાં આવેલું છે.'[૭૮] તેણે ખશીથી કબૂલ્યું કે તે આ લોકોને લાયક ન હતો.

## ભજનો છે જે સારી રીતે તે કહે છે.

અને ઘણાં ખ્રિસ્તી ભજનો કૃપાની આભારી ઓળખને છટાદાર રીતે વ્યક્ત કરે છે કે જેઓએ વિશ્વાસ કર્યો તેમને દેવે બતાવી છે.

સૌથી વધુ જાણીતુ ભજન જે જોન ન્યુટનના અવિનાશી શબ્દો કે :

અજબ કૃપા! કેવી મધુર લાગે,

જેણે મારા જેવા અધમને તાર્યો!
એક વખત હું ખોવાયેલો હતો પણ હાલ જડયો છું,
અંધ હતો પણ હવે જોઈ શકું છું

(આ એક રહસ્ય છે કે ઘણા બધા લોકો આ ભજનને પ્રેમ કરે છે અને ગાય પણ છે. છતાં, તેઓ એવું માને છે કે તેઓ સારા જીવનથી તારણ પામ્યા છે!)
તેની સાથે સાથે આઈઝેક વોટસના શબ્દો આ છે :

આખરે! મારા તારકે રક્ત વહેવડાવવું?
અને મારા સર્વોપરીએ મરણ પામવું?
શું તેણે એ પવિત્ર મસ્તકનું સમર્પણ
મારા જેવા કીડા માટે કરવું?

ચાર્લ્સ ગેબ્રીએલને સમજ પડી ગઈ કે તેનું તારણ માત્ર કૃપાથી જ થયું હતું :

મને ઈસુ દ્વારા પ્રેમ અપાયો માટે હું આશ્ચર્ય સાથે ઊભો રહ્યો,
એકદમ મફત તેણે મને આપી તે કૃપા માટે હું ગૂંચવાયો
એ જાણીને હું ધ્રૂજ્યો કે મારા માટે તે જડાયો-
મુજ પાપી માટે તેણે સહન કર્યું, લોહી વહેવડાવ્યું અને મરણ પામ્યો.

અહિંયા વાર્તાલાપ છે કે ખરેખર રીતે ચાર્લ્સ સીમ્યોન જ્યારે પ્રથમ વખત જોન વેસ્લીને મળ્યો ત્યારે બન્યું હતું :[૭૯]

સીમ્યોન : હું સમજુ છું કે તને આર્મેનીયન[૮૦] તરીકે બોલાવવામાં આવે છે અને મને અમુક વખત કાલ્વીનીસ્ટ તરીકે બોલાવવામાં આવે છે. અને તેથી મને એવું લાગે છે કે આપણે કટારો ખેંચવા જઈ રહ્યાં છીએ. પણ સહમત થઈને સ્પર્ધા શરૂ કરીએ તે પહેલા હું તને થોડા

સવાલો પૂછવા માગું છું. શું તું પોતાને નિતિભ્રષ્ટ જીવ તરીકે અનુભવે છે, એટલે નિતિભ્રષ્ટ કે જો દેવે પ્રથમ તારા હૃદયમાં મૂક્યું ન હોત તો તું દેવની પાસે પાછો વળવાનું પણ વિચારી ન શકે ?

વેસ્લી : હા, હું ચોક્કસ માનું છું.

સીમ્યોન : અને તું જે કંઈ કરે છે તે દ્વારા દેવ પાસેથી પ્રશંસા પામવામાં તારા પોતાને એકદમ નિરાશ જુએ છે. અને તારણ માટે માત્ર ખ્રિસ્તના રક્ત અને ન્યાયીપણાને જુએ છે શું ?

વેસ્લી : હા, માત્ર એકલા ખ્રિસ્ત દ્વારા જ.

સીમ્યોન : પણ ધારો કે પ્રથમ ખ્રિસ્ત દ્વારા તું તારણ પામ્યો પણ પછીથી શું તું કોઈક રીતે અથવા અન્ય રીતે તારા પોતાના સામર્થ્યથી પોતાને બચાવી નહિ શકે ?

વેસ્લી : ના, પ્રથમથી તે છેલ્લે હું ખ્રિસ્ત દ્વારા જ તારણ પામીશ.

સીમ્યોન : ધારો કે તમે પ્રથમ દેવની કૃપાથી પાછા વળ્યા પણ શું તમે પોતાના સામર્થ્યથી પોતાને એક અથવા બીજી રીતે જાળવવા માગતા હોવ ?

વેસ્લી : ના.

સીમ્યોન : પછી તો તમે દરેક ક્ષણે અને દરેક કલાકે જેમ શીશુને માતા પોતાના હાથોમાં સંભાળી રાખે છે તેમ દેવ તમને સંભાળી રાખે છે શું ?

વેસ્લી : હા સર્વ કરીને.

સીમ્યોન : શું તમારી સર્વ આશા દેવની કૃપામાં અને ધ્યેયમાં તેના સ્વર્ગીય રાજ્ય માટે સંઘરી રખાયેલ છે ?

વેસ્લી : હા, મને કોઈ આશા નથી પણ તેનામાં છે.

સીમ્યોન સંતુઉં થયો. તેને સ્પર્ધા કરવાનું કોઈ કારણ મળ્યું નહિ. તેણે મૂલ્યાંકન કરતી કટાર પાછી તેના મ્યાનમાં મૂકી દીધી.

આ બંને માણસો દૃઢતાથી કૃપાના મંચ ઉપર ઊભા હતાં.

# 8

# તમારી બોલી તમને ઠગે છે

જે ઓ કરણીઓના મંચ પર છે તેઓ પોતાના પદ દ્વારા અનુસરતી બાબતો કહેતા દગો કરે છે :

"હું શ્રેષ્ઠ કરી રહ્યો છું"

અહિંયા સમસ્યા એ છે કે તમારું શ્રેષ્ઠ એટલું પૂરતું નથી. તમે જે સર્વ "શ્રેષ્ઠ" અર્પણ કરો છો તે દેવની દૃષ્ટિમાં મેલા ચિંથરા સમાન છે.

"ઘણા બધા લોકો ખરાબ છે તેવો ખરાબ હું નથી." તે સાચુ હોઈ શકે છે પણ તમે દેવની સંપૂર્ણતાના ધોરણ પ્રમાણે અધૂરા છો અને તમને તારણની જરૂર છે.

"હું સારો વિશ્વાસી બનવાનો પ્રયત્ન કરું છું, હું મારા પડોશીઓ પ્રત્યે ભલો છું અને સારું જીવન જીવું છું."

તમે પ્રયત્ન કરવા દ્વારા વિશ્વાસી બની શકતા નથી. તમે પ્રભુ ઈસુમાં ભરોસો કરવા દ્વારા વિશ્વાસી બનો છો. જૂનું ભજન કહે છે :

પ્રેરકબુધ્દ્રિ તમને વિલંબ ન કરાવે
યોગ્યતા તમને ખોટા પ્રિય સ્વપ્નો ન બતાવે
જે યોગ્યતા તે માગે છે
તે કે તમે તેની જરૂરત અનુભવો
-એચ. સ્માર્ટ

"હું પ્રમાણિક છું તે પર્યાપ્ત નથી?"

વ્યક્તિ પ્રમાણિક હોઈ શકે છે સાથે પ્રમાણિક્તાથી ખોટા પણ હોઈ શકે છે. શું તમે એ પિતા વિશે વાંચ્યું છે કે મધ્યરાત્રીએ નીચે ઊતરી આવ્યા એ વિચારતા કે તેમણે ચોરનો અવાજ સાંભળ્યો છે ? જ્યારે તેણે નીચે ઓરડામાં સળવળ જોઈ તેમણે બંદૂકનો ધડાકો કર્યો અને પોતાની પ્રિય નાનકડી દીકરીને મારી નાખી. તેણે પ્રમાણિકતાથી જોયું, પણ ભયાનક રીતે ભૂલ કરી.

"હું હંમેશાં વધુ ધાર્મિક રહ્યો છું."

અમુક વખતે વ્યક્તિ વિશે સૌથી ખરાબ બાબત હોય તો તે તેનો ધર્મ છે તે તેના માટેની ખ્રિસ્તની જરૂરત સંતાડે છે. વોરેન વિયર્સ્બી કહે છે, આજના "મોટાભાગના 'ધાર્મિક' લોકોની જેમ પાઉલની પાસે પણ પોતાને મુશ્કેલીઓથી દૂર રાખવા પર્યાપ્ત નૈતિકતા હતી, પણ તેને સ્વર્ગમાં લઈ જઈ શકે તેટલું પર્યાપ્ત ન્યાયીપણું ન હતું ! પાઉલને ઈસુથી દૂર રાખનાર કોઈ ખરાબ બાબતો ન હતી પણ સારી જ બાબતો હતી જેણે તેને દૂર રાખ્યો હતો! તેણે તારણ મેળવવા 'ધર્મ' ને છોડવો જ પડે."[૯૧]

"હું આશા રાખું છું કે હું સ્વર્ગમાં જઈશ."

તમારે જાણવું જોઈએ કે આશા એ પર્યાપ્ત નથી. તમારે ચોક્કસ હોવું જોઈએ કદાચ તમારી આશા ખોટી હોય તો.

"મારા દાદા સેવક હતાં."

આ બાબત સંપૂર્ણપણે એ હકિકતનું દુર્લક્ષ સેવે છે કે તારણ એ એકદમ વ્યક્તિગત બાબત છે. તમારા દાદાનો મોભો તમને બચાવી શકે નહિ. કૃપા પ્રજોત્પત્તિમાં આગળ વધતી નથી. તારણ એ વંશવેલાની બાબત નથી.

"દેવ જ્યાં સુધી પોતાનું માપ કાઢતો નથી ત્યાં સુધી તમે જાણી શકતા નથી."

જો તમે તમારી કરણીઓ પર આધાર રાખો છો તો પછી તમે ઘણા મોડા પડશો. જો તમને દેવની ભેટ મળે છે તો તમે અત્યારે જાણી શકો છો, જેમ કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા અનંત જીવન.

"હું વિચારું છું કે મને સારી તક છે."

જ્યાં સુધી તમે પોતાની ઉપર આધાર રાખો છો અને તારણહાર ઉપર નહિ તો તમને બિલકુલ કોઈ જ તક નથી.

"મારા વિશે હું અનુમાન કરી શકું છું કે હું બચી ગયો છું."

જો તારણ કરણીઓ દ્વારા હોત તો તે સાચું કહેવાય. પણ જ્યારે તે સામાન્ય વિશ્વાસ દ્વારા મફત ભેટના આધારે છે ત્યારે કોઈ જ અનુમાન રહેતું નથી. દેવ કહે છે કે જેઓએ વિશ્વાસ કર્યો છે અને

પસ્તાવો કર્યો છે તેઓ તારણ પામ્યા છે તે માનવું શું તે અનુમાન છે ? ના, એ તો તેના વચન પર શંકા કરવી તે અનુમાન છે. ખરી રીતે ત્યાં જ અનુમાન રહેલું છે.

સૌ પ્રથમ મારે મારું જીવન શુધ્ધ કરવાનું છે, મારે ના કરવું જોઈએ?

ના, તમારે કરવું જોઈએ નહિ. દેવ તમને જેવા છો તેવા જ સર્વ પાપો સાથે તેની પાસે આવવા માટેનું આમંત્રણ આપે છે. જો તમે સારા બનો ત્યાં સુધી તમે રાહ જોશો તો તમે ક્યારેય તેની પાસે આવી શકશો નહિ. દેવ સારા લોકોને અથવા એવા લોકો કે જેઓએ પોતાને શુધ્ધ કરવાના પ્રયત્ન કર્યા છે તેઓને શોધી રહ્યાં છે એવું નથી. તે તો નાસ્તિક પાપીઓને શોધી રહ્યાં છે. જેને તે બચાવે, ન્યાયી કરે અને મહિમાવંત કરે.

"મને ભય છે કે હું તેને પકડી રાખી શકીશ નહિ"

એક વાર જ્યારે તમને ભાન થઈ જાય છે કે તારણ તો માત્ર કૃપાથી જ છે ત્યારે તમને ભય રાખવાની જરૂર રહેતી નથી. તમારે પોતાને પ્રથમ સ્થાને બચાવવા તમે પકડી રાખી શકતા નથી. પણ એજ અદ્‌ભૂત તારણહાર જે તમને તારણ એક મફત ભેટ તરીકે આપે છે. તે તમને "ઠોકર ખાતા બચાવવા અને પોતાના ગૌરવની સમક્ષ તમને પરમાનંદસહિત નિર્દોષ રજૂ કરવા સમર્થ છે."[૪૨]

આગળ વધતા દરેક વિધાનો ઉપર માત્ર પોતાની ઉપર જ ભાર મૂકાયો છે તેની નોંધ કરો. તારણહાર માટે એક પણ શબ્દ નથી. વ્યક્તિ વિચારે છે કે દરેક બાબતો પોતાની ઉપર અથવા પોતે જે કંઈ કર્યું છે તેની ઉપર આધારિત છે.

# 9

# કરણી સાથે શું ખોટું છે ?

અપણે જે કંઈ કહ્યું છે તેના પરથી એવું લાગે છે કે આપણે કરણીઓમાં   માનતા નથી. એ ગેરસમજ છે.

જ્યારે આપણે કહી રહ્યાં છે કે કરણીઓ દ્વારા તારણ પામ્યા નથી તેનો અર્થ છે કે લાયક કરણીઓ, બીજા શબ્દોમાં એવી કરણીઓ કે જે આપણું તારણ કરવા દેવને ફરજ પાડે. આપણો અર્થ છે કે એવી કરણીઓ કે જેનાથી આપણે સ્વર્ગમાંના આપણા સ્થાન માટે લાયક બનીએ અથવા તેને કમાવવાનું કરીએ.

ખરી રીતે પસ્તાવો અને વિશ્વાસ એ કરણી છે તેમાં પણ સમજ રહેલી છે પણ તેઓ પાત્રતા માટે નથી. પસ્તાવો એટલે પાછું વળવું જેથી તમારું મુખ દેવ તરફ હોય અને તમારી પીઠ પાપ તરફ હોય. વિશ્વાસ એટલે દેવના વચન પર ભરોસો કે જેનાથી ક્યારેય જૂઠું બોલી શકાતું નથી. પસ્તાવો અથવા વિશ્વાસ એવા નથી કે જેના માટે તમે અભિમાન કરી શકો. એ તો કારણદર્શક કૃત્યો છે જે દરેક વ્યક્તિએ કરવા જોઈએ.

જો કોઈ પાપી પ્રથમ સારી કરણી કરવા માગે તો તે ખ્રિસ્ત પર વિશ્વાસ કરી શકે છે. જ્યારે યહુદીઓએ ઈસુને પૂછ્યું, "અમે દેવના કામ કરીએ તે સારું અમારે શું કરવું જોઈએ?ઈસુએ તેઓને ઉત્તર આપ્યો કે, જેને તેણે મોકલ્યો છે તેના પર તમે વિશ્વાસ કરો, એ જ દેવનું કામ છે.'"[૮૩]

જ્યાં સુધી તે આ કરતો નથી ત્યાં સુધી તેની સારી કરણીઓ દેવની દૃષ્ટિમાં ખરાબ કરણીઓ છે. જ્યાં સુધી પ્રભુને નિસ્બત છે ત્યાં સુધી તેણે જે કંઈ પણ શ્રેષ્ઠ અર્પણ કર્યું હશે તે માત્ર મેલા ચિંથરા સમાન છે.[૮૪] પણ જ્યારે વ્યક્તિ નવો જન્મ પામે છે ત્યારે તે સર્વ બદલાઈ જાય છે. ત્યાર પછી તે જે કંઈ દેવની આધીનતામાં કરે છે તે હવે સારી કરણીઓ છે. તે જે કંઈ પ્રભુ માટે કરે છે તે પાત્રતા પામે છે. ચાહે સૌથી સામાન્ય અને હલકું કામ પણ સારી કરણીઓ બની જાય છે. જ્યારે તે દેવને પ્રસન્ન કરવાની દૃષ્ટિથી કરવામાં આવે છે. અમુકવાર આપણે સારી કરણીઓ દયા અને દાન સુધી અને વિવિધ ખ્રિસ્તી સેવાઓ સુધી જ સિમિત રાખીએ છીએ. પણ આપણી દૈનિક જવાબદારીઓ અને ઘરના કામ પણ દેવ આગળ ગણતરીમાં લેવાય છે અને આપણે ખ્રિસ્તના રાજ્યાસન આગળ તેનો બદલો પામીશું.

સારી કરણીઓ તારણનું ફળ છે મૂળ નહિ : તે પરિણામ છે કારણ નહિ, બાઈબલ સારી કરણીઓ કરવાના શિક્ષણ માટે ભરપૂર છે,[૮૫] તારણ પામવા માટે નહિ પણ કારણકે તારણ પામ્યા છે માટે. આપણે સારી કરણીઓ દ્વારા તારણ પામ્યા નથી, પણ સારી કરણીઓ કરવાને તારવામાં આવ્યા છે. તે તો તેનું પરિણામ અને તારણની ખાતરી છે.

દેવે જે જોડ્યું છે તેને આપણે જુદું પાડવું નહિ, તેણે વિશ્વાસ અને તારણ, કરણીઓ અને બદલો સાથે જોડ્યા છે. માત્ર આ બે લગ્નને જ યાદ રાખો અને સર્વ સારા વાના થશે.

# 10

# આ સવાલનો મને જવાબ આપો

જો તમે પાપ કરો છો, તો તમારું તારણ ખોઈ બેસો છો, શું તમે ખોઈ બેસતા નથી ?

નિરપવાદ પ્રશ્ન ઉદ્‌ભવે છે, "વિશ્વાસી જ્યારે પાપ કરે તો શું તે પોતાનું તારણ ખોઈ બેસતો નથી?" ચોક્કસ ના, અનુસરતી બાબત ધ્યાન પર લો :

ઈસુએ કહ્યું કે તેનું એકેય ઘેટું નાશ પામશે નહિ,[૮૬] એ બાબતનું સમાધાન પર્યાપ્ત છે.

તારણ એ કૃપાની ભેટ છે. જ્યારે દેવ ભેટ આપે છે તો તે ક્યારેય પાછી લઈ લેતો નથી.[૮૭]

એક જ કૃપા જે બચાવે છે તે જ જાળવી રાખે છે.[૮૮]

દેવની ભેટ અનંત જીવન છે.[૮૯] "અનંત" એટલે સદાકાળ.

જ્યારે વ્યક્તિ તારણ પામે છે તે અથવા તેણી નવા જન્મ દ્વારા દેવનું બાળક બને છે.[૯૦] એક વખત જ્યારે જન્મ થાય છે તો તે ક્યારેય બદલાતું નથી. અથવા ન થયું હોય તેવી સ્થિતિમાં પાછું થતું નથી. તે સદાકાળ માટે છે. સંબંધ એ અતૂટ સાંકળ છે.

જેમ વ્યક્તિ ન્યાયી ગણવામાં આવે છે તેવી જ ખાતરી તેની માટે છે એટલી ખાતરી કે તે વ્યક્તિ એક દિવસ મહિમાવંત થશે.[૯૧]

પવિત્રઆત્મા વ્યક્તિમાં સદા માટે વાસ કરે છે.[૯૨] માત્ર ત્યાં સુધી જ નહિ કે તે પાપ કરે છે.

પવિત્રઆત્મા વિશ્વાસીને આતુરતાને લીધે અથવા સ્વર્ગના સમને લીધે આપવામાં આવે છે.[૯૩] તે આખરી મહિમાની બાંહેધરી છે.

પવિત્રઆત્મા વિશ્વાસી પર મુદ્રા છે, પ્રભુના માલિકીપણાની સાબિતી છે. અને સ્વર્ગમાં તેને મહિમાવંત શરીર પ્રાપ્ત થાય ત્યાં સુધી તેની સુરક્ષા છે.[૯૪]

પ્રભુ ઈસુએ દેવ સાથે આપણું સમાધાન ત્યારે કર્યું જ્યારે આપણે તેના દુશ્મન હતાં. તો પછી સ્વર્ગમાંની તેની વર્તમાન સેવા દ્વારા કેટલી વધુ સારી રીતે આપણને જાળવી રાખશે![૯૫] આપણે જતા ન રહીએ તે માટે તેણે અતિ ઘણી મોટી કિંમત ચૂકવી છે.

વિશ્વાસીઓને ક્યારેય દોષિત નહિ ઠરાવાય.[૯૬] હવે દેવ તેના પિતા છે, તેના ન્યાયધીશ નથી.

ખ્રિસ્તે વિશ્વાસીના પાપોનો દંડ ચૂકવી દીધો છે.[૯૭] તેનો અર્થ છે

કે વિશ્વાસીએ તેની માટે ક્યારેય ચૂકવવાની જરૂર રહેતી નથી. એક જ ચૂકવણી સદાને માટે પૂર્ણ કરે છે.

પ્રભુ ઈસુએ કાર્ય પૂર્ણ કર્યું છે.[૯૮] તમે પૂર્ણ કરેલ કાર્યમાં ઉમેરી શકતા નથી. અને તમારે તેમ કરવાની જરૂર પણ રહેતી નથી.

દેવના પ્રેમથી વિશ્વાસીને સૃષ્ટિની કોઈ પણ બાબત વિભક્ત કરી શકે નહિ.[૯૯]

એ સત્ય છે કે બાઈબલમાં અમુક કલમ છે જે એમ કહેતી હોય તેમ લાગે છે કે વ્યક્તિ એકવાર તારણ પામ્યા પછી પાપ કરે તો તેના પરિણામે તારણ ખોઈ બેસે છે. આમાંની મોટાભાગની કલમો નવો જન્મ પામેલ વિશ્વાસી કરતા નામધારી ખ્રિસ્તી વિશે કહે છે. અમુક ભાગો તારણ કરતા સેવાના સંદર્ભમાં છે અને ઘણી કલમો ધર્મત્યાગ વિશે વર્ણન કરે છે. જેઓએ એક વખત ખ્રિસ્તમાં વિશ્વાસ જાહેર કર્યો અને પાછળથી ખ્રિસ્તનો પરિત્યાગ કર્યો તે દર્શાવે છે કે તેઓ ક્યારેય ખરી રીતે પરિવર્તિત થયા જ ન હતાં.

## હા, પણ જો વિશ્વાસી પાપ કરે તો?

જ્યારે વિશ્વાસી પાપ કરે તો શું થાય?

તેની સંગત દેવ સાથે તૂટી જાય છે.[૧૦૦] તો પણ દેવ તેનો પિતા છે[૧૦૧] પણ તેની સાથેનો સંયોગ અવરોધાય છે.

તેની વિશ્વાસીઓ સાથેની સંગત તૂટી જાય છે.[૧૦૨]
તે તારણનો આનંદ ખોઈ બેસે છે.[૧૦૩]

તે સામર્થ્ય ખોઈ બેસે છે.[૧૦૪]

તે અસરકારક સાક્ષી ખોઈ બેસે છે તેના હોઠો સીવાઈ જાય છે.[૧૦૫] ત્યારે પણ તે ખ્રિસ્તની લાયકાત દ્વારા સ્વર્ગ માટે યોગ્ય છે પણ પૃથ્વી પર સેવા કરવા માટે તે અયોગ્ય બને છે.

જો પાપ સાર્વજનિક પ્રકારનું હોય તો તે પ્રભુ ઈસુના નામને કલંકિત કરે છે અને તારણહારના દુશ્મનોને નિંદા કરવાનો અવસર મળે છે.[૧૦૬]

તે જૂઠાણું જીવે છે. તેના કૃત્યો તેના બદલાણની વાસ્તવિક્તા ઉપર શંકા ઉપજાવે છે.[૧૦૭] તે મોટી વાતો અને ધીમી ચાલનો કિસ્સો છે. તે મલાઈવાળી વાતો કરે છે પણ વલોવાઈને બાકી રહેલી છાશ જેવું જીવે છે.

તે પ્રાર્થનામાં દેવ સાથે સંપર્ક ખોઈ બેસે છે.[૧૦૮]

તેની કરણીઓ રાખ થઈ જશે પણ તે પોતે નહિ.[૧૦૯]

તે પોતાની તંદુરસ્તી ખોઈ શકે છે.[૧૧૦]

તેની જીવન નાવ તૂટી જવાના જોખમમાં છે.[૧૧૧] પ્રભુની સેવાની નિસ્બત છે ત્યાં સુધી પાછા પડેલા વ્યક્તિનો એક નિર્ણય તેને પોતાના બાકી જીવન માટે અભરાઈઓ પર ચઢાવી દે છે.

તે પૃથ્વી પર પોતાનું દૈહિક જીવન ખોઈ બેસે છે.[૧૧૨]

તે ખ્રિસ્તના રાજ્યાસન આગળ પોતાનો બદલો ખોઈ બેસે છે.[૧૧૩]

તેમ છતાં પરિસ્થિતિ આશારહિત નથી. દેવ પાસે પાછા જવાનો

માર્ગ છે જેવા તે પોતાના પાપ કબૂલ કરીને તેનો ત્યાગ કરે છે.[૧૧૪] તેને ઈશ્વર તેના પિતા તરફથી માફી મળે છે. ૧યોહાન ૧-૯ આ બિંદુ પર ભાર મૂકે છે, તે કહે છે જો આપણે આપણા પાપ કબૂલ કરીએ તો આપણા પાપ માફ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે. પાપ કરતા સંતની જવાબદારી છે કે તે કબૂલ કરે એટલે કે પોતાના પાપનો સ્વીકાર કરવો, તેમને દેવની હાજરીમાં પોતાના નામથી બોલાવવા. તેણે પ્રભુની પાસે માફીની ભીખ માગવાની જરૂર નથી. જો કે તે પ્રમાણે તેમાં આવી જાય છે તો પણ તેણે રુદન કરવાની જરૂર નથી. તેણે તો હૃદયથી તેને કબૂલ કરી લેવાના હોય છે.

દેવ માફ કરવાને વિશ્વાસુ છે કારણ કે તેણે વચન આપ્યું છે કે તે તેમ કરશે. તે માફ કરવાને ન્યાયી છે કારણ કે ખ્રિસ્તનું અવેજપૂર્ણ કાર્ય તેને તેમ કરવાનો ન્યાયીમાર્ગ પૂરો પાડે છે. તે માફ કરે છે એટલું જ નહિ, તે સર્વ અન્યાયથી શુધ્ધ કરે છે. નોંધ સાફ થઈ છે. દોષ જતો રહ્યો છે, પ્રેરકબુધ્ધિનો દોષિત ઠરાવતો અવાજ શાંત થઈ ગયો છે.

જ્યારે તારણ ન પામેલ વ્યક્તિ પસ્તાવો કરીને પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે ત્યારે તે કાયદેસર પાપોની માફી પ્રાપ્ત કરે છે. વિશ્વાસી જ્યારે કબૂલાત કરે ત્યારે તેને પાપોની માબાપ જેવી માફી પ્રાપ્ત થાય છે.

સાવચેતી એક નોંધ ઉમેરવી જોઈએ. જોકે વિશ્વાસીઓના પાપ તે જ ક્ષણે તેને માફ થાય છે. જ્યારે તે તેની કબૂલાત કરે છે, પણ પાપની અસરો વારંવાર રહે છે. એ સમાજમાં તે પાપ કરી શકતો નથી અને તેનાથી દૂર થાય છે.

## હું એવા માણસને જાણું છું જે તારણ પામ્યો અને તેને પાછું ખોઈ બેઠો તેના વિશે શું કહેશો ?

આ બિંદુ પર, હું વિચારું છું કે હું કોઈને એમ કહેતા સાંભળું છું, "હું એવા માણસને જાણું છું જે વિશ્વાસી હતો, પણ તે પાપમાં પડી ગયો અને તે હવે તારણ પામેલો રહ્યો નથી. તેના વિશે તમે શું કહેશો?"

વિવિધ હકિકતોની નોંધ લેવી જોઈએ પ્રથમ કે માત્ર જેઓ વિશ્વાસી હોવાનો દાવો કરે છે અને બીજા કે જેઓ ખરી રીતે નવો જન્મ પામેલા છે તે બંને વચ્ચે તફાવત છે. નામધારી વિશ્વાસીઓ છે અને ખરા વિશ્વાસીઓ પણ છે, જો વ્યક્તિ કહે કે તે તારણ પામ્યો છે છતાં તે જીવનમાં પાપ કરતો જ રહે છે ત્યારે તેની કબૂલાત વિશે શંકા કરવી તે સાચું કારણ છે. જ્યારે ખ્રિસ્ત માહે આવે છે તો તે જીવનમાં ફેરફારો લાવે છે.

પછી એવા લોકો પણ છે કે જેઓ વિશ્વાસમાંથી પાછા પડી ગયા છે. તેઓ સાચે જ તારણ પામ્યા હોય છે પણ પછી દેવથી ભટકી ગયા હોય છે, પિતર તેનું ઉદાહરણ છે. તેણે સાચે જ પ્રભુને પ્રેમ કર્યો હતો પણ તે પાપમાં પડી ગયો. પાછા પડી ગયેલા દેવની શિસ્ત દ્વારા આ જીવનમાં પુનઃસ્થાપિત થાય છે અથવા સ્વર્ગમાં અગલ કરાય છે.

ધર્મત્યાગ કરનાર પણ એક અલગ વર્ગ છે જેનું ઉદાહણ છે યહુદા. આ

લોકો ક્યારેય નવો જન્મ પામ્યા હોતા નથી પણ તે વિશ્વાસી હોવાનો ઢોંગ કરે છે. અમુક લોકો બાપ્તિસ્મા લઈને સ્થાનિક મંડળીમાં સભ્ય

તરીકે જોડાયેલા હોય છે. પણ પછી તેઓ ખ્રિસ્તનો દ્વેષભાવથી ઈનકાર કરે છે અને ખ્રિસ્તી સત્યનો નકાર કરે છે. આવા ધર્મત્યાગીઓનું બદલાણ અશક્ય છે.

આ સર્વ બાબતોમાં આપણે આપણાં સિધ્ધાંતો અનુભવ અથવા લાગણીઓના આધારે લાગુ કરી શકતા નથી. પરિક્ષા તો એ છે કે, "બાઈબલ શું કહે છે?" બાઈબલ એવું કહે છે કે સાચો વિશ્વાસી સદાને માટે બચાવવામાં આવ્યો છે.

**તે એકદમ સરળ છે. શું એ વિચારવું યથાર્થ નથી કે તારણ એ મફત ભેટ છે. શું તમે વિચારી શકતા નથી કે તમારી સુવાર્તા અતિ સસ્તી છે?**

બાઈબલ આધારિત જવાબ છે કે આપણી માટે સસ્તુ છે પણ તારણહાર માટે સસ્તુ ન હતું. તેને તો સર્વ આપી દેવું પડ્યું. ભેટના મૂળ સ્વભાવમાં જ છે કે આપનાર માટે કિંમતી છે પણ મેળવનાર માટે તો નથી. જો માણસો વર્ષગાંઠની ભેટ, લગ્નની ભેટ, અથવા નાતાલની ભેટોનો નકાર નથી કરતા તો પછી શાં માટે સર્વથી મહાન ભેટોનો નકાર કરવો?

"અતિ સસ્તા" પાછળ તો માનવીય અભિમાન રહેલું છે. લોકો અસાધ્ય રીતે એ માન્યતાની લતમાં લપેટાયેલા છે કે તેઓ સ્વર્ગ માટેની પોતાની ટીકીટ ખરીદવા કંઈક પાત્ર કરવાને લાયક બાબતોનો ફાળો આપી શકશે. પણ કૃપા તે શક્યતાઓને તોડી પાડે છે. તેથી તેઓને તે ગમતું નથી. તેઓ તેને નકારે છે.

11

# કૃપાનો ગેરવહીવટ અને દુરુપયોગ

બીજી અન્ય સારી બાબતોની જેમ જ કૃપાનો દુરુપયોગ થઈ શકે છે.

અગ્નિ અને પાણી મોટા આશીર્વાદો છે. પણ ખોટી રીતે તેનો ઉપયોગ થઈ શકે છે. દેવના સર્વસત્તાધારીપણાને મરડીને જૂઠાણાં શીખવી શકે છે. જે કંઈ થવાનું છે તે જ થવાનું છે અને તમે તે વિશે કશું જ કરી શકતા નથી. પસંદગીના સિધ્ધાંતનો અમુક વખતે એ સૂચવવા અવળો અર્થ કરવામાં આવે છે કે સુવાર્તાપ્રચાર કરવો એ સમય અને પ્રયાસોનો બગાડ છે.

કહેતા દુઃખ થાય છે કે બેફિકર જીવવા માટે દેવની કૃપાને બહાના તરીકે ઉપયોગ કરવો શક્ય છે. વિશ્વાસી માટે શક્ય છે કે તે અથવા તેણી સર્વ પ્રકારના અનહદ ભોગવિલાસમાં ઢૉંગ કરીને લાગુ

રહેવા સ્વતંત્રતાનો ઉપયોગ કરી શકે છે. આનો અર્થ એ નથી કે સિધ્ધાંત ખામીયુક્ત છે. માત્ર તેનો અર્થ એ છે કે અમુક લોકો નાસ્તિક વર્તનોને અવિચારી રીતે ન્યાયી ઠરાવે છે ને જો તેઓ શાસ્ત્રના ઉપયોગ દ્વારા કરી શકે તો તેઓ વિચારે છે તેમ તેઓ સારી રીતે કરે છે.

એ સત્ય છે કે વિશ્વાસી નિયમ નીચે નહિ પણ કૃપા નીચે છે.[૧૧૫] પણ તેનો અર્થ એ નથી કે તેઓને નિયમરહિત બનવાનો અધિકાર છે. તેઓ જે સર્વ દંડ અને દોષિતપણા જે સર્વ સામેલ છે તે નિયમ નીચે નથી. પણ તેઓ ખ્રિસ્તના નિયમ નીચે છે,[૧૧૬] તે એ કે તેઓ ખ્રિસ્તના પ્રેમના બંધનથી બંધાયેલા છે અને તેઓ અનિવાર્યપણે એ બાબતો કરવા બંધાયેલા છે જે તેની દૃષ્ટિમાં પ્રસન્નકર્તા છે. આ સંબંધ આ અંતરો સારી રીતે વ્યક્ત કરે છે :

તારા ગુલામ બનવા
બંધનમાં રાખનાર નિયમની શું મને જરૂર છે?
હૃદય મારું છે ગુલામ, આનંદ કરતું
જે ક્યારેય સ્વતંત્રતા ઈચ્છતું નથી.

એ સત્ય છે કે જ્યારે પ્રભુ વ્યક્તિને મુક્ત કરે છે ત્યારે જ વ્યક્તિ ચોક્કસ મુક્ત થાય છે.[૧૧૭] પણ તેનો અર્થ એ નથી કે પાપ કરવાની સ્વતંત્રતા છે. સ્વતંત્રતા પરવાનો નથી. વિમાન ચાલકને આકાશમાં વિહરવાની સ્વતંત્રતા છે પણ જો તેણે સુરક્ષિત પોતાના મુકામે પહોંચવું હોય તો મુકરર કરેલ ઉડયન માર્ગને અનુસરવું જ પડે. પાઉલે ગલાતિયોને શીખવ્યું (અને સર્વ વિશ્વાસીઓને) "કેમ કે ભાઈઓ, તમને સ્વતંત્રતા પ્રાપ્ત કરવાને બોલાવેલા હતાં, માત્ર એટલું જ કે તે સ્વતંત્રતા શારીરિક વિષયભોગને અર્થે ન વાપરો..."[૧૧૮]

જોનમેકઆર્થર સારી રીતે કહે છે :

*નિયમથી સ્વતંત્રતાનો અર્થ છે પાપના બંધનમાંથી સ્વતંત્રતા અને નિયમના દંડમાંથી સ્વતંત્રતા - નૈતિક અંકુશમાંથી સ્વતંત્રતા નહિ કૃપાનો અર્થ એવો નથી કે આપણને મન ફાવે તે કરી શકવાની પરવાનગી છે, તેનો અર્થ છે કે દેવને જે પ્રસન્ન કરે છે તે કરવાનું આપણને સામર્થ્ય છે, કેવળ સલાહ છે કે દેવની કૃપા આપણને જો પાપ કરવાની પરવાનગી આપતી હોય તે તેમાં છે કે સ્વ-વિરોધ કેમ કે કૃપાનો હેતુ જ એ છે કે તે આપણને પાપથી મુક્ત કરે. ત્યારે આપણે જેઓ કૃપાના મેળવનારા છીએ તેઓ કેવી રીતે પાપમાં ચાલુ રહી શકે?*[૧૧૯]

લોકો કેમ બેદરકાર જીવવા માટે ઢોંગ કરવા કૃપાનો ઉપયોગ કરે છે તે એવું હોઈ શકે કે તેઓ ખરી રીતે તારણ પામ્યા નથી. એવા ધાર્મિક લોકોનો વિચાર કરો કે જેઓ માર્દી ગ્રાસ ઉજવે છે. તેઓ મંગળવાર રાત્રી સુધી દારુપીવામાં વ્યભિચારમાં ગૂંથાયેલા રહે છે એ યોજના સાથે કે ભસ્મબુધવારે તેઓ માફી માગે અને લેન્ટના દિવસો સુધી તે પાપોથી દૂર રહે.

બીજા અન્યો વિશે એવું લાગે છે, કે વિશ્વાસીઓ કૃપાના સાચા સિધ્ધાંત વિશે અજાણ હોય એવું લાગે છે કે તેઓ દેવની પવિત્રાઈનું સત્ય સમજતા નથી. અથવા કદાચ પાપ વિશેનો તેમનો વિચાર ખૂબ જ છીછરો લાગે છે. વ્યક્તિ તારણ પામ્યું હોય અને છતાં નબળું શિક્ષણ મળ્યું હોય શકે છે.

અમુક લોકોના પક્ષે ઈરાદાપૂર્વકની અજાણતા છે તેઓ જાણે છે કે તેમની પાસે શાની માગણી છે પણ તેઓ પ્રભુની સંગતથી દૂર છે.

તેઓ પાછા પડેલાની સ્થિતિમાં છે અને તેઓને આત્મવિશ્વાસ છે કે દેવ તેઓના નાના પાપોની પ્રત્યે દુર્લક્ષ સેવશે તેઓને "અપલક્ષણો" કહેવાય...

અથવા ફરીથી તેઓ ધર્મત્યાગી છે. યહુદા આ અવિશ્વાસીઓ વિશે બોલે છે "એવા કેટલાએક માણસો... છે જે આપણા દેવની કૃપાનો વિષયાશક્તિમાં દુરુપયોગ કરે છે, અને ઈસુ ખ્રિસ્ત જે આપણો એકલો સ્વામી તથા પ્રભુ છે તેનો નકાર કરે છે."[૨૦]

12

# દેવ પવિત્રતા કેવી રીતે ઉત્પન્ન કરે છે

આપણે જોઈ ગયા કે કૃપાથી વિશ્વાસ દ્વારા તારણ છે અને કરણીઓથી  એકદમ વિભક્ત છે પણ સવાલ તો એ રહે છે કે, "જેઓ તારણ પામ્યા છે તેઓના જીવનોમાં પવિત્રતા કેવી રીતે પ્રાપ્ત કરાય છે ?" જ્યારે વ્યક્તિ વિશ્વાસી બને ત્યારે તેના જીવનમાં બદલાણ આવવું જોઈએ. સવાલ એ છે કે "આ બદલાણ પૂર્ણ કરવા તેની પ્રક્રિયા શું છે?"

ખરી રીતે માત્ર બે કલ્પનીય માંગો છે કાં તો નિયમ દ્વારા અથવા કૃપા દ્વારા. લોકો સ્વર્ગ સુધી પહોંચવા માત્ર આ બે જ માર્ગોની આશા રાખે છે, તેથી માત્ર આ બે માર્ગો છે જેનાથી તેઓ જીવનમાં પવિત્રતા ઉત્પન્ન કરવાની આશા રાખે છે.

સૌથી સ્વાભાવિક અને માનવીય માર્ગ એ છે કે લોકોને નિયમ

નીચે મૂકવા. તેઓને આ કરો અને આ ના કરો, નિતિનિયમોના બાંધા આપવા તેમને કહો કે તમે તમારા પોતાના સામર્થ્યથી આ નિયમો પાળવા જોઈએ. અને નિયમમાં દાંત હોવાને લીધે તેઓને જણાવો કે જો તમે આધીન થતા નથી તો તમે પોતાનું તારણ ખોઈ દેશો. આ ચોક્કસપણે કારણદર્શક અને તાર્કિક રીતે પવિત્ર જીવન જીવવાનો માર્ગ ચોક્કસપણે લાગે છે અન્યથા લોકો બહાર જશે અને સર્વ પ્રકારના પાપમય વર્તનમાં લાગી જશે આ એટલે જ દલીલ છે.

નિયમ સાથે સમસ્યા એ છે કે તે પવિત્રતાનો રાજમાર્ગ છે તે કામ કરતું નથી. લોકો પોતાના પ્રયત્નોથી પવિત્ર જીવન જીવવાને સમર્થ નથી જેથી તેઓ પોતાને પ્રથમ સ્થાને બચાવી લેશે. પાઉલનો કહેવાનો અર્થ એ જ છે જ્યારે તે ગલાતીઓને પૂછે છે કે "આત્મા વડે આરંભ કરીને શું હવે દેહ વડે સંપૂર્ણ થાઓ છો?"[૨૧] નિયમ લોકોને શું કરવું તે કહે છે પણ તે કરવાને તે સામર્થ્ય પૂરું પાડતું નથી, અને ભંગ કરનારને તે દોષિત ઠરાવે છે. પવિત્રતામાં દોરવાને બદલે નિયમની વિરુધ્ધ અસર થાય છે. જેમ મનાઈ ફરમાવેલ ફળ ગળ્યું લાગે છે, તેમ જ્યારે વ્યક્તિને કહેવામાં આવે કે અમુક બાબતો ન કરવી તો તેના પતિત સ્વભાવમાં તે કરવાની ઈચ્છાને જાગૃત કરે છે. તે જો કંઈ કરી શકે તો તે છે કે તે પાપને પ્રગટ કરે છે અને ઉલ્લંઘનોને શિક્ષા કરે છે.

દેવની પધ્ધતિ છે કે તે કૃપા દ્વારા પવિત્રતા ઉત્પન્ન કરે છે, મને સમજાવવા દો. દેવ સંદર્ભમાં કહે છે, જુઓ મેં તમને મારી કૃપાથી તાર્યા છે. હવે તારનારના પ્રેમ થકી ઉત્તેજીત થઈને બહાર જાઓ એવું જીવન જીવો કે જે તમારા વ્યવસાયની સુમેળતામાં હોય. નોંધમાં લો કે કૃપા નીચે પવિત્ર જીવન જીવવા, પ્રેમ એ ઉત્તેજન છે. લોકો શિક્ષાના

ભયથી જે ક્યારેય કરી શકતા નથી તે તેઓ પ્રેમ થકી કરશે. પ્રભુ પ્રત્યેના પ્રેમથી પવિત્ર જીવન ઉત્પન્ન થશે, જે ભય ક્યારેય કરતું નથી.

ખ્રિસ્તના કાર્યના આધારે વિશ્વાસીને દેવની સમક્ષ ઊભા રહેવા કૃપા સંપૂર્ણ સ્થિરતા આપે છે. પછી વિશ્વાસીને આ સ્થિરતા યોગ્યતાથી ચાલવાનું કહે છે. બીજા શબ્દોમાં તેની સ્થિરતા પ્રમાણે તેનો વધતો સહકાર હોવો જોઈએ. તેનું આચરણ વધુને વધુ તેના પદ પ્રમાણે થતું હોવું જોઈએ. તેને દેવના પુત્ર તરીકે બોલાવવામાં આવે છે અને તેણે રાજવીય કુટુંબના સભ્ય તરીકે ચાલવું જોઈએ. જે.એફ. સ્ટ્રોમબેક કહે છે, "દેવ, પ્રથમ કૃપામાં જે કંઈ કર્યું છે તે સ્મરણ કરાવે છે. પછી તેના આધારે તે આજીજી કરે છે કે તેણે જે કર્યું છે તેની સુમેળતામાં જીવન બને."[૨૨]

દેવના બાળકનું સ્થાન તે ખ્રિસ્તમાં શું છે તે છે. એ શબ્દ "ખ્રિસ્તમાં" તેનું દેવની આગળનું સ્થાન સમજવાની ચાવી છે. આવી રીતે દેવ તેને જુએ છે કારણ કે તેણે પ્રભુ ઈસુને પોતાના તારનાર તરીકે સ્વીકાર્યા છે. તે રોજીંદા જીવનમાં જે છે તે તેનું આચરણ છે.

સંજોગોવસાત, વિશ્વાસી સ્થિતિ ક્યારેય આ જીવનમાં પોતાની સ્થિરતા માટે સંપૂર્ણપણે સહકાર આપતી નથી. પણ તે વધુને વધુ તે દિશામાં આગળ વધે છે. જ્યારે તે ખ્રિસ્ત સાથે સ્વર્ગમાં મહિમાવંત થશે, તેનું આચરણ સંપૂર્ણ થશે. પણ જો અહિંયા નીચે મોટી વૃધ્ધિ કરવામાં આવે તો દેવને તે વધુ મહિમાવંત કરે છે.

અમુક વિશેષણો જે સ્થાનનું વર્ણન કરે છે તે : પુર્નજીવીત, માફી, સમાધાન, ઉધ્ધાર, સ્વીકાર, પૂરેપૂરું, સંપૂર્ણ, ન્યાયી, શુધ્ધ અને મહિમાવંત.

અમુક ક્રિયાપદો જે આચરણોનું વર્ણન કરે છે તે : હોવું, કરો, ચાલો, હાજર, બલિદાન, આપવું, ગણતરી, ઊભા રહો, કરવું, દૂર કરવું, પહેરવું, કરો જ, જવા દો અને ઝંખવું.

દેવની પધ્ધતિ છે કે પોતાની સામે વિશ્વાસીને સંપૂર્ણ સ્થાન આપવું, પછી તેની સુમેળતામાં તેને ચાલતા શીખવવું. આ નિયમની એકદમ વિરુધ્ધ છે પછીથી કહેવામાં આવ્યું છે, "જો તમે ચોક્કસ સ્થિતિએ પહોંચો છો તો તમે સ્થિરતા પ્રાપ્ત કરશો." ચોક્કસ અશક્ય છે. તે કરી ન શકાય. કૃપા કહે છે, "હું તમને મફત ભેટ તરીકે સ્થાન આપું છું. હવે તેની યોગ્યતાએ ચાલો" આ આપણામાં વસતા પવિત્રઆત્માના સામર્થ્ય દ્વારા કરી શકાય છે.

વિધુરને ઘર દેખભાળ તથા બાળકોની દેખભાળ કરવા બહેનને પગારે રાખી કદાચ તેના વિશે તમે સાંભળ્યું હશે. તેણે ફ્રીજના દરવાજા ઉપર અમુક નિયમો લખી ચોટાડયાં, અને તેને સ્પષ્ટ રીતે જાણ કરી કે આ તેની જવાબદારીઓ છે.

પછી તે યોજના સારી ચાલવા લાગી તે માણસ તે સુંદર સ્ત્રીના પ્રેમમાં પડયો અને તેઓએ લગ્ન કર્યા કે તરત જ તેણે ફ્રીજ પરથી નિયમની સૂચિ ઉતારી દીધી. તેણીએ કામ ચાલુ રાખ્યું તે વધુ અને વધુ શ્રેષ્ઠ રીતે કરતી હતી પણ હવે તે પ્રેમને લીધે કરતી હતી તે નોકરી છૂટી જવાના ભયથી કરતી હોય તે પ્રમાણે નહિ.

કૃપા એ પવિત્ર જીવન માટે સૌથી મજબૂત શક્ય ઉત્તેજન છે તે જ્યારે સમજીએ છીએ તો આ રીતે તેના વિશે વિચારવું જોઈએ!

ઈસુ ખ્રિસ્તે પોતાના બલિદાન દ્વારા વિશ્વાસીઓના પાપ દૂર

કરવા પોતે મરણ પામ્યો શું તેઓ ફરીથી તેને વધસ્તંભે જડવા માગે છે?

તેણે પોતે સાબિત કર્યું છે કે તે પોતાના લોકોનો પ્રિય મિત્ર છે તો શું તેઓ જે કંઈ બોલે છે અથવા કરે છે તેમાં તેને પ્રસન્ન કરવાનો ધ્યેય બનાવવો ન જોઈએ?

જ્યારે તે મરણ પામ્યો ત્યારે તેમના પ્રતિનિધિ તરીકે મરણ પામ્યો. જ્યારે તે મરણ પામ્યો ત્યારે તેઓ મરણ પામ્યા. પદસ્થાને તેઓ પાપ પ્રત્યે મરી ગયા. આચરણમાં તેઓએ પોતા વિશે ગણતરીમાં લેવું જોઈએ કે તેઓ પાપ સંબંધી મરી ગયેલા છે. પાઉલ આ મુદ્દે રોમન ૬માં દલીલ કરે છે તે પુછે છે, "ત્યારે આપણે શું કહીએ? કૃપા અધિક થાય માટે શું આપણે પાપ કર્યા કરીએ?"[૨૩] પછી તે રોષ સાથે જવાબ આપે છે, "ના, એવું ન થાઓ, આપણે પાપના સંબંધમાં મૂઆ, તો પછી એમાં કેમ જીવીએ ?"[૨૪]

વ્યક્તિ કૃપા દ્વારા તારણ પામે તે પહેલા તે પાપનો ગુલામ હતો. હવે તે ન્યાયીપણાનો ગુલામ છે તેણે આ પવિત્ર ગુલામી પ્રત્યે પોતાને સોંપી દેવો જોઈએ.

કોઈકે આ રીતે મૂક્યું છે : બલિદાનની મહાનતાથી ઉઠીને પાપની મહાનતા સુધી ઉતરી આવ્યો અને પછી પાપને સદા દૂર કરવા લક્ષમાં લીધું.

જોન બનયને વધુ દૃઢતાથી વ્યક્ત કર્યું : "પાપ એ દેવના ન્યાયનું સાહસ છે, તેની દયાનો બળાત્કાર છે, તેની ધીરજની મશ્કરી છે, તેના પરાક્રમની અવગણના છે અને તેના પ્રેમનો તિરસ્કાર છે."

જે પુલ દેવના લોકોને પાપથી અલગ કરે છે તે ખૂબ મોટી કિંમત ચૂકવીને ખરીદ્યો છે જેથી તેઓ તેની ઉપર ફરીથી પાછા ચાલી શકે.

## યોગ્ય ચાલ શું છે ?

હવે પ્રશ્ન એ છે કે, "હું કેવી રીતે જાણી શકું કે ચાલ યોગ્ય છે?" દેવના વચનોમાંથી વ્યવહારું સલાહસૂચનોમાંથી તેનો જવાબ મળી આવે છે. નવા કરારમાં સોગણી આવી આજ્ઞાઓ છે પણ અહિંયા આપણે તે વચનની સમજૂતી ઉમેરવી જોઈએ જે આજ્ઞાઓ આપી છે તેની સાથે કોઈ દંડ જોડાયેલ નિયમ તરીકે અપાયેલ નથી. તેના કરતા તે ન્યાયીપણા માટેના સલાહસૂચનો છે જે પ્રશ્નના જવાબ આપે છે. કૃપા દ્વારા જે વ્યક્તિ તારણ પામેલ છે તેનું કેવા પ્રકારનું અનુરૂપ વર્તન હોવું જોઈએ ? શાસ્ત્રના એક ભાગમાંથી અહિંયા અમુક ઉદાહરણ મળી આવ્યા છે:[૧૨૫]

"અસત્ય દૂર કરીને દરેક પોતાના પડોશી સાથે સાચું બોલે...."
"ગુસ્સે થાઓ પણ પાપ ન કરો"

"ચોરી કરનારે હવેથી ચોરી ન કરવી પણ તેને બદલે પોતાને હાથે ઉદ્યોગ કરીને સુકૃત્યો કરવાં. જેથી જેને જરૂર છે તેને આપવાને પોતાની પાસે કંઈ હોય"

"તમારા મુખમાંથી કંઈ મલિન વચન ન નીકળે."
"દેવના પવિત્ર આત્માને તમે ખિન્ન ન કરો."
"સર્વ પ્રકારની કડવાશ, ક્રોધ, કોપ, ઘોંઘાટ તથા નિંદા તેમ જ સર્વ પ્રકારની ખુન્નસ તમારામાંથી દૂર કરો."

પણ તમે એકબીજા પ્રત્યે માયાળુ અને કરુણાળું થાઓ, અને જેમ ખ્રિસ્તમાં દેવે પણ તમને માફી બક્ષી તેમ તમે એકબીજાને ક્ષમા કરો.

તેથી આપણે જોઈ શકીએ છીએ કે જે કૃપા તારણ લાવી તે જ શીખવે છે કે, "અધર્મ તથા વિષયવાસનાનો ત્યાગ કરીને હાલના જમાનામાં ઠાવકાઈથી, પ્રમાણિકપણે તથા ભક્તિભાવ રાખીને વર્તવું."[૨૬]

સ્ટ્રોમબેક નિર્દેશ કરે છે કે, "ખ્રિસ્તી વલણનું વર્તમાન નીચું સ્તર એ મુખ્યત્વે કૃપાનાં અધૂરા શિક્ષણને લીધે છે. ઘણા લોકોના ખોટા ખ્યાલો જે કૃપા ઉપર અતિરેક ભાર મૂકવાથી પાપનો પરવાનો બની ચૂકયા છે, પણ જો કૃપાનો પૂરી રીતે પ્રચાર કરવામાં આવે અને સમજવામાં આવે તો તેનો ઝડપથી નિકાલ આવી શકે છે."[૨૭]

13

# આખા માર્ગે કૃપા

શરૂઆતથી અંત સુધી ખ્રિસ્તી જીવન એક કૃપા જ છે. સર્વ કૃપાનો દેવ જેઓ તેને પ્રેમ કરે છે તેના પક્ષમાં પોતાની કૃપા રેડવાનું ક્યારેય બંધ કરતો નથી. એવા સમયો હોય કે તેની દયા સંતાયેલી લાગતી હોય. પણ પાછળ જોતા સ્પષ્ઠ છે કે તે ભલા બનવાનું ક્યારેય વિસરી ગયો નથી.

વિશ્વાસીઓ પોતાના નિભાવના ચમત્કારોમાં તેની દિવ્ય કૃપા જોઈ શકે છે. સર્વ જીવાણુઓ અને ચેપી કિટાણુઓનાં પરિભ્રમણને અને અકસ્માતની અસંખ્ય શક્યતાઓને અને પ્રવાસનાં જોખમોને અને હિંસક માણસોના ખતરાઓને ધ્યાન પર લેતા આશ્ચર્યથી કંઈ ઓછું નથી કે જીવન સરળતાથી ચાલે છે. દોરવણીમાં પ્રભુની કૃપા વિશે વિચારો ઘણા બધા લોકો સલાહ આપે છે અને છતાં તે અસિમિત કાળજી તથા પરિપૂર્ણ આવડત સાથે કરે છે જેથી દરેક કહી શકે :

દયા સાથે અને ન્યાય સાથે

તેણે મારા સમયની જાળ ગૂંથી છે
અને દરેક ગાઈ શકે:
મારા ઈસુએ સર્વ સારા વાના કર્યા છે

એક સમય હોય છે કે સફર પથરહિત અરણ્યામાં થઈને જાય છે, બીજા સમયે ખીણના જેવું લાગે છે. છતાં જીવનના સર્વ પ્રકરણમાં તે "મધુર, અથાક, કાળજી સાથે ટોળાને દોરે છે જેના માટે તેણે રક્ત વહેવડાવ્યું."

અને પૂરવઠો પૂરો પાડવામાં તેની કૃપા છે. ઉદાર દેવ પોતાના પ્રિયજનોની સર્વ જરૂરતો ખ્રિસ્ત ઈસુની મહિમાની અખૂટ સંપત પ્રમાણે પૂરી પાડે છે. તે ઉત્તમ ઘઉંથી ને ખડકમાંના મધથી તેમનું પોષણ કરે છે[૧૨૮] અને યોગ્ય સમયે તેમને અન્ન પૂરું પાડે છે.

તેનો પરવઠો પોતામાં પ્રગટ કરે છે કે તે પરિસ્થિતિઓ પર અને તેના સમય પર અને ઘટનાઓની શ્રેણી પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવે છે. તે પોતાની કૃપામાં બાંહેધરી આપે છે કે કશું અકાળે બનતું નથી. પણ તેના બદલે પોતાની ઉપર પ્રેમ કરનાર માટે સર્વ સારા વાના કરવાને તે કાર્ય કરે છે. કારણ કે તેના બાળકો તેની આંખની કીકી છે, તે વચન આપે છે કે તેમની વિરુધ્દ કામ કરનાર હથિયાર આજ સુધી બન્યું નથી, અને તેમની વિરુધ્દ ઉઠનાર દરેક જીભ દોષિત ઠરાવાશે.[૧૨૯] તે દુર્ઉની દુર્ઉતાને પોતાના મહિમા માટે અને પોતાના લોકના હિત માટે ઊંધી વાળે છે.

તેની માફી કરતા તેની કૃપા ક્યારેય વધુ ઉજાસ સાથે પ્રકાશિત થતી નથી, તેના ઘેરાવાનું કોઈ માપ કાઢી શકતું નથી. રાજા કે જેને દાઉદ તરીકે બોલાવાય છે તેના કિસ્સા વિશે વિચારો. પ્રથમ તેણે બાથશેબા સાથે વ્યભિચાર કર્યો એવા સમયે તેનો પતિ ઊરીયા લડાઈના

મેદાનમાં હતો. જ્યારે દાઉદે પોતાના વિશ્વાસુ સેનાપતિને યુધ્ધના મેદાનમાં મોકલ્યો ત્યારે તેણે એવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું કે ઊરિયા આવનાર બાળકનો પિતા લાગે આવું કરવામાં નિષ્ફળ જતાં તેણે વ્યૂહરચના બદલીને આયોજન કર્યું કે ઊરિયા દુશ્મનોના આક્રમણનો સીધેસીધો શિકાર થઈ જાય અને ત્યાં તેના મૃત્યુની ખાતરીના સમાચાર મળ્યા. રાજાની અનૈતિકતા અને વિશ્વાસઘાત એક મહાનરાજા તરીકે તિરસ્કૃત અને અયોગ્ય હતા. છતાં તેણે પસ્તાવો કર્યો અને તેણે મુક્ત કરનાર શબ્દો સાંભળ્યા, "યહોવાએ..... તારું પાપ માફ કર્યું છે." આ દૈવિય પ્રકારની માફી છે જેણે સેમ્યુલ ડેવીસને લખવા દોર્યો :

અજાયબીઓનો મહાન ઈશ્વર! સર્વ માર્ગો તારા
પ્રગટ કરે દિવ્ય લક્ષણો તારા
અન્ય અજાયબીઓ ઉપર પ્રકાશિત તારી
પણ મહિમાઓની કૃપા ઉજાસીત તારી
એવા ભયંકર ઉલ્લંઘનો માફ કરવા
એવા દોષિત નાશવંત કિડાને બચાવવા
સમૃધ્ધ તથા મફત કૃપા કોની પાસે છે?
તારા જેવો માફી આપનાર ઈશ્વર કોણ છે ?

આ છે તારો વિશેષાધિકાર ભવ્ય
આ માન ન કોઈથી વહેંચાય
સમૃધ્ધ તથા મફત કૃપા કોની પાસે છે ?
તારા જેવો માફી આપનાર ઈશ્વર કોણ છે?

આપણો દેવ પોતાના લોકને જરૂરતના દરેક સમયમાં નિભાવી રાખનાર કૃપા આપે છે. વિશ્વાસીઓ શાંતિને જાણી શકે છે જે સંપૂર્ણપણે તેમના સ્રોતો બહાર હોય છે. બિમારીમાં તેઓ જે અનંત હાથો નીચે

છે માત્ર તેના તરફથી સામર્થ્યનો અનુભવ કરે છે. શહિદો ગોળીઓ અને ધડાકાઓનો સામનો કરવા બીજી દુનિયાથી હિંમત પ્રાપ્ત કરે છે. અને દેવ પોતાના લોકને મરણકારક કૃપા આપે છે. જ્યારે પૃથ્વી પર તેમનું કાર્ય પૂર્ણ થાય છે પણ ત્યાં સુધી તેમને તે કૃપા મળતી નથી.

સૌથી મહાન કૃપાનું પ્રદર્શન ત્યારે હતું જ્યારે સૌથી અસિમિત ગણતરી બહાર ધનવાન અતિ માપ વગર ગરીબ બન્યો હતો જેથી અયોગ્ય પાપીઓને કલ્પના બહાર અતિધનવાન બનાવી શકે.

તે અવાચ્ય કૃપા હતી જ્યારે કાલવરી પરથી તેણે પ્રાર્થના કરી, "હે બાપ, તેઓને માફ કર, કેમ કે તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યાં છે."[૧૩૦]

એ દૈવિય કૃપા હતી જેણે દેવને લાગણીવશ કર્યો કે તે એ શહેર પર પવિત્ર આત્મા મોકલે જ્યાં તેનો પુત્ર અવતર્યો હતો અને થોડાક જ સમય પહેલા તેને મારી નાખવામાં આવ્યો હતો.

દેવ અજોડ કૃપાનો વિતરક હોવાને કારણે ગીતકર્તા સર્વોત્તમ ઉતરતા વિધાન સાથે કહી શકે છે કે, હે ઈશ્વર તારા વિચારો.... (પોતાના લોક માટે) તેઓની સંખ્યા કેટલી બધી મોટી છે.... તેઓ રેતીના કણ કરતાં વધારે છે,[૧૩૧] અને તારું વિશ્વાસુપણું વાદળાં સુધી છે,[૧૩૨] વિશ્વાસીઓએ કેટલા ખુશ થવું જોઈએ કે તેણે આપણા પાપ પ્રમાણે આપણી સાથે વર્ત્યો નથી આપણા અન્યાયના પ્રમાણમાં તેણે આપણને બદલો વાળ્યો નથી.[૧૩૩] "તેની દયા અખૂટ છે તે દર સવારે નવી થાય છે."[૧૩૪]

સ્વાભાવિક જીવનથી આત્મિક જીવન સુધી ત્યાંથી અનંતજીવન સુધી અસિમિત કૃપા છે. અને તે તો સદાને સદાકાળ સ્તુતિનો વિષય હશે.

# 14

# હવે પુનઃદ્રષ્ટિ કરીએ

હવે ચાલો આપણે દેવની કૃપાની મહત્તા પરનાં આપણાં ચિંતન વિશે ઝાંખી પર પુનઃદ્રષ્ટિ કરીએ.

પ્રથમ પ્રશ્ન આપણે જે બતાવ્યો તે આ છે. તારણની યોજના ઘડવામાં દેવ કેવી રીતે પવિત્ર અને ન્યાયી છે, પાપીઓને માફ કરીને એવું કરવા દ્વારા કેવી રીતે ન્યાયી રહે છે.

એક જ શબ્દ અવેજમાં જવાબ રહેલો છે. દેવ પોતાનો અનોખો દીકરો પ્રભુ ઈસુ ખ્રિસ્ત મોકલ્યો જેથી પાપીઓની માટે કાલવરીના વધસ્તંભ ઉપર એક અવેજ તરીકે મરણ પામે. તેણે દંડ પૂરેપૂરો ચૂકવ્યો અને હવે જેઓ તેનામાં વિશ્વાસ કરે છે તેઓને અનંતજીવન મફત ભેટ તરીકે આપે છે.

આ ચોખ્ખી કૃપા છે - દેવની અનુચિત દયા દ્રર્ઉિં તેઓની ઉપર જેઓ તેની વિરુધ્ધની બાબત માટે લાયક હતા. એ કૃપાની પ્રશંસા કરવા આપણને ભાન થવું જોઈએ કે ઈસુ કોણ છે, તેણે શું કર્યું છે,

કોણ છે જેની માટે એ કરવામાં આવ્યું છે, અને જેઓ વિશ્વાસથી તેને ગ્રહણ કરે છે તેઓની ઉપર આશીર્વાદ વહે છે.

પૃથ્વીમાં તેના સિવાય માત્ર એક જ ધર્મ છે તેને બીજી સુવાર્તા કહે છે પણ તે તો જરાય સારા સમાચાર નથી. તે શીખવે છે કે લોકો પોતાની ભલાઈ અને સિધ્દ્દિઓથી સ્વર્ગમાં પહોંચશે. તે સૌથી પ્રચલિત ધર્મ છે કારણ કે તે માનવીય ગર્વને છાવરે છે. તેના ભવ્ય દાવા હોવા છતાં, તે તારણની કોઈ ખાતરી આપતું નથી, સુરક્ષા રજૂ કરતું નથી અને અનંતજીવન આપતું નથી. આખરે તે નર્કમાં દોરી જાય છે.

જેઓ કૃપાથી તારણ પામ્યા છે તેઓ સર્વ માન પ્રભુ ઈસુને આપે છે જેઓ કરણીઓ દ્વારા તારણમાં વિશ્વાસ કરે છે તેઓ પોતાના મહિમાનો દાવો કરે છે અથવા તો તેમાનું થોડું દાવો કરે છે આવી રીતે તમે કહી શકો કે વ્યક્તિ સ્વર્ગ માટે પોતાનો આધાર શાની ઉપર રાખે છે.

જ્યારે આપણે કહીએ કે કરણીઓ દ્વારા તારણ નથી તો તેનો અર્થ એ નથી કે આપણે સારી કરણીઓનો વિરોધ કરીએ છીએ આપણે વિરોધ કરતા નથી આપણે જે ભારપૂર્વક દર્શાવવા માગીએ છીએ કે કરણીઓ તારણનું મૂળ નથી પણ તેનું ફળ છે આપણે સારી કરણીઓ દ્વારા તારણ પામ્યા નથી પણ તે માટે તારવામાં આવ્યા છે. તે પ્રયાસ કરીને પ્રાપ્ત કરવાનું કારણ નથી પણ પરિણામ છે, પ્રારંભ નથી પણ ફળ છે.

સ્વાભાવિક રીતે પ્રશ્ન ઉદ્‌ભવે, “જો વ્યક્તિ તારણ પામ્યા પછી પાપ કરે તો શું તે પોતાનું તારણ ખોઈ બેસે છે ?” શાસ્ત્રની સુમેળ સાક્ષી અને કૃપાની સાચી પ્રકૃતિને જવાબ માટે જરૂર છે ભારપૂર્વકનું, ના. પાપ સંગત તોડે છે સંબંધ નહિ. સંગત પાતળી દોરી છે જ્યારે

સંબંધ અતૂટ સાંકળ છે. વિશ્વાસી જેવો પોતાના પાપ કબૂલ કરે છે તેને માફ કરવામાં આવે છે અને પ્રભુ સાથેની સંગત પુનઃસ્થાપિત થાય છે.

જેઓ વિશ્વાસી તરીકે પોતાને જાહેર કરે છે તેમાના દરેક ખરી રીતે તારણ પામ્યા હોતા નથી. જો કોઈના જીવનમાં પાપ અંકુશીત કરનાર સામર્થ્ય છે, કદાચ તે અથવા તેણી પાપમાં જીવે છે, તો તે વ્યક્તિના બદલાણ ઉપર શંકા કરવી એ સારું કારણ છે. તે જાહેર કરનાર હોઈ શકે પણ મેળવનાર નહિ. જ્યારે ખ્રિસ્ત જીવનમાં આવે છે ત્યારે તે ફેરફારો કરે છે.

જેઓ કૃપાની સુવાર્તાનો વિરોધ કરે છે કે અતિ સસ્તી છે તો તેમને સ્મરણ કરાવવું પર્યાપ્ત છે કે જે ભેટ આપે છે તે જ તેની કિંમત ચૂકવે છે જે મેળવે છે તે ચૂકવતો નથી. તે ભેટની પ્રકૃતિમાં છે કે દાતાએ કિંમત ચૂકવવી મેળવનારે નહિ. દેવે દાતા તરીકે અતિ મોટી કિંમત ચૂકવી છે જેથી તે મફત ભેટ તરીકે અનંત જીવન આપી શકે.

સર્વ સારા વાનાની જેમ કૃપાનો પણ દુરુપયોગ થઈ શકે છે. લોકો ભોગવિલાસ અને દુઉંતા કરવાના બહાના તરીકે તેનો ઉપયોગ કરી શકે છે. પણ આવા બધા કિસ્સામાં સમસ્યા વ્યક્તિમાં રહેલી છે કૃપાના સિધ્ધાંતમાં નથી.

પવિત્ર જીવન જીવવા સૌથી મજબૂત ઉત્તેજન નિયમ નહિ પણ કૃપા છે. નિયમ કાર્યસિધ્ધિની માંગ કરે છે. અને નિષ્ફળતા માટે શિક્ષાની ધમકી આપે છે. કૃપા ખ્રિસ્તે શું કર્યું છે તે કહે છે અને સહકારમાં પવિત્રતાના જીવન માટે આજીજી કરે છે. કૃપાનો દેવ વિશ્વાસીને પોતાની સમક્ષ સંપૂર્ણ દયાદ્રઉિંના સ્થાન પર મૂકે છે, પછી

તે સ્થાનસ્થિતિની સુમેળતામાં જીવન જીવવા તેડે છે. નવા કરારનાં વિસ્તૃત સલાહસૂચન સ્પષ્ટપણે વર્ણવે છે કે યોગ્ય ચાલ શું છે.

દેવના બાળકનું જીવન શરૂઆતથી અંત સુધી દિવ્ય કૃપા પ્રદર્શિત કરતું હોય છે. એ દેવનું પ્રકટીકરણ છે, જેને માણસનું કંઈ દેવું નથી, તે માણસ ઉપર અકલ્પિય આશીર્વાદો રેડી દે છે. એ તો પ્રભુની વાર્તા છે જે પોતાનું સર્વોત્તમ આપી દે છે એવાઓ માટે કે જેઓ તેને લાયક નથી પણ તેની શિક્ષાને લાયક છે.

દેવ હાલ પણ એવા પુરુષ અને સ્ત્રીઓને શોધી રહ્યો છે કે જેમને તે પોતાની અજબ કૃપા દેખાડે. માનવીય બેધ્યાનપણા, વિમુખતા અને નકારની અવરોધરહિત સદીઓ દ્વારા સર્વ કૃપાનો દેવ ખોવાયેલા ઘેટાંઓને શોધતા હાલ પણ શુભ સમાચાર મોકલી રહ્યો છે. તે એવા લોકોને શોધી રહ્યો છે જેઓ કબૂલ કરે કે તેઓ પોતે દોષિત છે, પોતાના પ્રયત્નો દ્વારા પોતાને બચાવવાનું મૂકી દેશે અને જે ઈસુને પ્રભુ તથા તારનાર તરીકે માનશે. તે પણ પેલા જેટલું જ સરળ છે.

અને આ યાદ રાખો! જ્યાં કંઈ દેવને પ્રભુ ઈસુમાં સાચો વિશ્વાસનો ઝબકારો મળી આવે છે, ત્યારે તે વ્યક્તિને તે ન્યાયી તરીકે ગણતરીમાં લે છે. જેમ એ.એચ. આયર્નસાઈડે કહ્યું, "દેવ વ્યક્તિ વિશે અને પોતાના પુત્રના કાર્ય વિશે એટલું બધુ વિચારે છે કે તે દરેકને સ્વર્ગમાં લેશે જેઓ તેને ત્યાં આવવા માટેનું નાનામાં નાનું બહાનું આપે છે. કેવી અજોડ કૃપા."[૩૫]

છેલ્લુ પ્રકરણ લખવામાં આવ્યું નથી. અનંતતા સુધી દેવ પોતાની કૃપાની અધિક સંપત પોતાની ભલાઈમાં આપણા પર ખ્રિસ્ત ઈસુમાં પ્રગટ કર્યા કરશે. તે તેના તારણની અદ્ભૂત યોજનાને અનંત રીતે

ખુલ્લી કરવાનું છે તેના અર્થે તેણે પોતાના પુત્રને આ પાપના જંગલમાં ખોવાયેલાને શોધવા અને તારવાને મોકલ્યો. અને સર્વ આશીર્વાદો આપણી પાસે કાલવરી પરના અદ્‌ભૂત કાર્ય દ્વારા આવે છે!

બાઈબલ કૃપાની નોંધ સાથે પૂર્ણ કરે છે અને આપણે પણ તેમ કરીશું:
"પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા તમ સર્વની સાથે હો. આમીન"

## મારું આશ્રય સ્થાન

પ્રણામ, સર્વોપરી પ્રેમ, જે પ્રથમ શરૂ થયો
પતિત માનવને છોડાવવાની યોજના !
પ્રણામ, અજોડ, મફત, અનંત કૃપા
જેણે મારા આત્માને આપ્યું આશ્રય સ્થાન

દેવન વિરુધ્દ જેણે પોતાનું આકાશ પ્રસાર્યું
હાથ ઊંચા કરીને લડ્યો હું સામે
તેની કૃપાનો તિરસ્કાર વર્ણવતા
અતિ ગર્વથી શોધ્યું આશ્રય સ્થાન

ગાઢ મિસરી રાતમાં ઘેરાયેલ,
પ્રકાશ કરતા વધુ અંધકારનો ચાહક,
ઘેલાઈ સાથે પાપમય દોડ હું દોડ્યો
સુરક્ષા વિનાનું આશ્રય સ્થાન.

પણ આવી અનંત સલાહ આવી
સર્વસમર્થ પ્રેમે માણસને લીધો પકડી
નિરાશાના બાણ મેં અનુભવ્યા
શોધ્યું મારી પાસે નથી આશ્રય સ્થાન

રોષભર્યો ન્યાયાધીશ દ્રષ્ટિ આગળ
સિનાઈના બળતા પર્વત પર હું ઊડી ગયો
પણ ન્યાયાધીશે નારાજ મુખે પોકાર કર્યો
આ પર્વત નથી આશ્રય સ્થાન

હમણાં જ મેં સ્વર્ગીય અવાજ સાંભળ્યો
અને દયાનો દૂત તુરંત પ્રગટયો
તેણે ખુશાલ મુખ સાથે મને દોર્યો
ઈસુ પાસે જે છે આશ્રય સ્થાન

જેની ઉપર સર્વસમર્થનું પડયુ વેર આવી
જેણે પૃથ્વીને નર્ક સુધી ડુબાવી
તેણે પાપમય દોડને પોતે સહી
એમ બન્યો તેમનો આશ્રય સ્થાન

સાતગણી વાવાઝોડાની ગર્જના આવે
અને પૃથ્વીગોળાને ધ્રુવથી ધ્રુવ ધ્રૂજાવે
કોઈ મેઘગર્જના ભયભીત મારા મુખને નહિ કરશે
કેમ કે ઈસુ છે મારો આશ્રય સ્થાન

વધુ થોડા સૂર્ય આથમતા
સ્વચ્છ કનાનનાં કિનારે ગીત ગાઉ
અને જોઉં મારું મહિમાવંત આશ્રય સ્થાન

મેજર જોન આન્દ્રે આ અંતરા સાથે હતો જ્યારે તેની ધરપકડ ૨૩ સપ્ટેમ્બર ૧૭૮૦ માં થઈ હતી. તે જાણી શકાયું નથી કે તેણે અથવા બીજા કોઈકે આ લખ્યું છે.

# અંતિમ નોંધ

# અંતિમનોંધ

**પ્રકરણ ૨**

૧. ૧ તિમોથી ૨:૫
૨. યોહાન ૧:૧
૩. ૨ કરિંથી ૯:૨૧, ૧ પિતર ૨:૨૨, ૧ યોહાન ૩:૫
૪. ૧ યોહાન ૧:૭
૫. ગીતશાસ્ત્ર ૪૦:૮, હિબ્રૂ ૧૨:૨
૬. યશાયા ૫૩: ૪-૬
૭. યોહાન ૧:૨૯
૮. ગલાતી ૨:૨૦
૯. ૧ પિતર ૨:૨૪
૧૦. ૧ યોહાન ૨:૨
૧૧. યોહાન ૩:૧૬
૧૨. ૧ યોહાન ૨:૨
૧૩. રોમન ૩:૨૩
૧૪. માથ્થી ૧૧:૨૮
૧૫. પ્રકટીકરણ ૨૨:૧૭
૧૬. ચક સ્મીથ, હીસ વર્કમેનશીપ, સર્વન્ટસ ઓફ ધ કિંગ, બ્રોમ્બલે, કેન્ટ, ઈંગ્લેન્ડ. એસટીએલ બુક્સ, ૧૯૮૯, પાના નં. ૧૩૯-૧૪૦.
૧૭. યોહાન ૩:૩૬
૧૮. ગીતશાસ્ત્ર ૮૫:૧૦
૧૯. ધ એપલોસ ઓફ હેવન, ડલાસ, વર્ડ પબ્લીશીંગ, ૧૯૯૦, પાના નં. ૧૭૫-૧૭૬.
૨૦. જોન એફ મેકઆર્થર, જુનિયર, ફેથ વર્ક્સ. વર્ડ પબ્લીશીંગ, ૧૯૯૩, પાના નં.૯૯.
૨૧. ક્વોટેડ ઈન બેપ્ટિસ્ટ બીબ્લીકલ હેરીટેજ, એપ્રિલ ૧૯૯૪. પેજ ૧.

**પ્રકરણ ૩**

૨૨. હિબ્રૂ ૪:૧૦

૨૩. યોહાન ૧:૧૨,૩:૧૫,૧૬,૩:૩૬,૫:૨૪,૬:૪૦,૪૭, ૭:૩૭-૩૮,૧૧:૨૫-૨૬,૨૦:૩૧, પ્રે.કૃ ૧૬:૩૧, રોમન ૧૦:૯, ગલાતી ૩:૨૨-૨૬, એફેસી ૨:૮, ૧યોહાન ૫:૧૦-૧૩

**પ્રકરણ ૪**

૨૪. એફેસી ૨ :૮-૯

૨૫. ગી.શા ૪૦:૧-૩

૨૬. સરપ્રાઈઝડ બાઈ જોય (ન્યુયોર્કઃ હાર્કોટ બ્રાસ જોવાનોવીચ, પબ્લીસર, ૧૯૮૪), પાના નં ૨૨૯

૨૭. માથ્થી ૨૦:૧૬

૨૮. ૧થેસ્સા ૪:૧ આઈ બીસીચ યુ (રોમન ૧૨:૧) એન્ડ ડુ નોટ લેટ (રોમન ૬:૧૨)

**પ્રકરણ ૫**

૨૯. યશાયા ૪૦ :૧૨

૩૦. ક્વોટેડ ઈન બેપ્ટિસ્ટ બીબ્લીકલ હેરીટેજ, એપ્રિલ ૧૯૯૪. પેજ ૧.

૩૧. યર્મિયા ૧૭:૯

૩૨. રોમન ૩:૨૩

૩૩. એફેસી ૨:૨-૩, ૧૨

૩૪. અવર ડેઈલી બ્રેડ, એપ્રિલ ૨૦, ૧૯૯૪

૩૫. ક્વોટેડ ઈન ધ પાવર ઓફ સ્ટોરી, લેફટન ફોર્ડ કોલોરાડો સ્પ્રીંગ્સ નેવ પ્રેસ,૧૯૯૪. પેજ ૧૧૨

૩૬. ધ હાર્ટ ઓફ ધ ગોસ્પલ વીટોન ક્રોસવે, ૧૯૯૧,૧૬૫-૬૬.

૩૭. રોમન ૬:૨૩

૩૮. યોહાન ૧૦:૧૦

૩૯. કલોસ્સી ૧:૨૭

૪૦. એફેસી ૧:૭

૪૧. કલોસ્સી ૨:૧૪

૪૨. ૧ પીટર ૧ : ૧૮

૪૩. એફેસી ૨:૫
૪૪. એફેસી ૧ : ૬
૪૫. કલોસ્સી ૨ : ૧૦
૪૬. યોહાન ૧૭:૨૩
૪૭. રોમન ૫ : ૧
૪૮. હિબ્રૂ ૧૦ : ૧૦
૪૯. હિબ્રૂ ૪: ૧૬-૧૭, રોમન ૮:૩૪, ૧યોહાન ૨ : ૧, યોહાન ૧૪ : ૧૬
૫૦. યોહાન ૧૪ : ૧૬-૧૭
૫૧. ૧કરિંથી ૧૨ : ૧૩
૫૨. એફેસી ૧ : ૧૩
૫૩. એફેસી ૧ : ૧૪
૫૪. ૧યોહાન ૨ : ૨૭
૫૫. એફેસી ૨ : ૧૮
૫૬. હિબ્રૂ ૧૦:૧૯
૫૭. ફિલિપ્પી ૩:૨૦
૫૮. યોહાન ૧ : ૧૨
૫૯. ગલાતી ૪ : ૬
૬૦. રોમન ૮ : ૧૭
૬૧. ૧ પિતર ૨:૫,૯
૬૨. રોમન ૮:૩૭
૬૩. ૧યોહાન ૩:૨
૬૪. એફેસી ૧ : ૩
૬૫. સી.એચ.સ્પર્જન, સર્મન્સ ઓન ધ બુક ઓફ ડેનિયલ, ગ્રાન્ડ રેપીડસ, ઝોન્ડરવન પબ્લીસીંગ હાઉસ, ૧૯૬૬, પેજ ૫૪.
૬૬. પરસુએશન, લંડન : મેકડોનાલ્ડ એન્ડ જેન્સ, ૧૯૭૪, પેજ ૨૭૩.
૬૭. રોમન ૫:૨૦

**પ્રકરણ ૬**

૬૮. નીતિવચન ૧૪:૧૨
૬૯. રોમન ૧૧:૬
૭૦. લુક ૧૮:૧૮

૭૧. રોમન ૩:૨૦,૨૮,૪:૫, ગલાતી ૨:૧૬,૩:૧૦-૧૧, એફેસી ૨:૯, ૨ તિમોથી ૧:૯, તીતસ ૩:૫

૭૨. રોમન ૩:૨૦,૨૮, ૪:૧-૧૨, ગલાતી ૨:૧૬-૧૭, ૩:૧૦-૧૪, એફેસી ૨:૮-૯, ૨ તિમોથી ૧:૯, તીતસ ૩:૫

૭૩. રોમન ૪: ૧૬

૭૪. ગલાતી ૪:૨૮-૩૧

**પ્રકરણ ૭**

૭૫. રૂથ ૨:૧૦

૭૬. ૨ શમુએલ ૭:૧૮

૭૭. ૨ શમુએલ ૯:૮

૭૮. એફેસી ૩:૮-૯

૭૯. ફ્રોમ વિકટોરીયસ ક્રિશ્ચિયન્સ યુ શુડ નો, વોરેન.ડબલ્યુ.વીઅર્સબી (ગ્રાન્ડ રેપીડસ: બેકર બુક હાઉસ, ૧૯૮૪), પેજ ૬૩-૬૪.

૮૦. આર્મેનીયન લોકો તારણ માટે માણસની મુક્ત ઈચ્છા પર ભાર મૂકે છે, જ્યારે કાલ્વીનીસ્ટ લોકો દેવના સર્વસત્તાધારીપણા અને પસંદગી પર ભાર મૂકે છે. બદલાણ બતાવે છે કે બન્ને દ્રષ્ટિકોણ પરસ્પર અવરોધક હોય તે જરૂરી નથી.

**પ્રકરણ ૮**

૮૧. ધ બાઈબલ એક્સપોસીશન કોમેન્ટ્રી, વોલ્યુમ ૨, વીટોન, ૨: વિક્ટર બુક્સ, ૧૯૮૯, પેજ ૮૪.

૮૨. યહુદા ૨૪

**પ્રકરણ ૯**

૮૩. યોહાન ૬:૨૯

૮૪. યશાયા ૬૪:૬

૮૫. યોહાન ૧૨:૨૬, ૧કરંથી ૩:૮, એફેસી ૨:૧૦,૬:૮ તીતસ ૩:૮, હિબ્રૂ ૬:૧૦, પ્રકટીકરણ ૨૨:૧૨

**પ્રકરણ ૧૦**

૮૬. યોહાન ૧૦:૨૭-૨૮

૮૭. રોમન ૧૧:૨૯
૮૮. ૧પિતર ૧:૫, યહુદા ૧,૨૪
૮૯. રોમન ૬:૨૩
૯૦. યોહાન ૧ :૧૨
૯૧. રોમન ૮:૩૦
૯૨. યોહાન ૧૪:૧૬
૯૩. ૨ કરંથી ૧:૨૨, ૫:૫, એફેસી ૧:૧૪
૯૪. ૨ કરંથી ૧:૨૨, એફેસી ૧:૧૩, ૪:૩૦
૯૫. રોમન ૫:૧૦
૯૬. યોહાન ૫:૨૪
૯૭. ૧કરંથી ૧૫:૩
૯૮. યોહાન ૧૯:૩૦
૯૯. રોમન ૮:૩૮-૩૯
૧૦૦. ૧ યોહાન ૧:૬
૧૦૧. ૧યોહાન ૨:૧
૧૦૨. ૧યોહાન ૧:૭
૧૦૩. ગી.શા ૫૧:૧૨
૧૦૪. ગી.શા ૩૨:૪
૧૦૫. ઉત્પત્તિ ૧૯:૧૪
૧૦૬. ૨ શમુએલ ૧૨:૧૪
૧૦૭. ૨તિમોથી ૨:૧૯
૧૦૮. ગી.શા ૬૬:૧૮
૧૦૯. ૧ કરિંથી ૩:૧૫
૧૧૦. ૧ કરિંથી ૧૧:૩૦
૧૧૧. ૧ કરિંથી ૯:૨૭
૧૧૨. ૧ કરિંથી ૧૧:૩૦
૧૧૩. ૧ કરિંથી ૩:૧૫
૧૧૪. નીતિવચનો ૨૮:૧૩

**પ્રકરણ ૧૧**

૧૧૫. રોમન ૬:૧૪

૧૧૬. ૧ કરિંથી ૯:૨૧
૧૧૭. યોહાન ૮:૩૬
૧૧૮. ગલાતી ૫:૧૩
૧૧૯. જોન એફ મેકઆર્થર જુનિયર, ફેઈથ વર્કસ, ડલાસ: વર્ડ પલ્બીસીંગ, ૧૯૯૩, પેજ ૧૨૦
૧૨૦. યહુદા ૪

**પ્રકરણ ૧૨**

૧૨૧. ગલાતી ૩:૩
૧૨૨. જે.એફ.સ્ટ્રોમબેક, ડિસીપ્લીન બાય ગ્રેસ, ગ્રેસ એન્ડ ટ્રુથ, મોલાઈન, ૩:૧૯૪૬, પેજ ૧૦૨
૧૨૩. રોમન ૬:૧
૧૨૪. રોમન ૬:૨
૧૨૫. એફેસી ૪:૨૫-૩૨
૧૨૬. તીતસ ૨:૧૨
૧૨૭. જે.એફ.સ્ટ્રોમબેક, ડિસીપ્લીન બાય ગ્રેસ, પેજ ૨૦

**પ્રકરણ ૧૩**

૧૨૮. ગી.શા. ૮૧:૧૬
૧૨૯. યશાયા ૫૪:૧૭
૧૩૦. લૂક ૨૩:૩૪
૧૩૧. ગી.શા. ૧૩૯ : ૧૭-૧૮
૧૩૨. ગી.શા. ૩૬:૫
૧૩૩. ગી.શા. ૧૦૩ :૧૦
૧૩૪. વિલાપ ૩:૨૨-૨૩

**પ્રકરણ ૧૪**

૧૩૫. આઈ.એચ.એ.આર્યનસાઈડ, ધ લેવીટીકલ ઓફરીંગ્સ, નેપ્ચુન, ન્યુજર્સી: લૂઈઝોક બ્રધર્સ, ૧૯૮૨, પેજ ૬૪
૧૩૬. એફેસી ૨:૭